CMYK

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૮ એપ્રિલ ૨૦૨૫, મંગળવાર
વિક્રમ સંવત ૨૦૮૧, ચૈત્ર સુદ ૧૧

વર્ષ : ૧૬
અંક : ૨૭૫

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# પેટ્રોલ-ડીઝલની એક્સાઈઝ ડ્યુટીમાં રૂા. ૨ નો વધારો

## સરકાર દ્વારા એક્સાઇઝ ડ્યુટીમાં વધારો કરવાની સાથે, સ્પષ્ટ કરાયું છે કે તેની સામાન્ય ગ્રાહકો પર કોઈ અસર નહીં પડે




**। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।**

કેન્દ્ર સરકારે દેશમાં પેટ્રોલ અને ડીઝલ પરની એક્સાઈઝ ડ્યુટીમાં પ્રતિ લિટર રૂ. ૨નો વધારો કર્યો છે. આ નિર્ણયને સરકારની આવક વધારવા અને બજેટરી ખાધને નિયંત્રિત કરવાની વ્યૂહરચનાના ભાગ રૂપે જોવામાં આવી રહ્યો છે. વધેલી એક્સાઈઝ ડ્યુટી લાગુ થતાની સાથે જ ઓઈલ કંપનીઓ આ બોજ ગ્રાહકો પર નાખી શકે છે, જેના કારણે પેટ્રોલ અને ડીઝલના રિટેલ ભાવમાં ટૂંક સમયમાં વધારો જોવા મળી શકે છે. રાહતની વાત એ છે કે સરકાર દ્વારા એક્સાઈઝ ડ્યુટીમાં વધારો કરવાની સાથે, સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે તેની સામાન્ય ગ્રાહકો પર કોઈ અસર નહીં પડે. આંતરરાષ્ટ્રીય તેલ કિંમતોમાં વધઘટ વચ્ચે સરકારે આ નિર્ણય લીધો છે અને આ ફેરફાર આવતીકાલે, ૮ એપ્રિલ ૨૦૨૫ થી અમલમાં આવશે. સરકારે પેટ્રોલ અને ડીઝલ પર એક્સાઈઝ ડ્યુટીમાં વધારો કર્યો હશે, પરંતુ તેણે એ વાતનો ઈનકાર કર્યો છે કે તેનાથી ગ્રાહકો પર અસર થશે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે એક્સાઈઝ ડ્યુટી દરમાં વધારા પછી, પીએસયુ ઓઈલ માર્કેટિંગ કંપનીઓને પેટ્રોલ અને ડીઝલના છૂટક ભાવમાં વધારો ન કરવા કહેવામાં આવ્યું છે. હાલમાં આંતરરાષ્ટ્રીય સ્તરે કાચા તેલની કિંમતોમાં અસ્થિરતા જોવા મળી રહી છે. આવી પરિસ્થિતિમાં, સરકારનું આ પગલું સામાન્ય માણસના ખિસ્સા પર વધુ બોજ લાવી શકે છે, ખાસ કરીને જે લોકો રોજિંદા વાહન દ્વારા મુસાફરી કરે છે અથવા પરિવહન ક્ષેત્ર સાથે જોડાયેલા છે. બીજી તરફ, સરકારનું તર્ક છે કે આ વધારાથી દેશની નાણાકીય સ્થિતિ વધુ મજબૂત થશે અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિત અન્ય વિકાસ યોજનાઓમાં નાણાંનું રોકાણ કરી શકાશે. નિષ્ણાતોનું માનવું છે કે જો આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતો સ્થિર રહે તો તેની અસર મર્યાદિત રહી શકે છે, પરંતુ જો ભાવ વધે તો મોંઘવારી પર પણ તેની અસર જોવા મળી શકે છે. હાલમાં જનતાને ઈંધણના ખર્ચ માટે થોડી વધારાની તૈયારી રાખવી પડી શકે છે. ભારતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ ઘણા પરિબળો પર આધાર રાખે છે, જેમાં કેન્દ્ર સરકાર દ્વારા વસૂલવામાં આવતી એક્સાઈઝ ડ્યુટી અને રાજ્ય સરકારો દ્વારા લગાવવામાં આવતો વેટ (વેલ્યુ એડેડ ટેક્સ) મુખ્ય છે. વર્ષ ૨૦૨૧માં પેટ્રોલ પર એક્સાઈઝ ડ્યુટી ૨૭.૯૦ પ્રતિ લિટર અને ડીઝલ પર ૨૧.૮૦ પ્રતિ લિટર હતી.

### ટૂંક સમયમાં ભાવમાં વધારો જોવા મળી શકે છે

**નવી દિલ્હીમાં પેટ્રોલની કિંમત પ્રતિ લિટર ૯૪.૭૨ છે, જ્યારે મુંબઈમાં તે ૧૦૪.૨૧ પર પહોંચી ગઈ છે. કોલકાતામાં પેટ્રોલનો ભાવ ૧૦૩.૯૪ પ્રતિ લિટર અને ચેન્નાઈમાં ૧૦૦.૭૫ પ્રતિ લિટર છે. ડીઝલના ભાવ પણ આ જ રીતે રાજ્ય પ્રમાણે અલગ-અલગ હોય છે. નવી દિલ્હીમાં ડીઝલની કિંમત ૮૭.૬૨ પ્રતિ લિટર છે, જ્યારે મુંબઈમાં તે ૯૨.૧૫ છે. કોલકાતામાં ડીઝલ ૯૦.૭૬ પ્રતિ લિટર અને ચેન્નાઈમાં ૯૨.૩૪ પ્રતિ લિટરના ભાવે વેચાઈ રહ્યું છે. આમ, કેન્દ્ર સરકારની એક્સાઈઝ ડ્યુટી અને રાજ્ય સરકારોના વેટ તથા સેસના કારણે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં નોંધપાત્ર વધારો જોવા મળે છે.**

## ગેસ સિલિન્ડરના ભાવમાં ૫૦ રૂપિયાનો વધારો કરાયો

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।**

પેટ્રોલ-ડીઝલ બાદ હવે સરકારે એલપીજી ગેસના ભાવોમાં પણ વધારો કર્યો છે. એલપીજી ગેસના ભાવ રૂ. ૫૦ સુધી વધારવામાં આવ્યા હોવાનું કેન્દ્રીય મંત્રી હરદીપ પુરીએ જણાવ્યું છે. સબસિડી વાળા અને સબસિડી વગરના તમામ એલપીજી ગેસ સિલિન્ડર પર નવા ભાવો આવતીકાલે ૮ એપ્રિલ, ૨૦૨૫થી લાગુ થશે. સામાન્ય ગ્રાહકો માટે એલપીજી સિલિન્ડરના ભાવ હવે રૂ. ૮૦૩થી વધી રૂ. ૮૫૩ થશે. જ્યારે ઉજ્જવલા યોજના હેઠળ ૧૪.૨ કિગ્રાના એલપીજી સિલિન્ડરનો ભાવ રૂ. ૫૦૦થી વધી રૂ. ૫૫૦ થશે. નોંધ લેવી કે, રાજ્યવાર એલપીજી ગેસના ભાવો અલગ અલગ છે. અમદાવાદમાં એલપીજી ગેસનો ભાવ હાલ રૂ. ૮૦૦ પ્રતિ ૧૪.૨ કિગ્રા છે. જો નવો ભાવ વધારો લાગુ થાય તો આવતીકાલથી ગૃહણીઓને ગેસ સિલિન્ડર માટે રૂ. ૮૫૦ ચૂકવવા પડશે. પેટ્રોલિયમ અને નેચરલ ગેસના કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ જણાવ્યું કે, એલપીજી ગેસના ભાવોની દર ૧૫ દિવસે સમીક્ષા કરવામાં આવશે. આંતરરાષ્ટ્રીય ભાવોના આધારે તેમાં ફેરફાર કરવામાં આવશે. પેટ્રોલ-ડિઝલ પર પણ એક્સાઈઝ ડ્યૂટી લીટરદીઠ રૂ. ૨ વધારવામાં આવી છે. જો કે, તેનો બોજો સામાન્ય પ્રજા પર નહીં નાખવાનો આદેશ સ્ઝને આપવામાં આવ્યો છે. એક્સાઈઝમાં વૃદ્ધિ પાછળનો ઉદ્દેશ ઓઈલ માર્કેટિંગ કંપનીઓ રૂ. ૪૩૦૦૦ કરોડનું વળતર આપવાનો છે. સ્ઝને ગેસ સેગમેન્ટમાં થયેલા નુકસાનની ભરપાઈ માટે છે. કેન્દ્ર સરકારે આ ભાવ વધારા પહેલાં અગાઉ બે વર્ષ સુધી એલપીજી ગેસના ભાવોમાં ઘટાડો કર્યો હતો.

## ન્યૂઝ બ્રિફ

### ધડાધડ નોટિસ બાદ કુણાલ કામરા બોમ્બે હાઈકોર્ટની શરણે

**। (એજન્સી) મુંબઈ, તા.૭ ।**

સ્ટેન્ડ અપ કોમેડિયન કુણાલ કામરાએ હવે બોમ્બે હાઈકોર્ટનો સંપર્ક કર્યો છે. તેણે હાઈકોર્ટમાં મુંબઈ પોલીસ દ્વારા દાખલ કરવામાં આવેલી એફઆઈઆર રદ કરવાની માંગ કરી છે. સ્ટેન્ડ અપ કોમેડી શો દરમિયાન કુણાલ કામરાએ મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેને 'ગદ્દાર' કહ્યા હતા, જેના કારણે ભારે હોબાળો મચી ગયો હતો. આ અંગે શિવસેના શિંદે જૂથના કાર્યકરોએ હોબાળો મચાવ્યો હતો. બોમ્બે હાઈકોર્ટની વેબસાઈટ અનુસાર, કામરાએ ૫મી એપ્રિલે FIR રદ કરવાની અરજી દાખલ કરી હતી. અરજીમાં કહેવામાં આવ્યું હતું કે તેમની સામે નોંધાયેલ FIR બંધારણ દ્વારા તેમને આપવામાં આવેલા મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન છે. જસ્ટિસ સારંગ વી. કોટવાલ અને જસ્ટિસ શ્રીરામ એમ. મોડકની બેન્ચ ૨૧ એપ્રિલે આ કેસની સુનાવણી કરશે.

### ૧૧૨૯ કરોડની લોન લઈને પૈસા ચાંઉ કરી જનારા પૂર્વ MLA ના ઘરે EDના દરોડા

**। (એજન્સી) લખનઉ, તા.૭ ।**

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) લખનઉ, ગોરખપુર અને મુંબઈમાં સપા નેતા વિનય શંકર તિવારીની ઓફિસ પર દરોડા પાડી રહી છે. આ કાર્યવાહી વિનય શંકર તિવારી સાથે જોડાયેલ ગંગોત્રી એન્ટરપ્રાઈઝ પ્રાઈવેટ લિમિટેડ અને તેની સંબંધિત કંપનીઓની ઓફિસ પર કરવામાં આવી રહી છે. બેંક ઓફ ઈન્ડિયા સહિત ઘણી બેન્કોએ ગંગોત્રી એન્ટરપ્રાઈઝ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી છે અને કાર્યવાહીની માંગ કરી છે. ફરિયાદમાં બેંક લોનનું અન્યત્ર રોકાણ કરીને ગેરરીતિ આચરી હોવાનો આક્ષેપ કરાયો છે. આ મામલામાં સીબીઆઈએ પહેલા કેસ નોંધીને તપાસ શરૂ કરી હતી, ત્યારબાદ હવે ઈડીએ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ કેસ નોંધીને તેની તપાસ તેજ કરી છે. પૂર્વ ધારાસભ્ય વિનય શંકર તિવારી ગંગોત્રી એન્ટરપ્રાઈઝ નામની કંપની ચલાવે છે.

ટ્રમ્પ ટેરિફે વિશ્વભરના શેરબજારોમાં હડકંપ મચાવ્યો

## સેન્સેક્સ ૨,૨૨૬ પોઈન્ટ અથવા ૨.૯૫ ટકા ઘટીને ૭૩,૧૩૭ના સ્તરે બંધ થયો

### સૌથી વધુ ઘટાડો એશિયાઈ શેરબજારોમાં જોવા મળ્યો હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ ૧૩ ટકા સુધી ગગડી ગયો

**। (એજન્સી) મુંબઈ, તા.૭ ।**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ટેરિફે વિશ્વભરના શેરબજારોમાં હડકંપ મચાવી દીધો છે. વોલ સ્ટ્રીટથી લઈને એશિયા અને યુરોપ સુધીના દરેક બજારમાં જબરદસ્ત વેચવાલી જોવા મળી છે. જોકે, આ ચારેકોર ઘટાડાની વચ્ચે પણ ભારતીય શેરબજારે તુલનાત્મક રીતે સારું પ્રદર્શન કર્યું છે. સેન્સેક્સ અને નિફ્ટી બંનેમાં વિશ્વના અન્ય દેશોની સરખામણીએ મર્યાદિત ઘટાડો જોવા મળ્યો છે. સૌથી વધુ ઘટાડો એશિયાઈ શેરબજારોમાં જોવા મળ્યો. આમાં પણ હોંગકોંગનું માર્કેટ ટોપ



પર રહ્યું. હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ ૧૩ ટકા સુધી ગગડી ગયો, જે તાજેતરના વર્ષોમાં આમાં થયેલો સૌથી મોટો ઈન્ટ્રાડે ઘટાડો રહ્યો. તાઈવાનનો બેન્ચમાર્ક ઈન્ડેક્સ ૯.૭ ટકા સુધી ગગડ્યો, જે બાદ તેમાં ટ્રેડિંગ રોકવું પડ્યું. જાપનનો નિક્કેઈ ૨૨૫ ઈન્ડેક્સ ૭.૪ ટકા ગગડીને હવે બેર માર્કેટ ઝોનમાં પ્રવેશી ગયો છે. યુરોપિયન બજારોમાં પણ આવો જ માહોલ રહ્યો. જર્મનીનો ઢછછઠ ઈન્ડેક્સ ખુલતાંની સાથે જ ૧૦ ટકા ગગડી ગયો. જ્યારે ફ્રાન્સનો CAC ૫.૬ ટકા તૂટ્યો અને લંડનનો FTSE ૧૦૦ પણ બપોર સુધી ૪.૭ ટકા નીચે ટ્રેડ કરી રહ્યો હતો. અમેરિકી શેરબજારોના ફ્યુચર્સ પણ દબાણમાં જોવા મળ્યા. ડાઉ ફ્યુચર્સ ૧,૨૦૦ પોઈન્ટ એટલે કે ૩.૩ ટકા નીચે હતા, જ્યારે S&P ૫૦૦ અને નાસ્ડેક ફ્યુચર્સમાં પણ ૪ ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો. આ બધાની વચ્ચે ભારતીય શેરબજારની સ્થિતિ તુલનાત્મક રીતે સારી રહી. સેન્સેક્સ ૨,૨૨૬ પોઈન્ટ અથવા ૨.૯૫ ટકા ઘટીને ૭૩,૧૩૭ના સ્તરે બંધ થયો. જ્યારે નિફ્ટી ૩.૨૪ ટકા તૂટીને ૨૨,૧૬૧ના સ્તરે બંધ થયો. નિષ્ણાતોનું કહેવું છે કે, ભારતની અમેરિકી નિકાસ પર નિર્ભરતા ખૂબ ઓછી છે અને તે જીડીપીના લગભગ બે ટકાની બરાબર છે. આના કારણે ટ્રમ્પ ટેરિફની ભારત પર સીધી અસર મર્યાદિત રહેવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ ઉપરાંત ભારતની ડાયવર્સિફાઈડ ટ્રેડ પોલિસીએ પણ તેને અન્ય એશિયાઈ દેશોની સરખામણીમાં વધારે સુરક્ષિત બનાવ્યું છે.

ટ્રમ્પે કહ્યું અમુક વખત દવા લેવી પડે

## દુનિયાના શેરબજારમાં હાહાકાર છતાંય ડોનાલ્ડ ટ્રમ્પ ટસના મસ નહીં

### અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે વિવિધ દેશો પર ટેરિફ લાદતાં જ વિશ્વભરમાં ટ્રેડવોર અને આર્થિક મંદીનું સંકટ વધ્યું છે

**। વોશિંગ્ટન, તા.૭ ।**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વિવિધ દેશો પર ટેરિફ લાદતાં જ વિશ્વભરમાં ટ્રેડવૉર અને આર્થિક મંદીનું સંકટ વધ્યું છે. વૈશ્વિક શેરબજારો કડડભૂસ થયા છે. તેમ છતાં ટ્રમ્પ ટસના મસ નથી થયાં. તેમણે સ્પષ્ટતા કરી દીધી કે,મને કોઈ ફરક પડતો નથી.ભૂતકાળથી થઈ રહેલા અસંતુલિત વેપારમાં સંતુલન સ્થાપિત કરવા આ કાર્યવાહી જરૂરી છે. ટ્રમ્પની ટેરિફ પોલિસીને લીધે એશિયન શેરબજારો ૧૦ ટકા, યુરોપિયન અને અમેરિકન શેરબજાર ૬ ટકા સુધી તૂટ્યા છે. માર્કેટમાં એક દિવસીય મોટા કડાકા પર સ્પષ્ટતા આપતાં ટ્રમ્પે કહ્યું કે, 'હું નથી ઈચ્છતો કે, કંઈપણ તૂટે, પરંતુ અમુક વખત અમુક વસ્તુઓને ઠીક કરવા માટે દવા (ટેરિફ)ની જરૂર પડે છે. અમેરિકાની વર્ષોથી નુકસાની ભોગવી રહેલી આર્થિક ગતિવિધિઓને ઠીક કરવા માટે ટેરિફ દવાની જેમ કામ કરશે. અન્ય દેશો દ્વારા અમારી સાથે ખૂબ ખરાબ વ્યવહાર કરવામાં આવ્યો, અમારું નેતૃત્વ જ નકામા લોકો કરી રહ્યા હતા, જેઓએ આ બધુ ચાલવા દીધું. પણ હવે નહીં.' ટ્રમ્પે શેરબજારમાં મોટું નુકસાન, આર્થિક મંદી, ફુગાવાની ભીતિની આશંકાઓ પર ટેરિફ મામલે પીછે હટ નહીં કરવાનું એલાન કર્યું છે. તેમણે કહ્યું કે, માર્કેટમાં શુ ચાલી રહ્યું છે, તે કહી શકીશ નહીં. પરંતુ અમારો દેશ મજબૂત છે. અમારી સરકાર વેપાર ખાધને સંબોધિત કરવા પ્રતિબદ્ધ છે. બેઈજિંગ સાથે અમે વાટાઘાટો કરવા તૈયાર છીએ. જેનાથી અસંતુલિત વેપાર મુદ્દાને ઉકેલીશું. અમે મુદ્દો ઉકેલી શકીશું. ટ્રમ્પે યુરોપિયન અને એશિયન દેશો સાથે પણ ટેરિફ મુદ્દે વાટાઘાટો થઈ રહી હોવાનું જણાવ્યું હતું. યુએસ કસ્ટમ એજન્ટ્સે અનેક દેશોમાંથી આયાત થતી તમામ પ્રોડક્ટ્સ પર ૧૦ ટકા યુનિલેટરલ ટેરિફ વસૂલવાની શરૂઆત કરી દીધી હતી. બાદમાં રેસિપ્રોકલ ટેરિફના કારણે ચાર એપ્રિલના રોજ ડાઉ જોન્સ ૫.૫૦ ટકા, નાસડેક ૫.૮૨ ટકા તૂટ્યો હતો. આજે યુરોપિયન બજારોમાં પણ ૬ ટકા સુધીનો કડાકો નોંધાયો હતો. ભારતીય શેરબજારમાં સેન્સેક્સમાં ૪૦૦૦ પોઈન્ટના કડાકા સાથે રોકાણકારોએ ૨૦ લાખ કરોડની મૂડી ગુમાવી છે.

સોનું લગભગ ૭૦૦ રૂપિયા સસ્તું થયું છે

## સોનાના ભાવમાં ફરી એક વખત થયો મોટો ઘટાડો

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।**

સોનાની કિંમતમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. સોમવાર, ૭ એપ્રિલે સોના અને ચાંદી બંનેમાં મોટો ઘટાડો જોવા મળી રહ્યો છે. સોનું લગભગ ૭૦૦ રૂપિયા સસ્તું થયું છે. દેશના મોટાભાગના શહેરોમાં સોનું ૯૦,૬૦૦ રૂપિયાની ઉપર ટ્રેડ થઈ રહ્યું છે. ૨૨ કેરેટ ૧૦ ગ્રામ સોનાનો ભાવ ૮૩,૦૦૦ રૂપિયાની ઉપર ટ્રેડ થઈ રહ્યો છે. ચાંદીના ભાવમાં ૪,૦૦૦ રૂપિયાનો ઘટાડો થયો છે. અહીં જાણો આજે સોમવાર ૭ એપ્રિલ ૨૦૨૫ના રોજ સોના અને ચાંદીના ભાવ. સોમવાર, ૭ એપ્રિલ, ૨૦૨૫ના રોજ ચાંદીનો ભાવ રૂ. ૯૩,૯૦૦ હતો. છેલ્લા એક સપ્તાહમાં ચાંદીના ભાવમાં ૧૦,૦૦૦ રૂપિયાનો ઘટાડો થયો છે. સોમવાર, ૭ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ, દિલ્હીમાં ૨૨ કેરેટ સોનાની કિંમત ૮૩,૨૪૦ રૂપિયા અને ૨૪ કેરેટ સોનાની કિંમત ૯૦,૮૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ હતી. મુંબઈમાં ૨૨ કેરેટ સોનું ૮૩,૦૯૦ રૂપિયા અને ૨૪ કેરેટ સોનું ૯૦,૬૫૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર ટ્રેડ થઈ રહ્યું છે.

ફ્લાઈટની ઈમરજન્સી લેન્ડિંગ કરાવવાની ફરજ પડી

## પ્લેનમાં અચાનક જ એક મહિલાનું અવસાન થયું

**। (એજન્સી) મુંબઈ, તા.૭ ।**

ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટનું રવિવારે રાત્રે મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરના ચિકલથાણા એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. એરપોર્ટ અધિકારીઓના જણાવ્યા અનુસાર, વિમાનમાં સવાર ૮૯ વર્ષીય એક મહિલાની તબિયત બગડ્યા બાદ આ ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. જોકે, એરપોર્ટ પરના ડૉક્ટરે મહિલાને મૃત જાહેર કરી. એટલે કે મહિલાનું મૃત્યુ ફ્લાઈટમાં જ થયું હતું. મળતી માહિતી મુજબ, ઉત્તર પ્રદેશના મિર્ઝાપુરની રહેવાસી સુશીલા દેવી નામની એક વૃદ્ધ મહિલા મુંબઈથી વારાણસી જતી ફ્લાઈટમાં બેસી હતી અને મુંબઈથી પોતાની મુસાફરી શરૂ કરી હતી. ફ્લાઈટ દરમિયાન તેમની તબિયત અચાનક બગડી ગઈ. ક્રૂ મેમ્બર્સે તાત્કાલિક પાઈલટને જાણ કરી, ત્યારબાદ વિમાનને છત્રપતિ સંભાજીનગરના ચિકલથાણા એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું. એરપોર્ટ પર હાજર મેડિકલ ટીમે મહિલાને મૃત જાહેર કરી.

રાહુલ ગાંધીની યાત્રામાં બબાલ

## કોંગ્રેસ કાર્યકર્તાઓએ યુવકની કરી ધોલાઈ, દિગ્ગજ નેતાએ મારી થપ્પડ

**। (એજન્સી) બેગૂસરાય, તા.૭ ।**

કોંગ્રેસની 'પલાયન રોકો, નોકરી દો' પદયાત્રામાં ફરી બબાલ થઈ છે. કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી આજે (૭ એપ્રિલ) બેગૂસરાય જિલ્લામાં પહોંચી પદયાત્રામાં સામેલ થયા છે, જોકે આ દરમિયાન તેમને એક યુવકના વિરોધનો સામનો કરવો પડ્યો છે. મળતી વિગતો મુજબ રાહુલની ઉપસ્થિતિમાં કોંગ્રેસ કાર્યકર્તાઓએ એક યુવકને માર માર્યો છે. એટલું જ નહીં પૂર્વ કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષે યુવકને થપ્પડ મારી દીધી છે. મળતા અહેવાલો મુજબ જ્યારે રાહુલ 'પલાયન રોકો, નોકરી દો' પદયાત્રામાં ઉપસ્થિત હતા, ત્યારે એક યુવક વક્ફ બિલને સમર્થન આપવાની માંગ સંબંધીત એક પોસ્ટર લઈને આવ્યો હતો. આ કારણે કોંગ્રેસ કાર્યકર્તાઓ નારાજ થઈ ગયા અને યુવકને માર માર્યો હતો. રાહુલ સાથે પૂર્વ કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ અખિલેશ પ્રસાદ સિંહ પણ હાજર હતા અને તેમણે પણ યુવકને થપ્પડ મારી દીધી હતી. પદયાત્રામાં આવેલો યુવક 'વક્ફ બોર્ડનું સમર્થન કરો રાહુલ ગાંધીજી' લખેલું પોસ્ટર લઈને આવ્યો. આ દરમિયાન કેટલાક કોંગ્રેસ કાર્યકર્તાઓએ તેનું સમર્થન કર્યું તો કેટલાકે યુવક પાસેથી પોસ્ટર ખેંચી ફાડી નાખ્યું હતું અને યુવકને ધક્કો મારી આશ્રમના ગેટમાંથી બહાર ભગાડી દીધો હતો. કોંગ્રેસની પદયાત્રા બિહારના ભિતિહરવા આશ્રમથી ૧૬મી માર્ચે શરૂ થઈ છે.

## મહિલાની છેડતી કર્ણાટકના ગૃહમંત્રીને ચિંતાજનક નથી લાગતી?

**। (એજન્સી) બેંગલુરુ, તા.૭ ।**

કર્ણાટકની રાજધાની બેંગલુરુમાં રસ્તા પર એક છોકરી સાથે છેડતીનો મામલો સામે આવ્યો છે. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ દરમિયાન, કર્ણાટકના ગૃહમંત્રી જી પરમેશ્વરે આ મામલે વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે મોટા શહેરોમાં આવી ઘટનાઓ ઘણીવાર બનતી રહે છે. જે પણ કાયદાકીય કાર્યવાહી કરવાની હોય તે કાયદા મુજબ જ કરવામાં આવશે. મેં મારા કમિશનરને બીટ પેટ્રોલિંગ વધારવાનો નિર્દેશ આપ્યો છે. દક્ષિણ પૂર્વ બેંગલુરુના ડીસીપી સારા ફાતિમાએ જણાવ્યું હતું કે સદ્દુગુંટેપલ્યા નજીક રસ્તા પર એક મહિલાની છેડતી કરવામાં આવી હતી. આ ઘટના નજીકમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. પોલીસે બીએનએસની કલમ ૭૪, ૭૫, ૭૮ હેઠળ એફઆઈઆર નોંધી છે અને તપાસ શરૂ કરી છે.

3 કલાક ચાલ્યું ઓપરેશન

## ઈંડિયન આર્મીના જવાનોએ સમુદ્રમાં પાકિસ્તાની નાગરિકનો જીવ બચાવ્યો

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।**

પાકિસ્તાન ભલે ભારતને પોતાનો દુશ્મન નંબર વન માનતો હોય અને વારંવાર ઘૂસણખોરી અને હુમલા દ્વારા પોતાની મેલી મુરાદ પૂરી કરતા હોય, પણ ભારતની ત્રણેય સેના દર વખતે તેમના પ્લાન પર પાણી ફેરવી દે છે. તેમ છતાં ભારત સમય સમય પર પાકિસ્તાન અને તેમના નાગરિકોને મદદ કરે છે. હવે ફરી એક વાર ભારતીય સેનાએ માનવતાનું શાનદાર કામ કર્યું છે. દરિયાની વચ્ચે ભારતીય નૌસેનાના જવાનોએ એક પાકિસ્તાની નાગરિકનો જીવ બચાવ્યો છે. તાજેતરનો મામલો ઓમાન તટ નજીકનો છે. જ્યાં ભારતીય નૌસેનાતના જહાજ INS ત્રિકંદે માછલી પકડતી એક પાકિસ્તાની હોડીના ઘાયલ ચાલક દળના સભ્યને તરત મેડિકલ સહાય આપીને જીવ બચાવી લીધો હતો. નૌકાદળના કમાન્ડર વિવેક મડવાલે જણાવ્યું હતું કે INS ત્રિકંદને ઈરાની ધો "અલ ઓમૈદી" તરફથી કટોકટીનો કોલ મળ્યો હતો, જે ઓમાન કિનારાથી લગભગ ૩૫૦ નોટિકલ માઈલ દૂર હતો. તપાસમાં જાણવા મળ્યું કે બોટના એક ક્રૂ મેમ્બરને હાથ પર ગંભીર ઈજા થઈ હતી અને તે ગંભીર હાલતમાં હતો. તેમને ઈરાન જઈ રહેલા બીજા ધાવ "FV અબ્દુલ રહેમાન હંજિયા" માં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ પરિસ્થિતિ ગંભીર બનતી જોઈને INS ત્રિકંદે પોતાનો માર્ગ બદલી નાખ્યો અને ઘાયલ વ્યક્તિને તબીબી સહાય પૂરી પાડી.

CMYK

# અદાણીનું કોલંબો ટર્મિનલ કાર્યાન્વિત કરાયું

## ભારત-શ્રીલંકા મેરીટાઇમ ભાગીદારીમાં એક સીમાચિહ્નરૂપ અધ્યાય અંકિત



। અમદાવાદ - કોલંબો, તા.૭ ।

ભારતની સૌથી મોટી સંકલિત કાર્ગોના પરિવહનનું સંચાલન કરતી અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિ. (APSEZ) એ કોલંબો બંદર ખાતે કોલંબો વેસ્ટ ઈન્ટરનેશનલ ટર્મિનલ (CWIT) કાર્યાન્વિત કરવામાં આવ્યું હોવાની જાહેરાત કરી છે. ૩૫ વર્ષના બિલ્ડ, ઓપરેટ અને ટ્રાન્સફર (BOT) કરાર હેઠળ ભારતના સૌથી મોટા પોર્ટ ઓપરેટર અદાણી પોર્ટ્સ અને SEZ લિ., શ્રીલંકાના અગ્રણી સમૂહ જોન કીલ્સ હોલ્ડિંગ્સ PLC અને શ્રીલંકા પોર્ટ્સ ઓથોરિટીના કન્સોર્ટિયમ દ્વારા વચ્ચેની આ સીમાચિહ્નરૂપ જાહેર-ખાનગી ભાગીદારી હેઠળ વિકસાવવામાં આવેલ આ CWIT નું સંચાલન કરવામાં આવશે.

૮૦૦ મિલિયન ડોલરના મસમોટા રોકાણ સાથેનો આ CWIT પ્રકલ્પ ૧,૪૦૦-મીટર લાંબી ખાડી અને ૨૦-મીટર ઊંડાઈ ધરાવે છે, જેનાથી આ ટર્મિનલ વાર્ષિક આશરે ૩.૨ મિલિયન વીસ-ફૂટ ઈક્વિવેલેન્ટ યુનિટ્સ (TEUs)નું સંચાલન કરવા સક્ષમ બનશે. કોલંબોમાં આ સૌ પ્રથમ ઊંડા પાણી ધરાવતું ટર્મિનલ છે જે સંપૂર્ણપણે સ્વયંમ સંચાલિત છે, જે કાર્ગો હેન્ડલિંગ ક્ષમતા વધારવા, જહાજોના ટર્નએરાઉન્ડ સમયમાં સુધારો લાવવા અને દક્ષિણ એશિયામાં મુખ્ય ટ્રાન્સશિપમેન્ટ હબ તરીકે બંદરનો દરજ્જો પ્રસ્થાપિત કરવા માટે નિર્માણ કરવામાં આવેલ છે. આ ટર્મિનલનું નિર્માણ કાર્ય ૨૦૨૨ ની શરૂઆતમાં હાથ ધરવામાં આવ્યું હતું અને શરુઆતથી જ તેમાં ઝડપી પ્રગતિ થઈ હતી. આ ટર્મિનલ સંલગ્ન તમામ અત્યાધુનિક માળખાગત સુવિધાઓનું કામકાજ પૂર્ણતાને આરે છે અને CWIT પ્રાદેશિક દરિયાઈ લોજિસ્ટિક્સમાં કાર્યકારી કાર્યક્ષમતા અને વિશ્વસનીયતામાં નવા માપદંડો સ્થાપિત કરવા માટે સજ્જ છે.

અદાણી ઉદ્યોગ સમૂહના ચેરમેન શ્રી ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે "CWIT ખાતે આ ટર્મિનલ કાર્યાન્વિત થવા સાથે ભારત અને શ્રીલંકા વચ્ચેના પ્રાદેશિક સહયોગમાં એક સીમાચિહ્નરૂપ અધ્યાય અંકિત થયો છે. તેમણે ઉમેર્યું હતું કે આ ટર્મિનલ માત્ર હિંદ મહાસાગરમાં ભાવિ વેપારના ભવિષ્યનું જ પ્રતિનિધિત્વ નહી કરે, પરંતુ તેનો કાર્યારંભ શ્રીલંકા માટે ગર્વની ક્ષણ પણ છે જે તેને વૈશ્વિક દરિયાઈ પટલ પર મજબૂત રીતે આરુઢ કરશે. આ CWIT પ્રકલ્પ થકી સ્થાનિક સ્તરે પ્રત્યક્ષ અને પરોક્ષ હજારો નોકરીઓની તકોનું સર્જન કરશે અને આ ટાપુ રાષ્ટ્ર માટે આર્થિક દ્રષ્ટિએ મૂલ્ય વૃધ્ધિના પુષ્કળ દરવાજા ખોલશે. અદાણીએ કહ્યું હતું કે બંને પડોશીઓ વચ્ચેની અગાધ મિત્રતા અને વધતા વ્યૂહાત્મક સંબંધો તથા આ દૂરંદેશી જાહેર-ખાનગી ભાગીદારી દ્વારા શું સિધ્ધ કરી શકાય તેનું આ એક જ્વલંત ઉદાહરણ બનીને ઉભરી આવશે. આ વિશ્વ કક્ષાની આ સુવિધા રેકોર્ડ સમયમાં ઉપલબ્ધ બનાવવી એ વિશ્વમાં ગમે ત્યાં મોટા પાયે મહત્વપૂર્ણ માળખાગત પ્રોજેક્ટ્સને કાર્યક્ષમ રીતે ચલાવવાની અદાણી ગ્રુપની ક્ષમતાને પુરવાર કરવા સાથે પ્રતિબિંબિત પણ કરે છે."

જોન કીલ્સ ગ્રુપના અધ્યક્ષ શ્રી કૃષ્ણ બાલેન્દ્રએ જણાવ્યું હતું કે વેસ્ટ કન્ટેનર વિકાસમાં થયેલી પ્રગતિ જોવાનો અમને ગર્વ છે. આ પ્રોજેક્ટ પ્રાદેશિક દરિયાઈ હબ તરીકે શ્રીલંકાની સ્થિતિને મજબૂત બનાવે છે એટલું જ નહી પરંતુ આ પ્રોજેક્ટ જોન કીલ્સ ગ્રુપના સૌથી મોટા રોકાણોમાંનો અને શ્રીલંકામાં ખાનગી ક્ષેત્રના સૌથી મહત્વપૂર્ણ રોકાણોમાંનો એક છે. તેમણે કહ્યું હતું કે શ્રીલંકા પોર્ટ્સ ઓથોરિટી અને અદાણી ગ્રુપ સાથે મળીને અમે કોલંબોનો અગ્રણી ટ્રાન્સશિપમેન્ટ હબ તરીકેનો દરજ્જો વધારીશું. તેમણે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ ક્ષેત્રમાં આ પ્રોજેક્ટ વૈશ્વિક વેપાર અને કનેક્ટિવિટીમાં વધારો કરશે."

## ન્યૂઝ બ્રિફ

### સુરતમાંથી ગોડાઉન ભરીને પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનો જથ્થો ઝડપાયો

। (એજન્સી) સુરત, તા.૭ ।

ભારતમાં ચાઈનીઝ દોરી પર પ્રતિબંધ હોવા છતાં અવાર-નવાર ચાઈનીઝ દોરીનો ઉપયોગ અને વેચાણ થતું જોવા મળે છે. એવામાં ગુજરાતના સુરતમાંથી ચાઈનીઝ દોરીનું આખેઆખું કારખાનું ઝડપાયું છે. LCB ની ટીમે કારખાનામાં દરોડા પાડી બે લોકોની અટકાયત કરી છે. મળતી માહિતી મુજબ, સુરતના પાંડેસરાના મારૂતિનગર વિસ્તારમાં ચાઈનીઝ દોરીના કારખાનું ઝડપાયું છે. ઝોન-૪ની LCB (Local Crime Branch) ની ટીમે બાતમીના આધારે દરોડા પાડી કાર્યવાહી કરવામાં આવી હતી. આ દરમિયાન LCB ની ટીમે બે લોકોની અટકાયત કરી છે અને લાખોનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. હાલ LCB દ્વારા કારખાનું સીઝ કરી દેવામાં આવ્યું છે. આ સાથે આ ધંધામાં કેટલાં લોકો સંડોવાયેલા હતાં.

### શામળાજીને ૪.૨૫ કરોડની કિંમતનો હીરા જડીત સોનાનો મુગટ કરાયો અર્પણ

। (એજન્સી) શામળાજી, તા.૭ ।

ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિરમાં મંદિર ટ્રસ્ટ દ્વારા ભગવાન શામળિયાને ૪.૨૫ કરોડથી વધુની કિંમતનો સોનાનો મુગટ અર્પણ કરવામાં આવ્યો છે. અમદાવાદની શ્રીહરિ ક્રિએશન કંપની દ્વારા આ કલાત્મક મુગટ બનાવવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, ૧૦થી વધુ કારીગરોએ ભેગા મળીને આ મુગટ બનાવ્યું છે. જેનું વજન ૩ કિલો છે અને આ મુગટમાં ૭૦૦ ગ્રામ હીરા જડવામાં આવ્યા છે. જેને બનાવવા માટે લગભગ ૩ મહિનાનો સમય લાગ્યો હતો. મુગટમાં કલગી અને કુંડળ સહિત નવરત્નો જડેલા છે. નોંધનીય છે કે, શામળાજી માટે આ મુગટ બનાવવા માટે ૩૦ લાખ રૂપિયાની મજૂરી પણ માફ કરી દીધી હતી.

### ડફનાળા પાસે સર્જાયો ગમખ્વાર અકસ્માત, કાર બળીને ખાખ થઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

રાજ્યમાંઅવારનવારઅકસ્માતની ઘટના સામે આવતી હોય છે. ત્યારે અમદાવાદમાં ફરી એક વાર અકસ્માતની ઘટના સામે આવી છે. અમદાવાદના ડફનાળા પાસે અકસ્માત સર્જાયો છે. એરપોર્ટ તરફથી આવતી કારને અકસ્માત નડ્યો છે. કાર ચાલકે કાબુ ગુમાવી દેતા કાર પલટી ખાઈ ગઈ હતી. કાર પલટી ખાઈ રોડ પર ઉભેલી રિક્ષાને ટકરાઈ હતી. જેના પગલે કારમાં સવાર ૪ લોકોને ઈજા પહોંચી છે. કાર પલટી મારી જતા એન્જિન પણ બહાર આવી ગયું હતુ. તેમજ કારમાં આગ લાગતા બળીને ખાખ થઈ ગઈ હતી.

## વિશ્વ આરોગ્ય દિવસ

# હોસ્પિટલમાં દાખલ થવા પાછળ સૌથી વધુ ખર્ચ, ગુજરાત ચોથા ક્રમે

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

સારા આરોગ્યને સુખની પ્રથમ ચાવી ગણવામાં આવે છે. વર્તમાન સમયમાં બ્લડપ્રેશર, ડાયાબિટિસ જેવી સમસ્યા અનેક દર્દીઓમાં જોવા મળતી હોય છે. મેડિકલ સાયન્સ હરણફાળ ભરી રહ્યું છે અને તેના લીધે તમામ બીમારીનો ઈલાજ શક્ય બન્યો છે. ગુજરાતની વાત કરવામાં આવે તો પ્રત્યેક પરિવાર હોસ્પિટલમાં દાખલ થવા પાછળ દર વર્ષે સરેરાશ રૂપિયા ૭ હજારનો ખર્ચ કરે છે. ગુજરાતના શહેરી કરતાં ગ્રામ્ય વિસ્તારમાં હોસ્પિટલમાં દાખલ થવા પાછળ ૪૮ ટકા ઓછો ખર્ચ થાય છેદર વર્ષે ૭ એપ્રિલની ઉજવણી 'વિશ્વ આરોગ્ય દિવસ તરીકે કરવામાં આવે છે. પરિવારદીઠ દર વર્ષે હોસ્પિટલમાં દાખલ થવા પાછળ સૌથી વધુ ખર્ચ થતો હોય તેવા રાજ્યમાં ગુજરાત ચોથું સ્થાન ધરાવે છે.

નેશનલ સેમ્પલ સર્વે ઓફિસના અભ્યાસ અનુસાર શહેરી પરિવારમા હોસ્પિટલમાં દાખલ પાછળ દર વર્ષે સરેરાશ સૌથી વધુ ખર્ચ થતો હોય તેમાં કેરળ રૂપિયા ૧૩૧૪૦ સાથે મોખરે, મહારાષ્ટ્ર રૂપિયા ૯૧૨૨ સાથે બીજા, પંજાબ રૂપિયા ૮૨૭૨ સાથે ત્રીજા જ્યારે ગુજરાત રૂપિયા ૭૭૧૧ સાથે ચોથા સ્થાને છે. શહેરી વિસ્તામાં એક ગુજરાતી હોસ્પિટલમાં દાખલ થાય તો તેની પાછળ સરેરાશ રૂપિયા ૨૦૧૪નો ખર્ચ થાય છે. ગુજરાતના શહેરી કરતાં ગ્રામ્ય વિસ્તારમાં હોસ્પિટલમાં દાખલ થવા પાછળ પ્રમાણમાં ઓછો ખર્ચ થાય છે.

ગુજરાતના ગ્રામ્ય વિસ્તારમાં પરિવારદીઠ હોસ્પિટલમાં દાખલ થવા પાછળ વાર્ષિક સરેરાશ રૂપિયા ૪૦૭૧ ખર્ચ થતો હોવાનું આ અહેવાલમાં સામે આવ્યું છે. આમ, શહેરી કરતાં ગ્રામ્ય વિસ્તારમાં હોસ્પિટલમાં દાખલ થવા પાછળ ૪૮ ટકા ઓછો ખર્ચ થાય છે. આરોગ્ય પાછળ દર વર્ષે સૌથી વધુ ખર્ચ થતો હોય તેવા રાજ્યમાં ગુજરાત છઠ્ઠા સ્થાને છે. નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં પ્રત્યેક ગુજરાતીના આરોગ્ય પાછળ સરેરાશ રૂપિયા ૧૭૫૧નો ખર્ચ થતો હતો. ગુજરાતમાં જાન્યુઆરી-૨૦૨૫ સુધીમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા અંદાજે કુલ ૧.૪૪ કરોડથી વધુ અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર દ્વારા કુલ ૧.૩૧ કરોડથી વધુ દર્દીઓને ઓપીડી થકી આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવી છે તેમ આરોગ્ય વિભાગે જણાવ્યું છે. આ ઉપરાંત આરોગ્ય વિભાગ દ્વારા રક્તપિનાદર્દીઓને ઉચ્ચામ સારવાર આપવામાં આવી રહી છે.

## જામનગર જિલ્લામાં ગરમીનો આકરો મિજાજ

# જામનગરમાં મૌસમનું સૌથી ઉંચુ મહતમ તાપમાન ૪૦ ડીગ્રી નોંધાયું

। (એજન્સી) જામનગર, તા.૭ ।

જામનગરમાં એપ્રિલ માસ શરૂ થતાં જ સુર્યદેવતાએ આકરો મિજાજ બતાવ્યો છે, અને આજે મૌસમનો સૌથી ગરમ દિવસ રહ્યો છે. મહતમ તાપમાન ૪૦ ડીગ્રીને પાર થઈ ગયો છે, જેથી લોકો બપોર દરમિયાન બીનજરૂરી ઘરમાંથી બહાર નિકળવાનું ટાળી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં મહતમ તાપમાન અડધો ડીગ્રી ઉંચકાઈને ૪૦ ડીગ્રીએ પહોંચી જતાં મૌસમનું સૌથી ઉંચુ તાપમાન નોંધાયું હતું. એપ્રિલ માસના પ્રારંભથી જ સુર્યદેવતા કોપાયમાન રહ્યા છે. ત્યારે આજે મહતમ તાપમાન ૪૦.૦ ડીગ્રી અને લઘુતમ તાપમાન પણ વધીને ૨૩.૦ ડીગ્રી રહેવા પામ્યું હતું. જ્યારે ભેજનું પ્રમાણ ૮૫ ટકા અને પવનની ગતિ પ્રતિકલાકના ૧૦ થી ૨૦ કી.મી.ની ઝડપે રહી હતી. આકરા તાપથી લોકો ગરમીમાં અકળાઈ રહ્યા છે, અને શહેરીજનો બપોરના સમયે એસી રૂમમાં જ બેઠા રહે છે.

## એડમિશન કરાવ્યાનો બનાવટી લેટર મોકલી વિશ્વાસમાં લેતા હતા

# વર્ક પરમિટ, સ્ટુડન્ટ વિઝાના બહાને ૮૬.૨૦ લાખ પડાવ્યા

### આ અંગે વિદ્યાર્થીએ ત્રણેય ગઠિયા સામે રામોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવતા વધુ તપાસ હાથ ધરી

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।



રામોલમાં ત્રણ ગઠિયા કન્સ્લટન્સી ઓફિસ ખોલીને વિદ્યાર્થીઓને વર્ક પરમિટ તેમજ સ્ટુડન્ટ વિઝા અપાવીને વિદેશ મોકલવાના બહાને ચાર લોકો પાસેથી કુલ રૂ. ૮૬.૨૦ લાખ પડાવી ફરાર થઈ ગયા છે. આ અંગે વિદ્યાર્થીએ ત્રણેય ગઠિયા સામે રામોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી છે.મણિપુરમાં રહેતો મન બ્રહ્મભટ્ટે ગુજરાત યુનિવર્સિટીમાં બી.એ. સુધીનો અભ્યાસ કર્યો છે. તેને યુ.કે.માં સ્ન્છનો અભ્યાસ કરવા જવું હોવાથી તપાસ શરૂ કરી હતી. તેના એક સંબંધીની ફાઈલ વસ્ત્રાલમાં આવેલા આર્કસ વર્લ્ડ વાઇડ એક્સોમાં મૂકી હતી. તેથી મન તેની માતા અને સંબંધી સાથે આર્કસ વર્લ્ડ વાઇડની ઓફિસે પહોચ્યો હતો. ત્યાં નિરવ રાવલ, મયંક ઓઝા અને વિષ્ણુ પટેલ મળ્યા હતા અને ત્રણેય ભાગીદારીમાં ધંધો કરતા હોવાનું જણાવ્યું હતું. તે સમયે નિરવે મિડલસેક્સ યુનિવર્સિટી નોર્થ લંડનમાં ઈન્ટરનેશનલ બિઝનેસ મેનેજમેન્ટનો કોર્સ કરવા સૂચન કર્યુ હતું. મને હા પાડતા નિરવે યુનિવર્સિટી ફી, વિઝા ફી સહિત કુલ રૂ. ૩૦ લાખ થશે અને અડધા રૂપિયા રોકડ અને બાકીના બેન્ક મારફતે આપવાનું કહ્યું હતું. બાદ મને તેના ડોક્યુમેન્ટ આપીને પ્રોસેસ કરવા કહ્યું હતું ત્યારે મનના દાદાએ પોતાના વતન ઈડરમાંથી રૂ. ૯ લાખની ગોલ્ડ લોન લઈને નિરવને આપ્યા હતા. બાદમાં પ્રોસેસ અને અન્ય ફી તથા બહાના બતાવીને ત્રણેય ગઠિયાએ રૂ. ૩૦ લાખ પડાવી લીધા હતા. ત્યારબાદ લંડનની યુનિવર્સિટીનો લેટર પણ મોકલ્યો હતો તે પણ ખોટો હતો. ત્યારે મન અવારનવાર ફોન કરતા નિરવ સહિત ત્રણેય બહાના બતાવતા હતા. તપાસ કરતા ત્રણેયે આ રીતે અન્ય ત્રણ લોકો પાસેથી પણ કુલ રૂ. ૮૬.૨૦ લાખ પડાવ્યા હતા.

# વકફ બિલ સુધારા માટે માત્ર હિન્દુઓ જ નહિ, પારસી અને મુસ્લિમો પણ સહમત હતા

### વકફ બિલમાં સુધારો કરવામાં આવે તેવી ઘણા લોકોની અપેક્ષા હતી : સંસદમાં ગેરસમજ દૂર કરાઈ

। (એજન્સી) સુરત, તા.૭ ।



સુરત શહેરમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી તથા ગુજરાત ભાજપ ના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે વકફ સુધારા બિલને લઈ મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. સીઆર પાટીલે જણાવ્યું છે કે, વકફ સુધારા બિલને લઈ લોકોથી સત્તાઓ સુધી અસંતોષ હતો અને કેટલાક નિયમો એવા હતા જેને દૂર કરવાને જરૂરી બની ગયું હતું. સુધારા માટે માત્ર હિન્દુઓ જ નહીં પારસીઓ અને મુસ્લિમો પણ સહમત હતા. કોઈ પણ સંસ્થા પોતાના હક વગર કોઈ મિલકત પર દાવેદારી ના કરી શકે એ માટે આ બિલ ખુબ જ મહત્વપૂર્ણ છે. સીઆર પાટીલે જણાવ્યું હતું સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી લઈ વિવાદ સર્જાયો હતો. આ મામલો હાઈકોર્ટ સુધીપહોંચ્યો હતો અને અંતે મહાનગરપાલિકા આ કેસ જીતી હતી. પરંતુ આવી પરિસ્થિતિ ભવિષ્યમાં ન સર્જાય એ માટે વકફ સુધારા બિલ લાવવાનો નિર્ણય લેવાયો હતો. કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલએ રાષ્ટ્રપતિનો આભાર વ્યક્ત કરતા કહ્યું હતું કે, હું રાષ્ટ્રપતિના આભાર માનું છું કે તેમણે દેશના લોકોને જબરદસ્તીથી પોતાના હકોથી વંચિત થતા અટકાવવા માટે આ બિલને મંજૂરી આપી છે. તેમણે સ્પષ્ટતા કરી હતી કે વકફ સુધારાબિલદેશનાદરેકસમુદાયમાટે છે અને કાયદા દ્વારા દરેકની મિલકત સુરક્ષિત રહેશે. કોઈ પણ સંસ્થા પોતાની માલિકીની મિલકતને છોડીને અન્ય મિલકત પર દાવેદારી નહીં કરી શકે એ માટે આ બિલ અમલમાં મૂકાયું છે.

## વિશેષ

### અમદાવાદ શહેર પોલીસ આત્મનિર્ભર ભારતના અભિયાનમાં સહભાગી થઈ શકે તે હેતુથી શરૂ કરવામાં આવેલ મંગલમ કેન્ટીન

# અમદાવાદ પોલીસ કમિશનરશ્રીની કચેરી ખાતે મિશન મંગલમ હેઠળ ચાલતી મંગલમ કેન્ટીન બહેનોની આત્મનિર્ભરતાનું જીવંત ઉદાહરણ

### અમદાવાદ પોલીસ કમિશનરશ્રીની કચેરી ખાતે આવતા મુલાકાતીઓ તથા સ્ટાફને શુદ્ધ અને સાત્વિક ભોજન મળી રહે તે માટે મંગલમ કેન્ટીનનો પ્રારંભ કરાયો

। અમદાવાદ ।







ગુજરાત સરકારના ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિ. (GLPC), જિલ્લા ગ્રામ વિકાસ વિભાગ દ્વારા સખી મંડળોની બહેનોને આત્મનિર્ભર બનાવવાના હેતુથી મંગલમ કેન્ટીનનો આરંભ કરવામાં આવ્યો હતો. મિશન મંગલમાં સખી મંડળ યોજના હેઠળ શરૂ કરવામાં આવેલ આ મંગલમ કેન્ટીન આત્મનિર્ભર ભારતની દિશામાં એક પગલું છે. મંગલમ કેન્ટીન એ સખી મંડળની સાથે જોડાયેલી બહેનોની આત્મનિર્ભરતા અને પ્રગતિનું પ્રતીક છે.

મંગલમ કેન્ટીન એ સખી મંડળની બહેનો દ્વારા સંચાલિત એક અનોખી ઉદ્યમશીલતા છે, જ્યાં સ્વ-સહાય જૂથની મહિલાઓ દ્વારા સ્વાદિષ્ટ સ્વાસ્થ્યપ્રદ અને સ્વચ્છ ભોજનની સુવિધા આપવામાં આવે છે.

આવી જ એક મંગલમ કેન્ટીન અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની નવનિર્મિત કચેરી ખાતે શરૂ કરવામાં આવી છે. શહેર પોલીસ કમિશનરશ્રીની કચેરીએ આવતા મુલાકાતીઓ તથા સ્ટાફને શુદ્ધ અને સાત્વિક ભોજન મળી રહે, સાથે જ આત્મનિર્ભરતાના અભિયાનમાં અમદાવાદ શહેર પોલીસ સહભાગી થઈ શકે તે હેતુથી આ કેન્ટીન શરૂ કરવામાં આવી છે. શહેર પોલીસ કમિશનર શ્રી જી.એસ. મલિક દ્વારા તા. ૦૨/૦૪/૨૫ના રોજ આ મંગલમ કેન્ટીનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. અમદાવાદ કમિશ્નરશ્રીની કચેરી ખાતે કાર્યરત મંગલમ કેન્ટીનમાં વિરમગામ તાલુકાના રંગપુર ગામના ત્રિદેવ સખી મંડળ દ્વારા સ્વાદિષ્ટ, સ્વાસ્થ્યપ્રદ અને સ્વચ્છ ભોજનની સુવિધા આપવામાં આવે છે. આ કેન્ટીન સવારે ૧૦:૦૦ થી સાંજે ૦૫:૩૦ સુધી કાર્યરત હોય છે. મંગલમ કેન્ટીન હેઠળના આ ત્રિદેવ સખી મંડળના આગેવાન સુશ્રી હર્ષિતાબહેનના જણાવ્યા અનુસાર મિશન મંગલમ હેઠળ સરકાર દ્વારા મળતી સહાય તેમને ખૂબ મદદરૂપ થાય છે. કુલ ૬ બહેનો મળીને અમદાવાદ કમિશ્નર કચેરી ખાતે ચાલતી મંગલમ કેન્ટીનનું સંચાલન કરે છે. તેમનું ત્રિદેવ સખી મંડળ છેલ્લાં ૩ વર્ષથી કાર્યરત છે જેમાં ૧૦ જેટલી બહેનો જોડાયેલી છે. આ બહેનો પોતાની રસોઈની આવડતના આધારે તાલુકા પંચાયતના કાર્યક્રમોમાં સહભાગી થતા હતા. હાલમાં આ સખી મંડળની બહેનો આત્મનિર્ભર બની પોતાના ઘર, કુટુંબને આર્થિક રીતે મદદરૂપ થઈ શકે છે. અમદાવાદ કમિશનરશ્રીની કચેરી ખાતે કેન્ટીન માટે જગ્યા પૂરી પાડવા તથા બહેનોને આત્મનિર્ભર કરવામાં મદદરૂપ થવા બદલ આ બહેનો સરકારશ્રીનો ખૂબ આભાર માને છે. હાલમાં મંગલમ કેન્ટીન સરકારી કચેરીઓ, યુનિવર્સિટી કોલેજ કેમ્પસ, હોસ્પિટલો અને અન્ય વિવિધ સરકારી ખાનગી સંસ્થાઓમાં કાર્યરત છે. મંગલમ કેન્ટીનના માધ્યમથી સખી મંડળની બહેનોને રોજગારના નવા અવસરો પ્રાપ્ત થાય છે. જે તેમને ઉદ્યોગ સાહસિક બનવા માટેનો એક મજબૂત મંચ પૂરો પાડે છે. મંગલમ કેન્ટીનમાં કાર્યરત મહિલાઓ આત્મનિર્ભર થઈ તેમના સામાજિક જીવનમાં સન્માન અને સમૃદ્ધિ મેળવે છે. મંગલમ કેન્ટીન મહિલા સશક્તિકરણ અને સ્વાવલંબનનું એક પ્રેરણાદાયી પગલું છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યુઝ બોક્ષ

### ઈશાંત શર્માની હરકતથી લાઈવ મેચમાં હોબાળો



। (એજન્સી) હૈદરાબાદ, તા.૭ ।

ગુજરાત ટાઈટન્સે રવિવારે રમાયેલી IPL મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદને ૨૦ બોલ બાકી રહેતા ૭ વિકેટથી હરાવ્યું હતું. આ મેચમાં ગુજરાત ટાઈટન્સના ફાસ્ટ બોલર ઈશાંત શર્માને IPLની આચાર સંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ તેની મેચ ફીના ૨૫ ટકા દંડ અને તેના ખાતામાં એક ડિમેરિટ પોઈન્ટ પણ ઉમેરવામાં આવ્યો છે. BCCI અનુસાર, ઈશાંત શર્માએ લેવલ ૧નો ગુનો સ્વીકાર્યો છે, જે આચાર સંહિતાની કલમ ૨.૨ હેઠળ આવે છે. ઈશાંત શર્માએ મેચ રેફરીએ આપેલી સજા સ્વીકારી લીધી છે. લેવલ ૧ કેસમાં, મેચ રેફરીનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા હોય છે. આઈપીએલના નિયમો અનુસાર, નિયમ ૨.૨ મેચ દરમિયાન ક્રિકેટના સામાન અથવા કપડાં, મેદાનના સાધનો અથવા અન્ય વસ્તુઓના દુરુપયોગ સાથે સંબંધિત છે. ઈરાદાપૂર્વક અથવા બેદરકારીપૂર્વક કરવામાં આવેલ કોઈપણ કૃત્ય જેમ કે જાહેરાતના બોર્ડ, ડ્રેસિંગ રૂમના દરવાજા, બારીઓ અને અન્ય ફિક્સર અને ફિટિંગને નુકસાન પહોંચાડવું. જો કે હજુ સુધી એ સ્પષ્ટ નથી થયું કે તેણે શું કર્યું હતું જેના માટે આ સજા મળી છે.

### દીવના કિલ્લામાં પ્રવેશવા માટે હવે લેવી પડશે ટિકિટ



। (એજન્સી) દીવ, તા.૭ ।

કેન્દ્રશાસિત પ્રદેશ દીવ ખાતે આવેલા વર્ષો જૂના ઐતિહાસિક કિલ્લાને નીહાળવા માટે દેશ અને દુનિયાભરના મુલાકાતીઓ આવતા હોય છે, ત્યારે હવે કિલ્લાની મુલાકાતે આવતા પ્રવાસીઓને દીવનો કિલ્લો જોવા માટે ચાર્જ ચૂકવવો પડશે. દીવ પ્રશાસન દ્વારા કિલ્લામાં પ્રવેશ માટે મેળવવા માટે ટિકિટની શરૂઆત કરી છે. જાણો ભારતીય-વિદેશી નાગરિકને કેટલા રૂપિયામાં મળશે દીવ કિલ્લાના પ્રવેશ માટેની ટિકિટ. દીવ પ્રશાસન દ્વારા કિલ્લામાં પ્રવેશ માટે ટિકિટ અમલીકરણ કરી છે, ત્યારે ૧૫ વર્ષથી મોટી ઉંમરના ભારતીય મુલાકાતીઓને ૧૦૦ રૂપિયા અને વિદેશના પ્રવાસીઓને ૨૦૦ રૂપિયા પ્રવેશ ચાર્જ ચૂકવવો પડશે. જ્યારે બાળકો માટે રૂ.૭૫ ટિકિટ ફી રાખવામાં આવી છે. બીજી તરફ, દીવના કિલ્લાની મુલાકાતે આવતા અનેક પ્રવાસીઓ કિલ્લાની સુવિધા અને ટિકિટની વ્યવસ્થાને લઈને અનેક સવાલો કરી રહ્યા છે.

### આયુષ્માન ખુરાનાની પત્ની તાહિરાને બીજી વખત થયું બ્રેસ્ટ કેન્સર



। (એજન્સી) મુંબઈ, તા.૭ ।

એક તરફ હિના ખાન આ દિવસોમાં બ્રેસ્ટ કેન્સર સામે ઝઝૂમી રહી છે. હવે આયુષ્માન ખુરાનાની પત્ની અને રાઈટર-ડાયરેક્ટર તાહિરા કશ્યપને બીજી વખત કેન્સર થયું છે. તેણે આ પીડાદાયક સમાચાર ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યા. તાહિરાએ પુષ્ટિ આપી કે તે ફરીથી કેન્સરથી પીડાઈ રહી છે. ફરી એકવાર આ બીમારીએ તેને ઘેરી લીધો છે. તમને જણાવી દઈએ કે, આ પહેલા પણ આયુષ્માન ખુરાનાની પત્ની બ્રેસ્ટ કેન્સરથી પીડાઈ ચૂકી છે. તેની સંપૂર્ણ સારવાર થઈ ગઈ હતી. દર વર્ષે તે કેન્સર ડે પર લોકોને જાગૃત પણ કરે છે. તાહિરા કશ્યપ બીજી વખત કેન્સરના દર્દથી પીડાઈ રહી છે. તેણે સલાહ આપી કે વ્યક્તિએ પરીક્ષણો કરાવતા રહેવું જોઈએ. તેણે કહ્યું કે તે હજુ પણ મજબૂત છે. હું મારી બધી શક્તિથી આ સામે લડીશ. તેણે વર્લ્ડ હેલ્થ ડે વિશે પોસ્ટમાં આ વાત લખી છે. આ સમાચાર શેર કરતાં તાહિરાએ લખ્યું, ‘‘સાત વર્ષ પછી અથવા નિયમિત ચેકઅપની તાકાત પછી આ ફરી સામે આવ્યું છે.

કઈ કઈ વસ્તુઓ મોંઘી થશે એ યક્ષ પ્રશ્ન બની રહ્યો છે

# ટ્રમ્પના ટેરિફ એટેકથી કઈ વસ્તુઓ થશે મોંઘી, કઈ વસ્તુ થશે સસ્તી?

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૭ ।

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બીજીવાર સત્તા સંભાળ્યા બાદ ભારે ઉથલપાથલ જોવા મળી રહી છે. પહેલા તેમણે ગેરકાયદે પ્રવાસીઓ વિરુદ્ધ અભિયાન શરૂ કરી દીધુ અને સાંકળથી હાથ બાંધીને લોકોને તેમના દેશ પહોંચાડવા માંડ્યા. તેમણે હમાસ અને રશિયા પર યુદ્ધ રોકવા માટે દબાણ કર્યું અને હવે ટેરિફ વોર છેડીને વેપાર યુદ્ધ જ શરૂ કરી દીધુ. ટેરિફ અભિયાન હેઠળ તેમણે હવે લગભગ ૧૮૦ જેટલા દેશો પર ટેરિફ ઝીંક્યો છે અને ત્યાંથી આયાત થતા સામાન પર મોટા પાયે ટેરિફ લગાવ્યો છે. દરેક સામાનની આયાત પર ઓછામાં ઓછા ૧૦ ટકા ટેરિફ લાગ્યો છે. ૨ એપ્રિલથી લાગૂ થયેલો આ નિર્ણય અમેરિકાના ઈતિહાસની સૌથી મોટી વેપારી નીતિ છે. જેની અસર ભારતમાં પણ જોવા મળે તેવી આશંકા છે. જ્વેલરી માર્કેટ, ગારમેન્ટ એક્સપોર્ટ સહિત ભારતમાં અનેક ઉદ્યોગો પર તેની સીધી અસર જોવા મળી શકે છે. અનેક ચીજો મોંઘી થઈ શકે છે. ભારત પણ એ દેશોમાં સામેલ છે જેના પર અમેરિકાએ મોટો ટેરિફ લગાવ્યો છે. હવે ભારતથી અમેરિકા જતા કોઈ પણ સામાન પર ઓછામાં ઓછો ૨૬ ટકા ટેરિફ લાગશે. ટ્રમ્પ પ્રશાસનનું કહેવું છે કે ભારત અમારા સામાન



પર ૫૨ ટકા સુધીનો ટેરિફ લગાવે છે. આ અન્યાય છે અને તેના કારણ કે અમે ૪૬ અબજ ડોલર સુધીનું વેપારી નુકસાનનો સામનો કરીએ છીએ. ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસનનું કહેવું છે કે આ તો જેવા સાથે તેવા જેવો ટેરિફ છે. પરંતુ ૧૮૦ દેશો જોડે એક સાથે ટેરિફ વોરમાં ઉતરીને અમેરિકાએ સમગ્ર દુનિયાની ચિંતાઓ વધારી દીધી છે. ભારતથી યુરોપ સુધી બધાને ટેન્શન છે કે આખરે તેની ઈકોનોમી પર શું અસર પડશે. શું તેનાથી દુનિયામાં મંદીની આશંકા વધશે. ભારત અને અમેરિકા વચ્ચે વેપારની વાત કરીએ તો અહીંથી બનીને ગયેલી કારો પર અમેરિકા ૨.૫ ટકા ટેક્સ જ વસૂલે છે. જ્યારે અમેરિકી કારોની વાત કરીએ તો ૭ ટકા સુધી ટેક્સ લાગે છે. જેના કારણે ભારતમાં અમેરિકી બ્રાન્ડની કારો મોંઘી બની અને કેટલીક કંપનીઓએ તો બિઝનેસ સમેટવાનો વારો આવી ગયો. એ જ રીતે ભારતના ચોખા અને સફરજન પર અમેરિકા નામ માત્ર ટેક્સ લગાવે છે. પરંતુ ભારતમાં અમેરિકી પ્રોડક્ટ પર ટેક્સ વધુ છે. એ જ રીતે જ્વેલરી અને ડાયમંડની વાત કરીએ તો ભારતના કુલ એક્સપોર્ટમાં અમેરિકાની ભાગીદારી ૧૩ ટકા છે. હવે અમેરિકાના આ નિર્ણયથી કેટલીક વસ્તુઓ મોંઘી થશે અને કેટલીક સસ્તી પણ થઈ શકે છે. અમેરિકાએ વિયેતનામ પર ૪૬ ટકા ટેક્સ લગાવ્યો છે. વિયેતનામમાં જ નાઈકી, એદિદાસ, જેવી નામી કંપનીઓના કપડાં અને અન્ય સ્પોર્ટ્સ વેર તૈયાર થાય છે. હવે તે મોંઘા બને તેવી આશંકા છે.

લાઉડસ્પીકર કાયદાકીય પરવાનગી વિના લગાવાયા

# કિરીટ સોમૈયાએ મહારાષ્ટ્રમાં ૭૨ મસ્જિદો વિરુદ્ધ નોંધાવી ફરીયાદ

। (એજન્સી) મુંબઈ, તા.૭ ।

મહારાષ્ટ્રમાં સીએમ દેવેન્દ્ર ફડણવીસે તાજેતરમાં ધાર્મિક સ્થળો પર નિર્ધારિત ડેસિબલ મર્યાદામાં લાઉડસ્પીકર વગાડવાની વાત કરી હતી. જો આમ નહીં કરવામાં આવે તો પરવાનગી રદ કરવામાં આવશે તેવી ચેતવણી આપવામાં આવી હતી. આ સૂચના બાદ અનેક નિવેદનો સામે આવ્યા છે. આ શ્રેણીમાં હવે ભાજપના નેતા અને પૂર્વ સાંસદ કિરીટ સોમૈયાએ મુંબઈના માનખુર્દ ગોવંડીમાં ૭૨ મસ્જિદો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. આ મામલે બીજેપી નેતા કિરીટ સોમૈયાએ કહ્યું કે મેં ૫ એપ્રિલે ગોવંડીના શિવાજી નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે ૭૨ મસ્જિદોમાં અનધિકૃત લાઉડસ્પીકર લગાવવામાં આવ્યા છે. તેમણે દાવો કર્યો હતો કે આ લાઉડસ્પીકર કોઈપણ કાયદાકીય પરવાનગી વિના




લગાવવામાં આવ્યા છે, જે જાહેર સ્થળોએ અવાજ નિયંત્રણ સંબંધિત નિયમોનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. પોલીસે પણ આ વાત સ્વીકારી છે અને અમે માંગણી કરી છે કે મસ્જિદોમાં ગેરકાયદે લાઉડસ્પીકર લગાવનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવે. ગેરકાયદેસર રીતે લાઉડસ્પીકર વગાડવું, મુંબઈ હાઈકોર્ટના નિર્ણયનું પાલન નહીં કરવું, મુંબઈમાં આ સહન કરવામાં આવશે નહીં. કિરીટ સોમૈયાએ આ મામલે એક RTIની કોપી સોશિયલ મીડિયા પર શેર કરી છે, જેમાં લાઉડસ્પીકરનો ઉપયોગ કરવામાં આવતી મસ્જિદોના નામ આપવામાં આવ્યા છે. આ સિવાય તેણે લખ્યું છે કે દરરોજ જોરથી હોર્ન ફૂંકાય છે. કોઈ મસ્જિદે લાઉડસ્પીકર /હોર્ન માટે પરવાનગી લીધી નથી. અમે ગઈકાલે શિવાજી નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આવતીકાલથી કાર્યવાહી કરવામાં આવશે. ભાજપના નેતા કિરીટ સોમૈયાએ મુંબઈના માનખુર્દ ગોવંડીમાં ૭૨ મસ્જિદો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી. મહત્વનું છે કે, ભાજપના નેતા સોમૈયા છેલ્લા ઘણા મહિનાઓથી આ મામલાને લઈને સક્રિય છે અને તેને જોરશોરથી ઉઠાવી રહ્યા છે. આ પહેલા પણ તેઓ મુંબઈના ઘણા ભાગોમાં આવી જ ફરિયાદો નોંધાવી ચૂક્યા છે અને સંબંધિત પ્રશાસન પાસેથી કડક પગલાં લેવાની સતત માગણી કરી રહ્યા છે. હવે જોવાનું એ રહેશે કે સોમૈયાની ફરિયાદ પર પોલીસ આગળ શું કાર્યવાહી કરે છે.

સ્ટેજ પર ચાલુ સ્પીચે અચાનક ઢળી પડી

# કોલેજની ફેરવેલ સ્પીચ આપતી ૨૦ વર્ષીય વિદ્યાર્થિનીનું હાર્ટ એટેકથી મોત

। (એજન્સી) મુંબઈ, તા.૭ ।

મહારાષ્ટ્રના ધારાશીવમાં વીસ વર્ષીય વિદ્યાર્થિનીનુ કોલેજમાં ફેરવેલ સ્પીચ આપતી વખતે હાર્ટ એટેકથી મોત નીપજ્યું હતું. આ વિદ્યાર્થિની ચાલુ સ્પીચે જ ઢળી પડી હતી. દેશમાં અનેક યુવાનોના આ રીતે અચાનક હૃદય બંધ પડી જવાથી મોતના કિસ્સાઓના કારણે ભારે ચિંતાની લાગણી ફેલાઈ છે. મહારાષ્ટ્રના ધારાશિવ શહેરમાં, પરાંડા સ્થિત મહષ ગુરુવર્ય આરજી શિંદે મહાવિદ્યાલયમાં કોલેજના કાર્યક્રમ દરમિયાન ૨૦ વર્ષીય કોલેજ વિદ્યાર્થિની વર્ષા ખરાટ ફેરવેલ સ્પીચ આપી રહી હતી. ચાલુ સ્પીચ જ તે અચાનક ઢળી પડી હતી. ઘટનાના વાયરલ વીડિયોમાં તે હસતી અને પ્રેક્ષકો સાથે વાતચીત કરતી દેખાય છે, પણ પછી અચાનક ધીમી પડી અને બેભાન થઈ ગઈ હતી. તેને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવી હતી. વર્ષા કોલેજમાં બીએસસીમાં ફાઈનલ યરમાં અભ્યાસ કરતી હતી. આ ઘટના તા. પાંચમી એપ્રિલની હોવાનું કહેવાય છે. કોલેજમાં ફેરવેલ ફંકશન હોવાથી તે સાડીમાં સજ્જ થઈને આવી હતી અને તેને



ફેરવેલ સ્પીચ આપવાનો મોકો મળ્યો હતો. જોકે, આ વિદાય સ્પીચ માત્ર કોલેજ જ નહિ પરંતુ જિંદગીની જ વિદાય સ્પીચ બની ગઈ હતી. કેટલાક અહેવાલો અનુસાર વર્ષાના પરિવારજનોને એમ કહેતા ટાંકવામાં આવ્યા છે કે વર્ષાને નાની વયથી જ હૃદયને લગતી તકલીફ હતી. સાત વર્ષ પહેલાં તેની બાયપાસ સર્જરી પણ થઈ હતી. સ્થાનિક શાળામાં ફરજ બજાવતા વર્ષાના કાકા ધનજી ખરાટે મીડિયાને કહ્યું હતું કે હાર્ટ સર્જરી બાદ વર્ષા નિયમિત દવા લેતી હતી. જોકે, બનવા જોગ છે કે બનાવના દિવસે ઝડપ ભેર કોલેજ પહોંચવાની ઉતાવળમાં તે પોતાની દવા લેવાનું ભૂલી ગઈ હશે. વર્ષાનો પરિવાર કૃષિ સાથે સંકળાયેલો છે. કોલેજ સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર તે બહુ જ હોંશિયાર અને મહત્વાકાંક્ષી વિદ્યાર્થિની હતી.



જમ્મુના રાજભવન ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ નાગરોટાના ભૂતપૂર્વ ધારાસભ્ય સ્વર્ગસ્થ દેવેન્દ્ર સિંહ રાણાની પુત્રી દેવયાની રાણાને મળ્યા.

# યુપીમાં આ ખોટું ચાલી રહ્યું છે, લાગે છે પોલીસને પણ દંડ કરવો પડશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) સંજીવ ખન્નાએ ઉત્તર પ્રદેશમાં નાગરિક વિવાદોને ફોજદારી કેસોમાં ફેરવવા પર નારાજગી વ્યક્ત કરી છે. સીજેઆઈએ કહ્યું કે યુપીમાં જે થઈ રહ્યું છે તે સંપૂર્ણપણે ખોટું છે. દીવાની કેસ દિનપ્રતિદિન ફોજદારી કેસમાં ફેરવાઈ રહ્યા છે. સુપ્રીમ કોર્ટે તંત્રના વલણ પર કડક ટીપ્પણી કરી છે, આ સાથે કોર્ટે ભવિષ્યમાં દંડ ફટકારવાની ચેતવણી પણ આપી છે. અરજી પર સુનાવણી કરતી વખતે કોર્ટે કહ્યું કે આ વાહિયાત છે, માત્ર પૈસા ન ચૂકવવાને ગુનો ન બનાવી શકાય. તેણે કહ્યું કે હું તપાસ અધિકારીને સાક્ષી પેટીમાં આવવા કહીશ. તપાસ અધિકારીને સાક્ષી પેટીમાં ઊભા રહેવા દો અને ગુનાનો કેસ બાંધો. આ યોગ્ય રહેશે. ભવિષ્યમાં આવો કોઈ કિસ્સો સામે આવશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે. કોર્ટે કહ્યું કે અમે સૂચના આપીએ છીએ, તેને પાઠ શીખવા દો, આ ચાર્જશીટ દાખલ કરવાની રીત નથી. વિચિત્ર છે કે યુપીમાં દરરોજ આવું થઈ રહ્યું છે, વકીલો ભૂલી ગયા છે કે સિવિલ જ્યુરિડિક્શન પણ છે.

૧૫૫ બિલિયન ડોલરની સંપત્તિ

# બાળકોને ફક્ત એક ટકા મિલકત વારસામાં આપશે બિલ ગેટ્સ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૭ ।

બિલ ગેટ્સ તેમના બાળકોને તેમની મિલકતમાંથી એક ટકા કરતાં પણ ઓછી સંપત્તિ આપવાના છે. તેમની ભૂતપૂર્વ પત્ની મેલિન્ડા ફ્રેન્ચ સાથે તેમને ત્રણ બાળકો છે - રોરી, જેનિફર અને ફીબી ગેટ્સ. આ બાળકોના પિતા વિશ્વના સૌથી ધનવાન વ્યક્તિઓમાંના એક છે. માઈક્રોસોફ્ટ જેવું એમ્પાયર ઊભું કરનાર વ્યક્તિના બાળકોની લાઈફસ્ટાઈલ કેવી હશે, એ દરેકને ખબર છે. જોકે આબાળકો પોતાની પિતાની સંપત્તિમાં ભાગ ન લઈ શકે તેવું જણાય છે. બિલ ગેટ્સે તાજેતરમાં ‘ફિગરીંગ આઉટ વિથ રાજ શમાની’ પોડકાસ્ટમાં હાજરી આપી હતી. આ પોડકાસ્ટમાં તેમણે પોતાની ધારણા શેર કરી કે તેમના બાળકો તેમના પોતાના દમ પર ઊભા થાય. બિલ ગેટ્સે તાજેતરેથી કહ્યું છે કે તેમની લેગસીને જીવતી રાખવી અને મિલકત સાથે કેવી રીતે વ્યવહાર કરવો તે દરેક વ્યક્તિ પોતાની માન્યતાઓ અને મૂલ્યોના આધારે નક્કી કરે છે. તેમણે ઉમેર્યું કે, ‘‘દરેક વ્યક્તિને તેમની મિલકત અંગે નિર્ણય કરવાનો હક છે. મારા



બાળકોને સારું ઉછેર અને ઉતમ ભણતર મળ્યું છે. પરંતુ તેમને મારી મિલકતમાંથી એક ટકા કરતાં ઓછી મિલકત આપવામાં આવશે. હું કોઈ રાજાશાહી ચલાવતો નથી. તેમને માઈક્રોસોફ્ટ માટે કામ કરવા માટે જબરજસ્તી નહીં કરું. તેઓ પોતાની મહેનત અને દમ પર પોતાને સાબિત કરી શકે એ માટે હું તેમને તક આપવા માગું છું.’’ દરેક ઈન્ડસ્ટ્રીમાં નેપોટિઝમનો પ્રશ્ન હોય છે. અમુક લોકો માનતા હોય છે કે પૈસાદાર વ્યક્તિનો છોકરો છે એટલે તેને કંઈ કરવામાં રહેવું નથી. પરંતુ બિલ ગેટ્સ એકદમ વિપરીત વિચારધારા ધરાવે છે. તેમણે કહ્યું, ‘‘હું નથી ઈચ્છતો કે મારા બાળકો મારી છત્રછાયામાં રહે. હું નથી ઈચ્છતો કે લોકો કહે કે તેઓ ધનવાન પિતાની સંતાન છે. તેઓ પોતાના દમ પર કામ કરી જાત મહેનતથી ઊભા રહેવું જોઈએ.’’ બિલ ગેટ્સ કહે છે કે દરેક વ્યક્તિએ પોતાના બાળકોને સફળ થવા માટે સમાન તક આપવી જોઈએ. બ્લૂમબર્ગના બિલિયોનેર ઈન્ડેક્સ મુજબ બિલ ગેટ્સ પાસે ૧૫૫ બિલિયન અમેરિકન ડોલરની મિલકત છે. આના એક ટકા એટલે કે ૧.૫૫ બિલિયન ડોલર થાય છે. જો આ મિલકત ત્રણ ભાઈ-બહેન વચ્ચે વહેંચવામાં આવે તો પણ તેઓ ધનવાન લોકોના ટોચના એક ટકામાં ગણી શકાય છે. બિલ ગેટ્સ એકમાત્ર બિલિયોનેર નથી, જેઓ બાળકો માટે પૂરી મિલકત છોડી જતા નથી. અગાઉ, સ્ટીવ જોબ્સે તેમના બાળકો માટે ચોક્કસ સંપત્તિ છોડી હતી, જ્યારે બાકીની પૂંજી ફિલાન્થ્રોપી માટે આપી દેવામાં આવી હતી. એમેઝોનના માલિક જેફ બેઝોસ પણ તેમની બાળકો માટે સંપૂર્ણ મિલકત છોડી જતા નથી. સ્ટીવ જોબ્સનું મૃત્યુ ૨૦૧૧માં થયું હતું ત્યારે તેમની પાસે ૭ બિલિયન અમેરિકન ડોલરની મિલકત હતી. તેમની વિધવા લોરેન પોવેલ જોબ્સે ૨૦૨૦માં ન્યુ યોર્ક ટાઈમ્સને કહ્યું હતું કે તેમની બાળકોને આ પૈસા માટે એક બિલિયન પણ મળ્યાં નથી.

# સાઉદી અરેબિયાએ વિઝા આપવા પર અસ્થાયી રૂપે પ્રતિબંધ મૂક્યો

### સાઉદી અરેબિયા સરકાર જૂન ૨૦૨૫ના મધ્ય સુધી ઉમરાહ, બિઝનેસ અને ફેમિલી વિઝિટ વિઝા આપશે નહીં

। (એજન્સી) રિયાદ, તા.૭ ।

સાઉદી અરેબિયાએ ૧૪ દેશોના નાગરિકોને વિઝા આપવા પર અસ્થાયી રૂપે પ્રતિબંધ મૂક્યો છે. કિંગડમ ઓફ સાઉદી અરેબિયાએ આ વર્ષની હજ યાત્રા પહેલા આ નિર્ણય લીધો છે. સરકાર જૂન ૨૦૨૫ના મધ્ય સુધી ઉમરાહ, બિઝનેસ અને ફેમિલી વિઝિટ વિઝા આપશે નહીં. હજ યાત્રા સાથે સંકળાયેલી ભીડને નિયંત્રિત કરવાના પ્રયાસો અને નોંધણી વગર હજ કરવાનો પ્રયાસ કરનાર વ્યક્તિઓને રોકવાના પ્રયાસો વચ્ચે આ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. આ કરવા પાછળનો વિચાર એ છે કે ગયા વર્ષની હજ યાત્રા દરમિયાન નાસભાગનું પુનરાવર્તન ના થાય, જે અતિશય ગરમી અને રજિસ્ટ્રેશન વગરના યાત્રાળુઓના ધસારાને કારણે થયું હતું. ઉમરાહ વિઝા આપવાની છેલ્લી તારીખ ૧૩ એપ્રિલ ૨૦૨૫ નક્કી કરવામાં આવી છે, એટલે કે હજ યાત્રીઓને ૧૩ એપ્રિલ સુધી નોંધણી કરવાની તક આપવામાં આવી છે. આ પછી આ ૧૪ દેશોના નાગરિકોને હજ યાત્રાના અંત સુધી આ પ્રકારના કોઈ નવા વિઝા આપવામાં આવશે નહીં. આ વિઝા સસ્પેન્શનથી




કુલ ૧૪ દેશો પ્રભાવિત છે. જેમાં અલ્જીરિયા, ઈજિપ્ત, બાંગ્લાદેશ, ઈથોપિયા, ઈન્ડોનેશિયા, ઈરાક, ભારત, જોર્ડન, મોરોક્કો, નાઈજીરિયા, પાકિસ્તાન, સુદાન, ટ્યુનિશિયા અને યમનનો સમાવેશ થાય છે. સાઉદી અરેબિયામાં કેટલાક ભારતીય નાગરિકો દ્વારા અનધિકૃત રીતે હજ કરવાનો પ્રયાસ કરવા બદલ વિઝાના દુરુપયોગના કિસ્સાઓ સામે આવ્યા છે. તેથી ભીડની સમસ્યાથી છુટકારો મેળવવા માટે સાઉદી અરેબિયાએ પણ ભારતના નાગરિકો પર આ પ્રતિબંધ લગાવ્યો છે, જેથી આ સમસ્યાને ઓછી કરી શકાય. સાઉદીએ ૧૬ ભાષાઓમાં એક ડિજિટલ હજ અને ઉમરાહ માર્ગદર્શિકા પણ બહાર પાડી છે જેથી યાત્રાળુઓને સલામત અને કાનૂની તીર્થયાત્રાની પ્રક્રિયાઓ વિશે મદદ કરી શકાય.

## તંત્રી લેખ...

# શેરબજારમાં અબજોનું નુકસાન

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ૨૬ ટકા ટેરિફના આદેશ બાદ ભારતીય શેરબજારમાં આજે મિનિટોમાં ૨૦ લાખ કરોડનું નુકસાન થયું છે. ભારતીય ઉદ્યોગોમાં મંદીની ભીતિ વર્તાઈ છે. તેમ છતાં ભારત સરકારે અમેરિકા સામે ટ્રેડવૉર ન છેડવાનો નિર્ણય લીધો છે. સરકારે સત્તાવાર ધોરણે મીડિયાને જણાવ્યું હતું કે, ભારત અમેરિકા પર સામો ટેરિફ લાદશે નહીં. અમે દ્વિપક્ષીય વેપાર કરારો પર ધ્યાન કેન્દ્રિત કરતાં આ મુદ્દો ઉકેલવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. ટેરિફ મુદ્દે યોગ્ય ઉકેલ લાવવા પ્રયત્નશીલ છીએ. કેન્દ્ર સરકારના એક અધિકારીએ જણાવ્યું હતું કે, ગત સપ્તાહે ટ્રમ્પ દ્વારા હસ્તાક્ષર કરવામાં આવેલા એક્ઝિક્યુટીવ ઓર્ડરમાં અમે એક મુખ્ય કલમ પર આધાર રાખી રહ્યા છીએ. જે "બિન-પરસ્પર વેપાર વ્યવસ્થાઓમાં સુધારા માટે મહત્ત્વપૂર્ણ પગલાં લેનારા" દેશોને રાહત આપે છે. ભારતને રાહત છે કે, તે અમેરિકા સાથે વેપાર કરાર પર વાટાઘાટો શરુ કરનારા પ્રથમ દેશોમાંનો એક છે. તેમજ ભારત કરતાં અન્ય એશિયન દેશો જેમ કે ચીન (૩૪%), વિયેતનામ (૪૬%) અને ઈન્ડોનેશિયા (૩૨%) ઊંચા ટેરિફથી પ્રભાવિત થયા છે. ટ્રમ્પના ટેરિફ વૉરનો સામનો કરતાં ચીન અને કેનેડા સહિત ઘણા દેશો સામો જવાબ આપવા તૈયાર છે. જેમાં ચીને ૧૦ એપ્રિલથી જ તમામ આયાત પર ૩૪% ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. બીજી તરફ ઈન્ડોનેશિયાએ કોઈ બદલો લેવાની ભાવના ન હોવાનું નિવેદન આપ્યું છે. વિયેતનામે પણ સંભવિત વેપાર કરારમાં તેના ટેરિફને શૂન્ય કરવા સંમતિ દર્શાવી છે. ઉલ્લેખનીય છે, ભારતે પણ અમેરિકા પર સંભવિત ટેરિફ ઘટાડવાની તૈયારી દર્શાવી હતી. તેમ છતાં ગત સપ્તાહે ટ્રમ્પે ભારત પર ૨૬ ટકા ટેરિફ લાદ્યો હોવાની જાહેરાત કરી હતી.

## કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણ યુનાઇટેડ કિંગડમ અને ઓસ્ટ્રિયાની સત્તાવાર મુલાકાતે રવાના

**ભારત-યુકે આર્થિક અને નાણાકીય સંવાદના ૧૩માં મંત્રી સ્તરીય બેઠકમાં ભાગ લેશે, યુનાઇટેડ કિંગડમ અને ઓસ્ટ્રિયા બંનેમાં થિંક ટેક, રોકાણકારો, વ્યાપારી નેતાઓ સાથે વાતચીત કરશે**



કેન્દ્રીય નાણાં અને કોર્પોરેટ બાબતોના મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણ આજે ૮ થી ૧૩ એપ્રિલ ૨૦૨૫ દરમિયાન યુનાઈટેડ કિંગડમ અને ઑસ્ટ્રિયાની સત્તાવાર મુલાકાતે રવાના થશે. શ્રીમતી સીતારમણ બંને દેશોમાં મંત્રી સ્તરની દ્વિપક્ષીય બેઠકોમાં પણ હાજરી આપવાના છે. આ યાત્રા દરમિયાન, કેન્દ્રીય નાણાં પ્રધાન ભારત - યુકે આર્થિક અને નાણાકીય સંવાદના ૧૩માં મંત્રી સ્તરીય રાઉન્ડમાં ભાગ લેશે અને યુનાઈટેડ કિંગડમ અને ઑસ્ટ્રિયામાં થિંક ટેક, રોકાણકારો, વ્યાપારી નેતાઓ સાથે વાતચીત કરશે. ભારત-યુકે આર્થિક અને નાણાકીય સંવાદ (૧૩મો EFD)નો ૧૩મો રાઉન્ડ ૯ એપ્રિલ ૨૦૨૫ના રોજ લંડન, યુનાઈટેડ કિંગડમમાં યોજાવાનો છે. ૧૩મો EFD સંવાદ કેન્દ્રીય નાણાં અને કોર્પોરેટ બાબતોના પ્રધાન અને યુકેના ચાન્સેલર ઓફ ધ એક્સચેકરના સહ-અધ્યક્ષતામાં યોજાશે. ૧૩મો EFD એ બંને દેશો વચ્ચે એક મહત્વપૂર્ણ દ્વિપક્ષીય પ્લેટફોર્મ છે જે રોકાણ બાબતો, નાણાકીય સેવાઓ, નાણાકીય નિયમો, UPI ઈન્ટરલિંકેજ, કરવેરા બાબતો અને ગેરકાયદેસર નાણાકીય પ્રવાહ સહિત નાણાકીય સહયોગના વિવિધ પાસાઓમાં મંત્રી સ્તર, અધિકારી સ્તર, કાર્યકારી જૂથો અને સંબંધિત નિયમનકારી સંસ્થાઓ વચ્ચે નિખાલસ જોડાણની તકો પ્રદાન કરે છે. ભારતીય પક્ષ માટે ૧૩માં EFD સંવાદની મુખ્ય પ્રાથમિકતાઓમાં IFSC GIFT સિટી, રોકાણ, વીમા અને પેન્શન ક્ષેત્રો, ફિનટેક અને ડિજિટલ અર્થતંત્રમાં સહયોગ અને સસ્તું અને ટકાઉ આબોહવા નાણાકીય ગતિવિધિઓને ગતિશીલ બનાવવાનો સમાવેશ થાય છે. કેન્દ્રીય નાણાં પ્રધાન અને નિવૃત્ત માનનીય ચાન્સેલર ઓફ ધ એક્સચેકર વધુ સહયોગ માટે વિવિધ અહેવાલો અને નવી પહેલોની જાહેરાત અને લોન્ચ કરવા માટે પણ તૈયાર છે. ભારત-યુકે ૧૩માં EFD દરમિયાન શ્રીમતી સીતારમણ મુખ્ય મહાનુભાવો સાથે દ્વિપક્ષીય બેઠકો, રોકાણકારોની ગોળમેજી બેઠકો અને મુખ્ય નાણાકીય સંસ્થાઓ અને કંપનીઓના વડાઓ સાથેની અન્ય બેઠકોમાં ભાગ લેશે. યુનાઈટેડ કિંગડમની સત્તાવાર મુલાકાત દરમિયાન કેન્દ્રીય નાણાં મંત્રી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના મુખ્ય કાર્યકારી અધિકારીઓની ઉપસ્થિતિમાં ભારત-યુકે રોકાણકાર ગોળમેજી બેઠકમાં મુખ્ય ભાષણ આપશે, જેમાં પેન્શન ફંડ્સ, વીમા કંપનીઓ, બેંકો અને નાણાકીય સેવાઓ સંસ્થાઓ સહિત યુકેના નાણાકીય ઈકોસિસ્ટમના મુખ્ય મેનેજમેન્ટ કર્મચારીઓનો સમાવેશ થાય છે. કેન્દ્રીય નાણાં મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણ અને યુકેના વેપાર અને વેપાર સચિવ માનનીય જોનાથન રેનોલ્ડ્સની સાથે સિટી ઓફ લંડનની ભાગીદારીમાં રાઉન્ડટેબલની સહ-યજમાની કરશે, જેમાં યુકેમાં અગ્રણી પેન્શન ફંડ્સ અને એસેટ મેનેજરોના ટોચના સીઈઓ અને વરિષ્ઠ મેનેજમેન્ટ ભાગ લેશે. સત્તાવાર મુલાકાતના ઑસ્ટ્રિયન તબક્કા દરમિયાન, કેન્દ્રીય નાણાં મંત્રી ઑસ્ટ્રિયન સરકારના વરિષ્ઠ નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠકો કરશે, જેમાં ઑસ્ટ્રિયાના નાણાં મંત્રી શ્રી માર્કસ માર્ટરબાઉર અને ઑસ્ટ્રિયાના ફેડરલ ચાન્સેલર મહામહિમ શ્રી ક્રિશ્ચિયન સ્ટોકર સામેલ થશે. શ્રીમતી સીતારમણ અને ઑસ્ટ્રિયન અર્થતંત્ર, ઉર્જા અને પર્યટન મંત્રી શ્રી વોલ્ફગેંગ હેટમેન્સડોર્ફર, મુખ્ય ઑસ્ટ્રિયન સીઈઓ સાથે એક સત્રની સહ-અધ્યક્ષતા કરશે જેથી તેઓ બંને દેશો વચ્ચે ગાઢ રોકાણ સહયોગ માટે ભારતમાં હાલની અને આગામી તકોથી વાકેફ થઈ શકે.

---

**ઈશ્વર એક જ છે, પરંતુ તેના સ્વરૂપો ઘણાં છે, અને ઈશ્વરને જુદા જુદા સ્વરૂપે ચાહનારો વર્ગ પણ બહુ મોટો છે**

# રામરાજ્યની સ્થાપના માત્ર ચાહ રાખવાથી નહીં થાય! આપણે નિષ્ક્રિયતા છોડવી પડશે!





સદ્‌ગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**દાનવ અને માનવ આ બંને શબ્દમાં પ્રથમ વર્ણાક્ષરનો ફેર છે, અને એમાં પણ કળિયુગમાં તો માનવમાં જ દાનવ સમાઈ ગયો છે, એને આસાનીથી છુટા પાડી શકાતા નથી, કદાચ એટલે જ કળિયુગના માનવીને ભોગ અત્યંત પ્રિય છે, જેમ રાવણને હતો, આટલી મોટી સોનાની લંકાનું ધન એશ્વર્ય એ ભોગવી શક્યો નહીં, કારણકે અનીતિનું આચરણ કર્યું.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આ રામ નવમી પણ પૂરી થઈ. રામ જન્મોત્સવ પણ આટલી બધી ખુશી અને આનંદથી બધાનાં જીવન ભરી દે છે તો કલ્પના કરીએ કે એ કાળમાં જ્યારે તે સ્વયં અવતાર રૂપે જન્મ્યા હશે ત્યારે સમાજમાં કેટલો આનંદ પડઘાતો હશે! ઘણાને એમ થાય કે ત્યારે પણ મંથરા હતી, અને ત્યારે પણ પેલો ધોબી હતો, કે જેના કહેવાથી પ્રભુ શ્રી રામ એ માતા સીતાનો સગર્ભાવસ્થામાં ત્યાગ કર્યો હતો, અને વનમાં મોકલી દીધા હતાં. પણ એક બે અપવાદથી સમાજનું ચિત્ર ખરાબ થઈ જતું નથી,અને એટલે જ અંતરમાં રામ તત્વ જન્મે તો આજે પણ રામરાજ્ય કોઈ દુર્લભ વાત નથી. કોઈપણ વસ્તુની ચાહ હોય તો એને મેળવવા માટે લોકો કેટલાય પ્રયત્નો કરતા હોય છે, પરંતુ આ એક વાત એવી છે કે, જેમાં આપણે નિષ્ક્રિય છીએ. એટલે કે રામરાજ્યની આપણને સૌને ચાહ છે, પરંતુ એની માટે આપણે મહેનત કરતા નથી! એનું કારણ એ છે કે એમાં આપણી જાતને તપાવવાની છે! આપણી જાતને મર્યાદા શીખવવાની છે! અને આપણી જાતને સુધારવાની છે. સમાજમાં મોટેભાગે બધાને એમ લાગે કે આપણામાં સુધારો કરવા જેવી કોઈ વાત નથી, આપણે તો સર્વગુણ સંપન્ન અને શ્રેષ્ઠ છીએ એટલે રામરાજ્ય વિશે કે અંતરમાં રામ જન્માવવા કોઈ મહેનત કરતું નથી. તો સમાજનો અમુક હિસ્સો એવું માને છે કે મારા એકના સુધરવાથી રામરાજ્ય આવી શકે નહીં, માટે મારે શું કામ સુધરવું જોઈએ! જ્યારે આપવાદરૂપે આજે પણ ઘણાને રામ પ્રત્યે કોઈ એવો ભાવ હોય નહીં, તો એ પોતાની જાતને રામ જેવા શુ કામ બનાવે? એટલે બહુ જૂજ લોકો છે જે રામરાજ્ય ઈચ્છે પણ છે, અને એની માટે કંઈક ને કંઈક પ્રયત્ન પણ કરી રહ્યા છે. સમાજનાં સર્વેક્ષણ પરથી કહી શકાય કે, આવા નાના નાના કારણોસર રામરાજ્ય થતાં થતાં અટકી જાય છે. પરંતુ હવે રાહ જોવી પોસાય એમ નથી કારણકે આપણું અસ્તિત્વ જોખમાઈ રહ્યું છે, અને એટલે જાગવું પડશે. આપણે સ્થૂળ રૂપે સુતા હોઈએ તો, જગાડવા માટે કોઈ આપણને ઢંઢોળી શકે, બાકી ઉઠવું તો આપણે જ પડે! એમ કાળ આવીને સતત ઢંઢોળી રહ્યો છે! કોઈ વાર કુદરતી આપત્તિ રૂપે આવે છે, તો કોઈ વાર કોરોના રૂપે, તો કોઈ વાર કુત્રિમ આપત્તિ રૂપે, તો કોઈ વાર વ્યક્તિગત આપત્તિ રૂપે પણ જગાડવા આવે છે. પણ આપણે છીએ કે કુંભકરણની નિંદ્રામાં સુતા છીએ, અને કાળ આપણું કંઈ નહીં બગાડી શકે એવાં દિવાસ્વપ્નાં વિચારને પોષણ આપી, ખોટી ભ્રામકતામાં જીવી રહ્યા છીએ. રામાયણના કુંભકર્ણના કથાનકને જોઈએ તો જ્યારે રામ રાવણનું યુદ્ધ થવાનું હતું, ત્યારે યુદ્ધમાં વિજયની ઈચ્છાથી રાવણ કુંભકરણને જગાડે છે અને યુદ્ધમાં મોકલે છે, કુંભકર્ણ જાણે છે કે આ અનીતિ છે, અને અનીતિ ક્યારેય નીતિ સામે જીતી શકતી નથી, અસત્ય ક્યારેય સત્ય પર વિજય પ્રાપ્ત કરી શકતું નથી. એ રીતે આપણે સૌ જાણીએ છીએ કે કુંભકરણ મરણને શરણ થયો, એટલે કે રાવણ જગાડશે તો આપણું મૃત્યુ નિશ્ચિત છે. પરંતુ વિભિષણને રામે જગાડ્યા હતાં, એટલે કે રામની ભકિતએ જગાડ્યા, રામની મર્યાદા, રામના શીલ સંસ્કાર, રામના પિતા પ્રેમના સંસ્કારની વાતો, આ બધું જ વિભિષણમાં કાન સુધી પહોંચી હતી, અને એણે રાવણનું શરણ છોડી રામનું શરણ પ્રાપ્ત કર્યું હતું, અને વિભીષણ લંકાના રાજા બને છે! છેક સુધી નીતિપૂર્વક લંકાનું શાસન કરે છે. દાનવ અને માનવ આ બંને શબ્દમાં પ્રથમ વર્ણાક્ષરનો ફેર છે, અને એમાં પણ કળિયુગમાં તો માનવમાં જ દાનવ સમાઈ ગયો છે, એને આસાનીથી છુટા પાડી શકાતા નથી. કદાચ એટલે જ કળિયુગના માનવીને ભોગ અત્યંત પ્રિય છે, જેમ રાવણને હતો. આટલી મોટી સોનાની લંકાનું ધન એશ્વર્ય એ ભોગવી શક્યો નહીં, કારણકે અનીતિનું આચરણ કર્યું. આપણે સૌએ પણ સોનાની લંકા જેટલું તો નહીં પરંતુ જીવનના આ મુકામે આપણું ભવિષ્ય સંવારી શકે એટલું ભેગું કરી લીધું છે! ત્યારે રામ નવમીનો આ તહેવાર આપણા કાનમાં કહે છે, કે રાવણની જેમ મૃત્યુને શરણ જવા તૈયાર થઈ જા, અથવા તો વિભીષણની જેમ રામનું શરણું સ્વીકારી લે, તો તું તારું અસ્તિત્વ બચાવી શકીશ! અત્યારે ત્રેતા યુગ ચાલતો નથી, એટલે પ્રભુ શ્રીરામને શરણે કેમ જવું? રામ એટલે જ સત્ય! રામ એટલે જ સત્ય;,અને સત્ય એટલે જ નીતિ! નીતિની સાવ સીધી સાદી વ્યાખ્યા કરવી હોય તો આપણે ભાગે આવેલા કર્તવ્ય કર્મ ને ઈમાનદારી પૂર્વક નિભાવવા માટેની સમાજના મહાનુભાવો કે ઋષિ મુનિઓએ બનાવેલી પ્રણાલીનું અનુસરણ! બસ એ રીતે રામને શરણે જઈ શકાય! અને જવું જ પડશે. તત્ત્વતઃ ઈશ્વર એક જ છે, પરંતુ તેના સ્વરૂપો ઘણાં છે, અને ઈશ્વરને જુદા જુદા સ્વરૂપે ચાહનારો વર્ગ પણ બહુ મોટો છે. એટલે સમાજમાં ઘણા રામને ચાહનારા પણ હશે, અને ઘણા એના જીવન ચરિત્ર માંથી ભૂલ શોધીને સમાજમાં અશાંતિ કરનારા પણ હશે. રામને ચાહનારા લોકો અન્ય લોકો પણ રામને જ ચાહે તો જ રામરાજ્ય થશે! એવો આગ્રહ રાખવાની જીદમાં જ રામરાજ્ય થતું નથી.ત્રેતા યુગમાં પ્રભુ શ્રીરામ હતા ત્યારે પણ તેનો વિરોધ કરનારા હતાં, તો આજે તો હોય જ! અરે ઉલટાનું મહેલમાં જ તેના વિરોધીઓ હતાં કે રાજ્યભિષેક તો ન થવા દીધો, પરંતુ ૧૪ વર્ષ સુધી વનમાં મોકલી દીધા! એ આપણે વનવાસનાં પ્રસંગ પરથી જોઈ શકાય છે. આપણે રામાયણ પરથી જોઈ શકીએ છીએ કે, પ્રભુ શ્રીરામના મનમાં એ લોકો માટે ક્યારેય ધૃણા કે નફરતના ભાવ આવ્યાં નથી. એના મનમાં એણે તિરસ્કાર રૂપી કોઈ મેલને જમા થવા દીધો નથી. દાનવોએ પ્રભુ શ્રીરામને ઈષ્ટ માન્યા નથી! એમણે તો એમના સંસ્કાર નિભાવવાના વચન આપ્યા નથી! પણ આપણે તો એ મર્યાદા પુરુષોત્તમને ઈષ્ટ માન્યા છે, અને એના શીલ સંસ્કારને અનુસરવાના વચન આપ્યા છે, તો આપણે શું માત્ર કહેવાના રામરાજ્યના હિમાયતી છીએ! આપણા ભાગે આવેલી આપણા પરિવારની તેમજ સમાજના કર્તવ્ય કર્મની એ પ્રણાલીને પૂર્ણપણે નીતિથી અનુસરીને, આપણે રામને પૂર્ણપણે અનુસરીએ, આપણા હૃદયમાં ભગવાન રામ ઈષ્ટદેવ તરીકે બિરાજમાન છે, મા ભગવતી સીતા પણ શક્તિ રૂપે શોભી રહ્યા છે! આવા સુંદર મનોહર દ્રશ્યની આડે ખોટા વેરઝેરની વાડ ઉભી કરી, આપણે આપણી મર્યાદા ચૂક્યા છીએ. રામ રાજ્ય માટે બસ આટલું જ કરવાનું છે કે, જે આવા નાનાં નાનાં મહત્વના કામ કરવાના હતા, એ આપણે ચૂકી ગયાં, એટલે રામરાજ્યને આવતા મોડું થયું! માનવીનો જન્મ થાય ત્યારે એનો પ્રથમ પરિચય તેના પરિવારથી થાય છે, એટલે એણે શરૂઆત પણ પરિવારથી જ કરવી પડશે. પહેલા મા બાપની ટેકણ લાકડી બનીએ! અને માતૃદેવો ભવ પિતૃદેવો ભવની સંસ્કૃતિ નિભાવીએ. દરેક જણ આવું વિચારે તો સમાજમાંથી વૃદ્ધાશ્રમો ઓછા થઈ જાય, અને એક બહુ મોટું કામ થાય! બસ એ જ રીતે પરિવારનું કર્તવ્ય કર્મ નિભાવવાનું છે, અને ધીરે ધીરે પરિવારનું પરિસર મોટું કરતાં જવાનું છે. પછી પણ જો કર્તવ્ય કર્મ નિભાવતા રહીશું, તો જ રામરાજ્ય શક્ય છે, કે જ્યાં બધા જ નરનારી પરસ્પર પ્રીતથી જોડાયેલા છે. હજી પણ કંઈ મોડું થયું નથી.આપણે સૌ રામરાજ્ય માટે આપણી જાતને શુદ્ધ કરીએ, અને સમાજમાં રામરાજ્ય સ્થપાય એ માટે આપણાથી થતું બધું જ કાર્ય કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

---

**આપણે ચૈત્રી નવરાત્રીની શક્તિ આરાધના ઉપાસના કરી હૃદય મનને શુધ્ધ નિર્મળ કરી ત્યારે ગીતાજીમાં લખ્યું છે**

# ગીતાજીમાં લખ્યું છે... જ્યારે પરિવારના સભ્યને બદલે બહારના લોકો ગમવા લાગે ત્યારે સમજી લેવાનું કે વિનાશની શરૂઆત થઈ ગઈ છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ભગવાન તો વ્યાપક છે, સર્વત્ર છે, તે અંતર્ધ્યાન થઈ શકે નહીં. અંત ર્ધ્યાન થયા એનો અર્થ એટલો જ છે કે અભિમાનરૂપી પડદો આંખ ઉપર આવ્યો એટલે ભગવાન દેખાતા નથી.ગોપીને એટલે જીવને અભિમાન થયું તેથી સખીઓને શ્રીકૃષ્ણ દેખાતા નથી, ભગવાને તે સમયે પીતાંબરથી લાજ કાઢી છે.**



આપણે ચૈત્રી નવરાત્રીની શક્તિ આરાધના ઉપાસના કરી હૃદય મનને શુધ્ધ નિર્મળ કરી ત્યારે ગીતાજીમાં લખ્યું છે..જ્યારે પરિવારના સભ્યને બદલે બહાર ના લોકો ગમવા લાગે ત્યારે સમજી લેવાનું કે વિનાશની શરૂઆત થઈ ગઈ છે તો રામાયણમાં લખ્યું છે કે,દશરથ રાજા ચક્રવર્તી રાજા હતા.નોકરો ની કાંઈ ખોટ ન હતી,તેમ છતાં કૌશલ્યા જાતે રસોઈ કરતાં.અન્ન માંથી મન બને છે,એટલેશંકાશીલ ચારિત્ર્યવાળાને રસોડામાં પેસવા દેશો નહીં.એના હાથનું ખાશો નહીં સ્વાદ વસ્તુમાં નથી પણ ભાવમાં છે.વેરી પેંડો આપશે તો ભાવશે નહીં, પત્ની પેંડો આપશે તો ભાવશે. યશોદાજી આજે વહેલા ઊઠી, સ્નાન કરી,પીત વસ્ત્ર પહેરી,દધિ મંથન કરે છે. લાલાને પોતાના હાથે માખણ બનાવી ખવડાવવું છે. તમારો પ્રત્યેક વ્યવહાર ભક્તિમય બનાવો. ઘરમાં વાસીદું વાળવું એ પણ ભક્તિ છે. માનો આ ઘર ઠાકોરજીનું છે અને ઘરમાં કચરો હશે તો ઠાકોરજી નારાજ થશે. રસોઈ કરવી એ પણ ભક્તિ છે. રસોઈ કરો ત્યારે ભાવના રાખો કે મારા ઠાકોરજી આરોગવાના છે. ઘણી બહેનો પૂછે,મહારાજ, અમારું કુટુંબ મોટું છે. તેથી આખો દિવસ રસોડામાં જ જાય છે. અમે સેવા કીર્તન કરી શકતાં નથી. હું કહું કે મોટું કુટુંબ ભાગ્યશાળી ને મળે છે.ઘરનાં સર્વને ભગવત રૂપ માની તેમની સેવા કરો.સંસાર એ ગોળી છે. સંસારના વિષયો દહીં જેવા છે. વિષયો આરંભમાં મધુર લાગે છે પણ અંતે તેમાં ખટાશ છે. સંસારના વિષયોનું વિવેકથી મંથન કરે એને ભક્તિ રૂપી માખણ મળે છે. સંસારના વિષયોરૂપી દહીંનું મંથન કરી તેમાંથી પ્રેમ રૂપી જે માખણ મળે તે પરમાત્માને અર્પણ કરવાનું છે. યશોદામાએ પુષ્ટિ ભક્તિનું સ્વરૂપ છે. યશોદામાનાં દર્શન કરો તે પછી શ્રીકૃષ્ણનાં દર્શન થશે. યશોદાનાં દર્શન કરવાનાં એટલે યશોદાજેવી ભક્તિ કરો.યશોદાએ શુદ્ધ ભક્તિ નું સ્વરૂપ છે અને એવી જ ભક્તિ ભગવાનને બાંધી શકે છે.તે વખતે માતાજી કેવાં શોભતાં હતાં, જેનું જીવન શુદ્ધછે,પવિત્રછે,તેનેભજનાનંદમળેછે.એઆનંદકાયમ ટકે છે. કાયમ ટકે તે ધ્રુવ- ભજનાનંદ ધ્રુવ-ભોજનાનંદ અધ્રુવ.માટે સુનીતિનો પુત્ર ધ્રુવ, સુનીતિનું ફળ ધ્રુવ. ધ્રુવ એટલે અવિનાશી.જેનો કદી નાશ થતો નથી તે પદ,અનંત સુખ. બ્રહ્માનંદ નો વિનાશ થતો નથી,તેથી નીતિને આધીન રહે તેને ધ્રુવ મળશે,બ્રહ્મા નંદ મળશે. આ મનુષ્ય સુનીતિને આધીન બને તો સદાચારી બને છે અને સુરુચિ ને આધીન બને તો દુરાચારી બને છે. આ બે આનંદ તમારી પાસે મૂક્યાઃ એક વિષયાનંદ અને બીજો બ્રહ્મા નંદ અથવા ભજનાનંદ. બેમાંથી તમે કોને પસંદ કરશો? ભજનાનંદ જ પસંદ કરવા જેવો છે. પહેલો ક્ષણિક સુખ આપે છે.પણ પરિણામમાં દુઃખ આપે છે. બીજો શરૂઆતમાં એક ક્ષણ દુઃખ આપે છે પણ પરિણામે સુખ આપે છે. બે મિત્રો યાત્રા કરવા નીકળ્યા છે. એક મિત્રને આદત પડી ગયેલી કે, પલંગ વગર ઊંઘ આવે નહીં. પલંગ સાથે તકિયો-ઓશિકું બધું જોઈએ.એટલે એણેએ બધું સાથે લીધું.એક જગ્યાએ મજૂર ન મળ્યો.મજૂર વગર કોણ કાકો આ બધું ઊપાડે? ભાઈએ પલંગ વગેરે સઘળો સામાન માથે ઊંચક્યો. રસ્તામાં એક સજ્જન મળ્યા. તેણે આ ભાઈની દશા જોઈ કહ્યું, આ બોજ વગર યાત્રા કરો ને?પેલો મનુષ્ય જવાબ આપે છે કે, ભલે બોજ ઊંચકવો પડે, પણ રાત્રે સૂવાની મજા આવે છે ને!આ બીજાની કથા નથી, આ આપણી કથા છે.જીવાત્મા યાત્રા કરવા માટે નીકળ્યો છે.તુચ્છ ક્ષણિક સુખ માટે મનુષ્ય આખો દિવસ ગદ્ધા વૈતરું કરે છે.દુઃખનો પહાડ માથે રાખે છે! ક્ષણિક સુખ માટે કેટલી ઉપાધિ, કેટલી ચિંતા ! શુકદેવજી વર્ણન કરી શકતા નથી પણ માતાજીનાં પ્રત્યક્ષ દર્શન કરી રહ્યા છે. ભગવાન તો વ્યાપક છે,સર્વત્ર છે, તે અંતર્ધ્યાન થઈ શકે નહીં. અંત ર્ધ્યાન થયા એનો અર્થ એટલો જ છે કે અભિમાનરૂપી પડદો આંખ ઉપર આવ્યો એટલે ભગવાન દેખાતા નથી.ગોપીને એટલે જીવને અભિમાન થયું તેથી સખીઓને શ્રીકૃષ્ણ દેખાતા નથી. ભગવાને તે સમયે પીતાંબરથી લાજ કાઢી છે. ગોપીઓ માને છે કે આ તો અમારામાંની એક છે, એટલે ઓળખી શકાતી નથી. શ્રીકૃષ્ણ પરમાત્મા તો વ્યાપક છે. ગોપીઓ શ્રીકૃષ્ણને બહાર શોધે છે પણ એમને અંદર શોધવાના છે ભગવાનને હૃદયમાં જ શોધવાના છે, પણ અજ્ઞાનને લીધે એ સૂઝતું નથી. દશ પંડિતો વિદ્યાભ્યાસ કરવા ગયેલા. રસ્તામાં એક નદી આવી, નદી ઓળંગીને બધા સામે પાર આવ્યા.ત્યાં તેઓને લાગ્યુંકે, આપણામાંનો કોઈ રહી ગયો તો નથી ને? એટલે તેઓએ ગણતરી શરૂ કરી. એક પછી એક પંડિત સંખ્યા ગણે. પણ પોતાને તેમાં ગણે નહીં, એટલે સંખ્યા દશને બદલે નવ થયા. હાય,હાય દશમો ગયો કયાં? નક્કી નદીમાં તણાઈ ગયો. એમ માની પંડિતો રડવા લાગ્યા. એક મહાત્મા ત્યાંથી પસાર થયા. પંડિતોને રડવાનું કારણ પૂછયું, પંડિતોએ પોતાની મૂંઝવણ રજૂ કરી. મહાત્માએ એમનો ભ્રમ ભાંગ્યો. અજ્ઞાનને લીધે જીવ પોતાને ગણતો નથી. જ્ઞાનીએ પૂરાં દશ ગણી બતાવ્યા. સંખ્યા પૂરી દશ તો હતી જ, પણ અજ્ઞાનને લીધે દશ દેખાતા ન હતા.એટલે કે અજ્ઞાનને લીધે જ દેખાતું નથી તે જ્ઞાનથી દેખાવા લાગે છે. આ પ્રસંગ સૂચવે છેકે પરમાત્માનો સાક્ષાત્કાર થયા પછી પણ સાવધ રહેજો.ઘણીવાર જ્ઞાનીઓ પણ સાક્ષાત્કાર પછી ભાનભૂલ્યા છે. કારણ સિદ્ધિઓ મળે એટલે પ્રતિષ્ઠા વધે. કામ અદશ્ય રહીને મનુષ્યને મારે છે. ક્રોધ જાય, લોભ જાય, પણ કામ જતો નથી.ઘણાખરા અનર્થો કામમાંથી થયા છે. કામ મરે તેના માટે સંસાર રહેતો નથી,તે મુક્ત છે. કામનું મરણ થાય કેવી રીતે? ભગવાનનાં દર્શન, સ્મરણ, ચિંતન અને કીર્તન વિના એ શક્ય નથી.મનનો વિરોધ એનાથી જ જશે.સેવા અને ભક્તિ એ જ એકમાત્ર સાધન છે. ભાગવત એ ભવરોગની દવા છે. પણ સઘળાં વ્રત પાળવાં જોઈએ મહાપુરુષો વેદશાસ્ત્રની મર્યાદા તોડતા નથી. શ્રીકૃષ્ણ હંમેશાં ચાર વાગે બ્રાહ્મ મુહુર્તમાં ઊઠતા. વલ્લભાચાર્ય મહાપ્રભુજી હંમેશાં ત્રિકાળસંધ્યા કરતા હતા. મહાપ્રભુજી એક દિવસ જગન્નાથ જીના મંદિરમાં ગયેલા. એકાદશીનું વ્રત હતું. એવામાં મંદિરમાંથી હાથ માં સુખડીનો પ્રસાદ આવ્યો. હવે શું કરવું? પ્રસાદ આરોગે છે તો એકાદશી વ્રતનો ભંગ થાય છે અને નથી આરોગતા,તો પ્રભુના પ્રસાદનું અપમાન થાય છે. વ્રતભંગ કરાય નહીં અને પ્રસાદ પણ છોડાય નહીં. સામાન્ય માણસ ગમે તે એકનું પાલન કરે અને બીજું છોડી દે. પણ મહાપ્રભુ જીએ બંનેનું પાલન કર્યું. વ્રતની અને પ્રસાદની બંનેની તેમણે મર્યાદા રાખી. કેવી રીતે? ભગવાનના પ્રસાદનું અપમાન ન થાય અને એકાદશીનું વ્રત ન તોડાય તે માટે આખી રાત તેમણે હાથમાં પ્રસાદ રાખ્યો. વાચક ચાહક મિત્રો, કાળઝાળ ગરમીના પ્રકોપ વચ્ચે જીવનની એક એક ક્ષણ આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન થકી પસાર કરી રહયા છીએ આપ સૌને પણ આ ગરમીમાં બિન જરૂરી બહાર ન નીકળીએ આરોગ્યની કાળજી રાખો બસ એ જ આ લેખમાળાનો ઉદ્દેશ હૃદય મનને શાંત શુદ્ધ કરવા માટેનો જ છે.અસ્તુ.

# રણબીર સાથે હોટ સિન્સ આપવા શું એક્સ ગર્લફ્રેન્ડ દીપિકા તૈયાર થશે ખરા?



## જો અભિનેત્રી આ ફિલ્મ સાઈન કરશે તો તેને રણબીર કપૂરની ઓપોઝીટ કામ કરવાનું રહેશે

બોલીવૂડની ઘણી એવી જોડીઓ છે જેમને સાથે ફિલ્મ કરતા કરતા પ્રેમ થઈ જાય અને ઘણીવાર ફિલ્મ પૂરી થાય એટલે પ્રેમ પણ પૂરો થાય. આવું જ એક કપલ રણબીર કપૂર અને દીપિકા પદુકોણ છે. એક સમયે બન્ને પ્રેમમાં હતા અને લગ્ન કરવાની લગભગ તૈયારીમાં હતા, પરંતુ બન્ને વચ્ચે બ્રેક અપ થયો અને બન્ને પોત-પોતાના રસ્તે ચાલ્યા ગયા. હાલમાં બન્ને પરણી ગયા અને દીકરીના મા-બાપ પણ થઈ ગયા છે. રણબીર કપૂરે આલિયા ભટ્ટ અને દીપિકાએ રણવીર સિંહ સાથે લગ્ન કર્યા, પણ હવે રણબીર અને દીપિકા ફરી એક સાથે જોવા મળે તેવી સંભાવના છે. આ અઘરું કામ શકય કરશે ફિલ્મનિર્દેશક સંજય લીલા ભણસાલી. સંજય લીલા ભણસાલીની ફિલ્મ લવ એન્ડ વૉરમાં રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિકી કૌશલ જેવા સ્ટાર્સ છે ત્યારે હવે દીપિકા પદુકોણ પણ જોડાય તેવી સંભાવના છે. દીપિકાને આ ફિલ્મમાં ૪૦ મિનિટ માટેના કેમિયો રોલની ઓફર કરવામાં આવી છે. જો અભિનેત્રી આ ફિલ્મ સાઈન કરશે તો તેને રણબીર કપૂરની ઓપોઝીટ કામ કરવાનું રહેશે. માત્ર એટલું નહીં પણ મીડિયા રિપોટ્ર્સનું માનીએ તો આ બન્ને વચ્ચ હૉટ સિન્સ પણ હોઈ શકે છે. રણબીર અને વિકી કૌશલ આ ફિલ્મમાં આર્મી ઓફિસર તરીકે કામ કરી રહ્યા છે અને એકબીજાની વિરુદ્ધ છે જ્યારે આલિયા સાથે લવ ટ્રાયેંગલ હોવાની સંભાવના છે. હવે દીપિકાના આવવાથી ચોથો કયો એંગલ સંજય લીલા ભણસાલી આપે છે તે ખબર નથી. ફિલ્મ આવતા વર્ષે ૨૦૨૬માં રિલિઝ થશે. દીપિકાએ ફિલ્મ હજુ સાઈન કરી નથી, પણ જો સાઈન કરશે તો તેમની રીલ લાઈફની સાથે રીયલ લાઈફમાં કોઈ તોફાન ન આવે તો સારું.

# સલમાન ખાન વ્યક્તિગત રીતે ચાહકોને પૂછે છે, "મારે આગળ શું કરવું જોઈએ?"

## સિકંદરના ઉદાસીન પ્રતિભાવ પછી, સલમાન ખાન ચાહકો સાથે તેમનો પ્રામાણિક પ્રતિસાદ સાંભળવા અને તેમના ભાવિ પ્રોજેક્ટ્સની યોજના બનાવવા બેસે છે

સલમાન ખાને એક દુર્લભ પગલું ભર્યું જેણે ઘણા લોકોના દિલ પીગળી ગયા. કોઈ ચમકદાર દેખાવ કે પ્રમોશનલ ઈવેન્ટને બદલે, તેણે થોડા ચાહકો સાથે એક સાદી મુલાકાત પસંદ કરી અને કંઈક ખૂબ જ વાસ્તવિક - ફિલ્મોમાં તેના ભવિષ્ય વિશે વાત કરી. અને આ વખતે, તે સ્ટેજ પરથી બોલી રહ્યો ન હતો. તે ત્યાં જ હતો, મિત્રની જેમ તેમની વચ્ચે બેઠો હતો અને પૂછતો હતો, "મારે હવે શું કરવું જોઈએ?" તાજેતરમાં જ રિલીઝ થયેલી ફિલ્મ સિકંદર'ને બોક્સ ઓફિસ પર મિશ્ર પ્રતિસાદ મળ્યા બાદ, સલમાનને લાગ્યું કે હવે થોભવાનો અને ચિંતન કરવાનો યોગ્ય સમય છે. તે પોતાના ચાહકો પાસેથી સીધા સાંભળવા માંગતો હતો જે તેના માટે સૌથી મહત્વપૂર્ણ છે. હિન્દુસ્તાન ટાઈમ્સના અહેવાલ મુજબ, આ કોઈ પીઆર સ્ટંટ નહોતો. તે એક શાંત, અનૌપચારિક મેળાવડો હતો જ્યાં વાસ્તવિક વાતચીત થઈ હતી. એક સૂત્રએ HT ને જણાવ્યું હતું કે, "સલમાન તેના ચાહકો સાથે જોડાયેલા રહેવા માંગે છે અને તેમના વિચારો સીધા સાંભળવા માંગે છે. તે ખુલ્લા સંવાદ માટે એક પ્લેટફોર્મ બનાવી રહ્યો છે, જ્યાં તે તેના પ્રોજેક્ટ્સ પ્રત્યેની તેમની પ્રતિક્રિયાઓ અને તેઓ તેની પાસેથી શું અપેક્ષા રાખે છે તે સમજી શકે છે. તાજેતરની મુલાકાત એક કેઝ્યુઅલ, એજન્ડા-મુક્ત મેળાવડા હતી જેથી આ શક્ય બને." ચાહકો પાછળ રહી શક્યા નહીં. તેમણે સિકંદરમાં તેમને શું ગમ્યું અને ક્યાં ચૂકી ગયું તે વિશે વાત કરી. સલમાને સંપૂર્ણ ધ્યાનથી સાંભળ્યું, ક્યારેક હસતાં, ક્યારેક માથું હલાવતા. તેમણે તેમનો ઉષ્માભર્યો આભાર માન્યો અને કહ્યું કે તેમની ખુશી ખરેખર તેમના માટે મહત્વપૂર્ણ છે. તેમણે ઉમેર્યું કે તેઓ એવી સ્ક્રિપ્ટો પસંદ કરવા માંગે છે જે તેમના ચાહકોને ગર્વ કરાવે. વ્યાવસાયિક મોરચે, સંજય દત્ત સાથે ગંગા રામ, કિકની સંભવિત સિક્વલ અને દિગ્દર્શક એટલી સાથેના સંભવિત પ્રોજેક્ટ માટે ફરી મુલાકાત થવાની વાતો ચાલી રહી છે. અહેવાલોમાં એ પણ ઉલ્લેખ છે કે સલમાન તેની બધી વર્તમાન પ્રતિબદ્ધતાઓનું પાલન કરશે. સૂત્રએ શેર કર્યું, "સલમાન તે પ્રોજેક્ટ્સ પર કામ કરશે જે તેણે સાઈન કર્યા છે.



# ભણશાલી લવ એન્ડ વોરને પૈન ઈન્ડિયા રિલીઝ કરશે

સંજય લીલા ભણશાલી હાલ પોતાની આગામી ફિલ્મ લવ એન્ડ વોરના શૂટિંગમાં વ્યસ્ત છે. નિર્માતા-દિગ્દર્શક રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિક્કી કૌશલ સાથેની આ ફિલ્મની રિલીઝ માટે એક નવી યોજના કરી રહ્યો હોવાનો રિપોર્ટ છે. જેના અનુસાર, ભણશાલી પોતાની ફિલ્મ લવ એન્ડ વોરને પૈન - ઈન્ડિયા રિલીઝ કરવાની તૈયારી કરી રહ્યો છે. રણબીર કપૂર અને વિક્કી કૌશલની રિલીઝ થયેલી ફિલ્મોના બોક્સઓફિસના આંકડા જોઈને તેણે નિર્ણય કર્યો હોવાનું કહેવાઈ રહ્યું છે. બોલીવૂડની ફિલ્મોને હવે સર્જરો નવી-નવી બાઉન્ડ્રી સેટ કરી રહ્યા છે. ઉત્તરથી લઈને દક્ષિણ સહિતની દરેક માર્કેટને ફિલ્મસર્જકો ટાર્ગેટ કરવાની પ્લાનિંગ કરી રહ્યા છે. તેથી ભણશાલી પણ હવે આ બદલાવ સાથે જોડાવાના પ્રયાસ કરી રહ્યો છે. બોલીવૂડની ફિલ્મોને હવે સર્જરો નવી-નવી બાઉન્ડ્રી સેટ કરી રહ્યા છે ઉત્તરથી લઈને દક્ષિણ સહિતની દરેક માર્કેટને ફિલ્મસર્જકો ટાર્ગેટ કરવાની પ્લાનિંગ કરી રહ્યા છે ભૂતકાળમાં પણ ભણશાલીની ફિલ્મોએ સારી કમાણી કરી છે, પરંતુ હવે સમયના પરિવર્તન સાથે ફિલ્મસર્જકોએ પોતાના પ્રોજેક્ટના સારા પરિણામો માટે નવા નવા નિર્ણયો લેવા પડશે.



# 'મસ્ત સમય પસાર થયો, પરેશ ગંટારાએ વાગલે કી દુનિયામાં ટ્રિપલ રોલ



'વાગલે કી દુનિયા - નયી પીઢી નયે કિસી ' તેના મધ્યમ વર્ગના સંઘર્ષો અને હૃદયસ્પર્શી કૌટુંબિક ક્ષણો સાથે લોકોના દિલ જીતવાનું ચાલુ રાખે છે. મજામાં વધારો કરતા, પીઢ હાસ્ય અભિનેતા પરેશ ગણાત્રા શોમાં એક ખાસ ભૂમિકામાં જોડાવા માટે તૈયાર છે, જે જ્યોતિ (ભક્તિ ચૌહાણ) ના ત્રિપુટી ભાઈઓ - સુધાંશુ, હિમાંશુ અને દીપાંશુની ભૂમિકા ભજવીને ત્રણ ગણું હાસ્ય લાવશે. આગામી ટ્રેક દર્શકોને એક યાદગાર સફર પર લઈ જાય છે કારણ કે રાજેશ (સુમિત રાઘવન), વંદના (પરિવા પ્રણતિ), અથર્વ (શેહાન કપાહી) અને સખી (ચિન્મયી સાલ્વી) રાજેશની ભૂતકાળની સૌથી મોટી ભૂલોમાંથી એક - એક દુર્ભાગ્યપૂર્ણ લગ્ન કરવાનો પ્રયાસ - યાદ કરે છે. ફ્લેશબેકમાં, વેગલ્સ યાદ કરે છે કે કેવી રીતે રાજેશે વંદનાની મિત્ર, સંધ્યાને એક અત્યાધુનિક કાર્ડિયાક સર્જન ડૉ. સુધાંશુ સાથે સેટ કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, એક ક્લાસિક મિશ્રણ સંધ્યાને તેના બે ખૂબ જ અલગ ભાઈઓ - હિમાંશુ, એક કઠોર અને બેશરમ વ્યક્તિત્વ, અને દીપાંશુ, એક અતિશય ભાવનાત્મક કેટરર - ને મળવા તરફ દોરી જાય છે. પરિણામે મૂંઝવણ ભૂલોનો એક કોમેડી ઉભો કરે છે જે દર્શકોને વિભાજીત કરી દેશે. પરેશ ગણાત્રા , જે ત્રણ વિરોધી ભાઈઓ - સુધાંશુ, હિમાંશુ અને દીપાંશુની ભૂમિકા ભજવી રહ્યા છે, તેમણે કહ્યું, "વાગલે કી દુનિયા એક એવો શો છે જે વાસ્તવિક, સંબંધિત વાર્તા કહેવા સાથે હળવા હૃદયના ક્ષણોને સુંદર રીતે મિશ્રિત કરે છે, અને જ્યારે મને તેનો ભાગ બનવાની તક મળી ત્યારે હું ખૂબ જ રોમાંચિત થઈ ગયો. એક જ સમયે ત્રણ સંપૂર્ણપણે અલગ પાત્રો ભજવવા એ ચોક્કસપણે એક પડકાર છે, પરંતુ એક એવો કે જેને હું ખુશીથી સ્વીકારું છું.

# સુભાષએ જોગેશ્વરીના પોતાના બે ફ્લેટ ૧૧.૬૧ કરોડ રૂપિયામાં વેચ્યા

## આ પહેલા આ જ વરસમાં તેણે બાંદરામાં એક ફ્લેટ ખરીદ્યો અને અંધેરીનો એક ફ્લેટ વેચ્યો

બોલીવુડનો જાણીતો ફિલ્મ નિર્માતા આ વરસે પ્રોપર્ટીમાં લે-વેચ કરવાથી ચર્ચામાં છે. તેણે હાલમાં જ જોગેશ્વરીના તેના બે એપાર્ટમેટ ૧૧.૬૧ કરોડ રૂપિયામાં વેંચી નાખ્યા છે. હાલ બોલીવૂડની સેલિબ્રિટીઓ પ્રોપર્ટીમાં લે-વેચ કરવાથી ચર્ચામાં છે, આ પહેલા આ જ વરસમાં તેણે બાંદરામાં એક ફલેટ ખરીદ્યો અને અંધેરીનો એક ફલેટ વેચ્યો તેની આ સંપત્તિઓ મુક્તા ટેલી આર્ટસ પ્રાઈવેટ લિમિટેડના નામ પર વેંચવામાં આવી છે. આ બન્ને એપાર્ટમેન્ટની પ્રત્યેક કિંમત ૫. ૮૦ કરોડ રૂપિયા છે. જે ૮૮૯ અને ૧૦૬૭ સ્કે. ફૂટ એરિયા ધરાવે છે. જેના દરેક યુનિટ દીઠ ૩૪.૮૩ લાખ રૂપિયા સ્ટેમ્પ ડયૂટી અને ૩૦૦૦૦ રૂપિયા ફલેટ દીઠ રજિસ્ટ્રેશનના ચુકવવામાં આવ્યા છે. સુભાષ ઘાઈએ આ પહેલા આ જ વરસમાં જાન્યુઆરીમાં તેના અને તેની પત્નીના સંયુક્ત નામના અંધેરીના એપાર્ટમેન્ટને ૧૨.૮૫ કરોડમાં વેંચ્યો હતો. જે તેણે ૨૦૧૬માં ૮.૭૨ કરોડ રૂપિયામાં લીધો હતો. આ ફલેટના વેંચાણથી તેમણે ૪૭ ટકાનો નફો મેળવ્યો હતો તેમજ ફેબ્રુઆરીમાં સુભાષ અને તેની પત્ની મુક્તા ઘાઈએ બાંદારમાં ૨૪ કરોડ રૂપિયાનો એક વિશાળ ૪ બેડરૂમ, હોલ કિચનનો ફ્લેટ ખરીદ્યો હતો. જેમાં ત્રણ પાર્કિંગની સુવિધા પણ છે. આ ફલેટ માટે ૧.૪૪ કરોડ રૂપિયાની સ્ટેમ્પ ડયુટી સામેલ હતી. હાલ બોલીવૂડની સેલિબ્રિટીઓ પ્રોપર્ટીમાં લે-વેચ કરવાથી ચર્ચામાં છે. હાલ ગૌરી ખાને, અક્ષયકુમારે પોતાના ફલેટ વેચ્યાના સમાચાર હતા.



### આ શોમાં એસીપી પ્રદ્યુમ્નને મૃત બતાવાશે

# CIDમાંથી ACPપ્રદ્યુમ્નની વિદાય, શિવાજી સાટમે શો છોડી દીધો

ભારતીય ટેલિવિઝનમાં સૌથી લોકપ્રિય શો સીઆઈડીની નવી સીઝન થોડાં વખત પહેલાં જ ફરી એક વાર શરૂ થઈ છે. પરંતુ હવે તેમાં મોટું પરિવર્તન આવવાનું છે, આ શોનું સૌથી લોકપ્રિય પાત્ર ભજવતા શિવાજી સાટમ અન્ય શો અને ફિલ્મોમાં વિવિધ રોલ કરવા છતાં માત્ર એસીપી પ્રદ્યુમ્ન નામથી જ સૌથી વધુ લોકપ્રિય થયા છે. ત્યારે હવે શિવાજી સાટમ આ શો છોડી રહ્યા છે એવા અહેવાલો છે. સોશિયલ મીડિયા પર શિવાજી સાટમ અને તિગ્માંશુ ધુલિયાનો એક વીડિયો પણ વાયરલ થયો છે, જેમાં તિગ્માંશુ શિવાજી સામે બંદુક તાકીને ઉભેલા દેખાય છે.સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર હવે આ શોમાં એસીપી પ્રદ્યુમ્નને મૃત બતાવાશે. થોડાં વખતથી તિગ્માંશુ ધુલિયા સીઆઈડીમાં કુર અને કુખ્યાત આંખ ગેંગના લીડર બાર્બોસાનો રોલ કરે છે. તે આ શોમાં એસીપીને મારી નાખશે. આવનારા એપિસોડમાં સીઆઈડીની ટીમને મારી નાખવા માટે બાર્બોસા બોમ્બ મુકશે એવું બતાવવામાં આવશે. આ બ્લાસ્ટમાં સાઆઈડી ટીમના બાકીના સભ્યો બચી જશે, પરંતુ શિવાજી સાટમ નહીં બચે. હવે એવા અહેવાલો પણ છે કે પ્રોડક્શન હાઉસે આ પાત્ર માટે ઓડિશન પણ શરૂ કરી દીધાં છે. નવા એસીપી માટે ઓડિશન ચાલે છે પણ હજુ કોઈ સિલેક્ટ થયું નથી. એસીપી પ્રદ્યુમ્નના મૃત્યુનો એપિસોડ શૂટ થઈ ગયો છે અને ટૂંક સમયમાં ટીવી પર આવી જશે. હવે નવા એસીપી કેટલા અસરકારક હશે તે જોવાનું રહેશે.






ભારતીય ટેલિવિઝનમાં સૌથી લોકપ્રિય શો સીઆઈડીની નવી સીઝન થોડાં વખત પહેલાં જ ફરી એક વાર શરૂ થઈ છે



# રાજામૌલીના સહયોગ પછી પ્રિયંકા અલ્લુ સાથેની ફિલ્મમાં કામ કરશે

ચાહકો માટે એક રોમાંચક અપડેટમાં, અહેવાલો સૂચવે છે કે પ્રિયંકા ચોપરા જોનાસ ટૂંક સમયમાં દક્ષિણના સુપરસ્ટાર અલ્લુ અર્જુન સાથે ડિરેક્ટર એટલી સાથેના તેમના આગામી પ્રોજેક્ટમાં સ્ક્રીન સ્પેસ શેર કરી શકે છે. જ્યારે સત્તાવાર જાહેરાત હજુ સુધી થઈ નથી, ત્યારે આ હાઈ-ઓક્ટેન ફિલ્મની ચર્ચા પહેલાથી જ હેડલાઈન્સમાં છે. લેટ્સ સિનેમાના તાજેતરના અહેવાલ મુજબ, પ્રિયંકાને આ અનટાઈટલ્ડ પ્રોજેક્ટ માટે મુખ્ય અભિનેત્રી તરીકે ગણવામાં આવી રહી છે. જોકે, નિર્માતાઓએ હજુ સુધી તેણીના કાસ્ટિંગની પુષ્ટિ કરી નથી. પિંકવિલાના એક સૂત્રએ જણાવ્યું હતું કે આ ફિલ્મ "સમાંતર બ્રહ્માંડ" પર આધારિત હશે અને સન પિક્ચર્સ દ્વારા તેનું નિર્માણ કરવામાં આવશે. અહેવાલમાં એ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે આ ફિલ્મ માટે અલ્લુ અર્જુનને મોટી રકમ ચૂકવવામાં આવી રહી છે. અગાઉ, અફવાઓ એવી હતી કે આ ફિલ્મ બે હીરોનો પ્રોજેક્ટ હોઈ શકે છે, પરંતુ અર્જુનની ટીમે પાછળથી સ્પષ્ટતા કરી હતી કે અભિનેતા બેવડી ભૂમિકા ભજવશે. આ ફિલ્મ અલ્લુ અર્જુન અને એટલી વચ્ચેનો પ્રથમ સહયોગ હશે, અને ચાહકો પહેલાથી જ આ અનોખા સંયોજનને લઈને ઉત્સાહિત છે. અલ્લુ અર્જુન છેલ્લે પુષ્પા ૨: ધ રૂલમાં જોવા મળ્યો હતો, જ્યાં તેણે લાલ ચંદનના દાણચોર પુષ્પરાજુની ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મમાં રશ્મિકા મંદન્ના અને ફહાદ ફાસિલ પણ હતા, જેમાં એક્શન અને ડ્રામાથી ભરપૂર એક આકર્ષક વાર્તા હતી. દરમિયાન, પ્રિયંકા ચોપરા એસએસ રાજામૌલી સાથેના તેના આગામી પ્રોજેક્ટ, જેનું નામ SSMB29 છે, સાથે પણ ધૂમ મચાવી રહી છે. આ ફિલ્મમાં મહેશ બાબુ અભિનીત છે અને તે એક જંગલ સાહસિક ફિલ્મ હોવાનું કહેવાય છે, જેનું શૂટિંગ મોટા પાયે કરવામાં આવ્યું છે. પૃથ્વીરાજ સુકુમારન પણ આ ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવે છે, જે હવે બે ભાગની શ્રેણીને બદલે એક જ ફિલ્મ હોવાની પુષ્ટિ થઈ છે.




# અભિનેત્રી શ્રદ્ધા કપૂરને પોતાની કારકીર્દી ૬ ફિલ્મ ઇનકાર કરવાનો ભારે પસ્તાવો

## સલમાનની ફિલ્મ 'લકીઃ નો ટાઇમ ફોર લવ'માં કામ કરવાનો પણ ઇનકાર કરી દીધો હતો

શ્રદ્ધા કપૂરે એક બે નહી, આ ૬ ફિલ્મોની ઓફર ફગાવી દીધી હતી અને તેમની મોટા ભાગની ફિલ્મોએ તો તગડી કમાણી કરી છે. શ્રદ્ધાએ પોતાના કરિયરમાં ઘણી હિટ ફિલ્મો આપી છે. પરંતુ અભિનેત્રીએ ઘણી મોટી ફિલ્મોની ઓફરોને નકારી પણ કાઢી છે. બોલીવુડ અભિનેત્રી શ્રદ્ધા કપૂર ઈન્ડસ્ટ્રીની ટોચની અભિનેત્રીઓમાંની એક છે. શ્રદ્ધા કપૂરે પણ અર્જુન કપૂરની ફિલ્મ નકારી કાઢી હતી. જોકે, આ ફિલ્મ બોક્સ ઓફિસ પર વધારે કમાણી કરી શકી નહીં. આ યાદીમાં કાર્તિક આર્યનની હોરર કોમેડી ફિલ્મ 'ભૂલ ભુલૈયા ૨' પણ સામેલ છે. શ્રદ્ધાએ પણ આ ફિલ્મની ઓફર નકારી કાઢી હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સુપરહિટ સાબિત થઈ. એસએસ રાજામૌલીની ફિલ્મ 'આરઆરઆર' બોક્સ ઓફિસ પર બ્લોકબસ્ટર રહી હતી. તમને જાણીને પણ નવાઈ લાગશે કે શ્રદ્ધા કપૂરે પણ આ ફિલ્મમાં કામ કરવાની ઓફર નકારી કાઢી હતી. પરિણીતી પહેલા શ્રદ્ધા કપૂરને બેડમિન્ટન ખેલાડી સાયના નેહવાલના જીવન પર આધારિત ફિલ્મ સાયના માટે પસંદ કરવામાં આવી હતી. શ્રદ્ધા કપૂરે સુપરસ્ટાર સલમાન ખાનની ફિલ્મ 'લકીઃ નો ટાઈમ ફોર લવ'માં કામ કરવાનો પણ ઈનકાર કરી દીધો હતોપણ તેણે તે કરવાનો ઈનકાર કર્યો.આમિર ખાન અને અમિતાભ બચ્ચનની ફિલ્મ 'ઠગ્સ ઓફ હિન્દુસ્તાન' માટે શ્રદ્ધા કપૂર નિર્માતાઓની પહેલી પસંદગી હતી. જોકે, તેમણે તેમ કરવાનો ઈનકાર કર્યો શ્રદ્ધા કપૂરે સુપરસ્ટાર સલમાન ખાનની ફિલ્મ 'લકીઃ નો ટાઈમ ફોર લવ'માં કામ કરવાનો પણ ઈનકાર કરી દીધો હતો. મોટા ભાગની ફિલ્મોએ તો તગડી કમાણી કરી.





# ભાજપ સ્થાપના દિવસ નિમિતે હવન કુંડ પર ભાજપનનુ ધ્વજ લઈ વિશેષ રીતે સ્થાપના દિનની ઉજવણી કરાઈ

## જય દશામા વિદ્યા મંદિર ખાતે રામનવમી નિમિતે વિશેષ હવન પૂજા કરવામાં આવી


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૭ ।

૦૬/૦૪/૨૦૨૫ રામનવમીના પાવનપર્વના અવસરે પ્રભુ શ્રી રામના પ્રાગટ્ય દિન નિમિત્તે જય દશામાં વિદ્યા મંદિરના પ્રમુખ મુકેશ ડામોર અને જિલ્લા સભ્ય સુમન ડામોર દ્વારા શાળા પ્રાંગણમા હવન-પૂજા વિધી કરવામાં આવી..તૅમજ સાથે સાથે ભારતીય જનતા પાર્ટીનાં ૪૫મા સ્થાપના દિવસે હવન કુંડ પાસે ભાજપનો ધ્વજ સાથે રાખી વિશેષ રીતે ઉજવણી કરાઈ હતી.ભાજપના કાર્યકર્તાઓના માનવા મુજબ જનસેવા થકી રાષ્ટ્રસેવાનાં ભારતીય જનતા પાર્ટીનાં સંસ્કારને વધુને વધુ સાકાર કરવાનો સંકલ્પ પ્રમુખ મૂકેશ ડામોર તેમજ ઉપસ્થિત કાર્યકર્તાઓએ લીધો હતો.

ભારતભૂમિના પ્રાણપુરુષ, અનંત ગુણવૈભવના સ્વામી એવા ભગવાન શ્રી રામની કૃપા સૌ ઉપર સદૈવ બની રહે અને સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ સંયમ અને વિવેક લાવે તેવી કામના હવન કુંડ પર બેસી કરવામાં આવી હતી. આ વર્ષે રામલલ્લા પાવન ભૂમિ અયોધ્યામાં બિરાજમાન થયા છે. સૌ ભારતવાસીઓના હ્રદયમાં અત્યંત હરખ વ્યાપ્યો જોવાઈ રહેલ છે. રામજીના આશિષથી ભારત દેશ દેશ પુનઃ વૈભવના પરમ શિખરે પહોંચે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.

# દાહોદ ખાતે જિલ્લા કક્ષાની પાવર લીફ્ટિંગની (Deadlift) સ્પર્ધામાં સનાતન વર્લ્ડ પરિવારના ઉપાધ્યક્ષશ્રીએ ગોલ્ડ મેડલ જીત્યા


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૭ ।

તા.૬-૪-૨૦૨૫ રવિવાર શ્રી રામ નવમીના પાવન દિવસે યોજાયેલ જિલ્લા કક્ષાની પાવર લીફ્ટિંગની (Deadlift) સ્પર્ધા દાહોદ ડિસ્ટ્રીક્ટ પાવર લિફ્ટિંગ એસોસિએશન દ્વારા યોજાઈ હતી. જેમાં પીપલોદના ધ પાવર હાઉસ જીમ ની ટીમ માંથી સનાતન વર્લ્ડ પરિવાર લીમખેડા ના ઉપાધ્યક્ષ શ્રી મેહુલભાઈ ભરવાડને ગોલ્ડ મેડલ તથા જુનિયર વિભાગમાં સનાતન વર્લ્ડ પરિવાર પીપલોદના ઉપાધ્યક્ષ શ્રી અક્ષુભાઈ પટેલને ગોલ્ડ મેડલ દાહોદ ના ધારાસભ્ય શ્રી કનૈયાલાલ કિશોરી સાહેબના હસ્તે ગોલ્ડ મેડલ આપવામાં આવ્યા. જે બદલ સનાતન વર્લ્ડ પરિવાર દાહોદ ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે. અને આવનાર સમયમાં દાહોદ જિલ્લાનું ગુજરાત લેવલે નામ રોશન કરો એવી પ્રભુ શ્રી રામ ને પ્રાર્થનાં કરે છે.

# ઝાલોદ નગર રામમય બન્યું.... જય શ્રી રામ.... જય શ્રી રામના નાદથી આખું નગર ગુંજી ઉઠયું

## ઝાલોદ નગરમાં રામ જન્મોત્સવ નિમિતે આન બાન શાન થી ભવ્ય રામયાત્રા યોજાઈ



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૭ ।

ઝાલોદ નગર સનાતન હિન્દુ ઉત્સવ સમિતિ દ્વારા મર્યાદા પુરુષોત્તમ શ્રી રામના જન્મોત્સવ નિમિતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આજ રોજ રામ જન્મોત્સવ નિમિતે વહેલી સવારે ૬ વાગે ધર્મ ધ્વજા હાથમાં લઈ નગરના રાજમાર્ગો પર પ્રભાતફેરી યોજાઈ હતી. લહેરાતા કેસરી ધ્વજ સાથે પ્રભાત ફેરીમા જોડાનાર સહુ રામ ભક્તો ગાળામાં કેસરીયા મફલર નાંખી રામધૂન સાથે આખા નગરને રામમય બનાવી દીધું હતું.

સવારે ૧૦ કલાકે ગીતામંદિર ખાતે રામ જન્મોત્સવ નિમિતે ભવ્ય ભજન સંધ્યા યોજી ૧૨ વાગે મર્યાદા પુરુષોત્તમ એવા શ્રી રામનો જન્મ પ્રસંગ ઉજવવામાં આવ્યો હતો. રામલલ્લાના જન્મોત્સવ નિમિતે મોટા પ્રમાણમાં નગરના રામ ભક્તો ગીતા મંદિર ખાતે જોડાયેલ હતા ત્યારબાદ ભગવાન શ્રી રામની મહાઆરતી કરવામાં આવી હતી. ઉપસ્થિત સહુ રામ ભક્તોએ જય શ્રી રામના નાદ સાથે મંદિર પરિસર ગુંજાવી દીધેલ હતું.

ભગવાન શ્રી રામનો ભવ્યાતિભવ્ય રથ તૈયાર કરવામાં આવેલ હતો. ભગવાનના રથની સજાવટ તેમજ રથમાં બિરાજમાન મર્યાદા પુરુષોત્તમનો અનુપમ શણગાર આંખે વળગે એવો હતો તેમજ ભગવાન શ્રી રામ નગરની રામયાત્રામાં સ્વયં આવ્યા હોય તેવું સર્વ રામ ભક્તોને પ્રતીત થતું હતું. સાંજે ચાર વાગે ગીતા મંદિર ખાતે ભગવાન શ્રી રામની ભવ્ય આરતી કર્યા બાદ ભગવાન શ્રી રામના રથને નગરમાં પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

નગરના રામ ભક્તો હાથમાં કેસરીયા ધ્વજ લઈ નગરના રાજ માર્ગો પર નીકળ્યા હતા. ભક્તિમય વાતાવરણ વચ્ચે યોજાયેલ રામયાત્રા એ નગરમાં અનેરું આકર્ષણ ઊભું કર્યું હતું નગરના રામ ભક્તો ભગવાન શ્રી રામની યાત્રામાં મોટા પ્રમાણમાં જોડાયેલ હતા. હાથમાં ભગવાન શ્રી રામની ધર્મ ધ્વજા લઈ રામ ભક્તો નાચતા ઝૂમતા જોવા મળતા હતા સહુ કોઈ રામની ભક્તિમાં લીન થઈ રામમય બની ગયેલ હતા. ભગવાન શ્રી રામની રામયાત્રા દરમ્યાન અલગ અલગ વિસ્તારમાં રામ ભક્તો દ્વારા રામયાત્રામા જોડાયેલ ભક્તો માટે પાણી, શરબત,છાશ જેવી ઘણી બધી વ્યવસ્થા કરવામાં આવી હતી. રામયાત્રા દરમ્યાન ડીજે પર વાગતા ભક્તિમય ભજનો તેમજ રામ યાત્રીઓ પર નગરના રાજમાર્ગો પર અલગ અલગ વિસ્તારમાં પુષ્પવર્ષા પણ કરવામાં આવી હતી. રાત્રિ દરમ્યાન ડીજેની અનોખી લાઈટીંગ તેમજ મોબાઈલની લાઈટ સાથે રામયાત્રા મનમોહક લાગતી હતી. નગરમાં યોજાયેલ રામયાત્રામાં રામ ભક્તો એ જય શ્રી રામના નાદ સાથે નગરનું વાતાવરણ ગુંજાવી દીધેલ હતું. નગરમા રામ જન્મોત્સવ નિમિતે યોજાયેલ રામયાત્રાનુ સમાપન ભવ્ય મહા આરતી સાથે સમાપન શબરી આશ્રમ ખાતે કરવામાં આવ્યું હતું. આજના રામ જન્મોત્સવ નિમિતે ભગવાન શ્રી રામના સહુ કોઈ લોકો દર્શનનો લ્હાવો લે તે માટે નગરના રામ પ્રેમી દ્વારા બસ સ્ટેશન થી ટીટોડી આશ્રમ સુધી ફ્રી રીક્ષાનુ આયોજન પણ કરવામાં આવ્યું હતું જેનો લ્હાવો નગરના લોકોએ લીધો હતો.નગરના શબરી આશ્રમ ખાતે રામયાત્રામાં જોડાયેલ દરેક રામ ભક્તો તેમજ નગરના સર્વે રામ ભક્તો માટે મહા પ્રસાદીનુ આયોજન કરવામાં આવ્યું હતું. નગરમાં રામ નવમીના વિશેષ દિન નિમિતે નગરના સહુ રામ ભક્તો શબરી આશ્રમ ખાતે આવેલ મંદિરે અવશ્ય દર્શન કરવાનો લ્હાવો લઈ મહાપ્રસાદી લેતા હોય છે. આજના રામ જન્મોત્સવ નિમિતે નગરના ૭૦૦૦ થી વધુ લોકો ટીટોડી આશ્રમ ખાતે દર્શન કરવા આવતા હોય છે તેમજ આજની રામયાત્રામા ૪૦૦૦ થી વધુ લોકોએ મહા પ્રસાદીનો લાભ પણ લીધેલ હતો.

આજની રામ જન્મોત્સવ નિમિતે યોજાયેલ રામયાત્રામાં ઝાલોદ પોલીસ દ્વારા નગરના દરેક વિસ્તારોમાં સતર્ક રહી સવારથી જ બાજ નજર રાખી સતત પેટ્રોલીંગ કર્યું હતું તેમજ નગરમા રામયાત્રાના દરેક રૂટ પર પોલિસ દ્વારા ટ્રાફિક નિયમન સાથે સુંદર વ્યવસ્થા ગોઠવેલ હતી તેમજ સાથે સાથે નગરપાલિકા દ્વારા પણ રામયાત્રા નિમિતે નગરના રાજમાર્ગો પર યાત્રા સારી રીતે પસાર થાય તેની કાળજી રાખી હતી અને રામયાત્રા દરમ્યાન નગરમા કોઈ વિસ્તારમાં અંધારું ન રહે તે માટે સ્ટ્રીટ લાઈટની એકસ્ટ્રા વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.પોલિસના સુંદર સહકાર દ્વારા નગરમાં સુંદર વ્યવસ્થા તેમજ નગરના દરેક નાગરિકોના હકારાત્મક અભિગમ થકી રામયાત્રા શાંતિ પૂર્ણ વાતાવરણ વચ્ચે સંપન્ન થઈ હતી.

# ઝાલોદ તાલુકાના સ્ટેટ-પંચાયત આવેલ રસ્તાઓનુ તાત્કાલિક સર્વે કરી નવા બનાવવા માટે આમ આદમી પાર્ટી દ્વારા માંગ કરવામાં આવી


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૭ ।

ઝાલોદ તાલુકામાં આવેલ મોટે ભાગે ડામર રસ્તાઓ (સ્ટેટ-પંચાયત) ખૂબ તૂટેલી હાલતમાં છે. હાલ ગ્રામીણ વિસ્તારોમા લગ્નસરા તેમજ મકાનના વાસ્તા મોટા પ્રમાણમાં ચાલી રહેલ છે મોટા ભાગના ગ્રામીણ વિસ્તારોમાં રહેનાર લોકો પાસે પોતાનું વાહન (બાઈક) હોય છે અને તેઓ આ રસ્તાઓ પર થી મોડી રાત સુધી પણ અવરજવર કરતા હોય છે.

ઘણીવાર આ તૂટેલા રસ્તાઓને લઈ અકસ્માતો સર્જાયેલ છે અને આ તૂટેલા રસ્તાઓને લઈને અકસ્માતોમા કોઈના જાનહાનિ કે મરણ પણ થયેલ છે તો આ માટે જવાબદાર કોણ...?.આવા ગંભીર અકસ્માતો સર્જાય છતાંય તંત્ર આ બધું મૌન ધારણ કરીને બેઠું હોય તેમ લાગી રહેલ છે. ગ્રામીણ તરફ જતા આવા રસ્તાઓ પર તંત્ર આંખ આડા કાન કરીને કોઈ હજુ મોટા કે ગંભીર અકસ્માતો થાય તેની રાહ જોઈ રહેલ છે તેવું લાગી રહેલ છે. જવાબદાર તંત્ર તાત્કાલિક આ તૂટી ગયેલ રોડનું સમારકામ કરાવે અને તુટી ગયેલ રોડનુ સર્વે કરી નવા પાકા રસ્તા માટે ગ્રાન્ટ મંજુર કરે તેવી માંગ આમ આદમી પાર્ટી દ્વારા નાયબ કાર્યપાલક ઈજનેર અને પ્રાંત અધિકારીને લેખિત આવેદનપત્ર આપી કરવામાં આવી હતી તેમજ આમ આદમીના પ્રમુખ અનિલ ગરાસીયા દ્વારા તૂટી ગયેલ રોડનો વિડિયો પણ પ્રાંત અધિકારીને બતાવવામાં આવ્યો હતો તેમજ આ અંગે યોગ્ય કાર્યવાહી કરવા આમ આદમી પાર્ટીના ઉપસ્થિત સહુ કાર્યકર્તાઓ દ્વારા માંગ કરવામાં આવી હતી તેમજ જો આ અંગે જો જલ્દી કાર્યવાહી કરવામાં નહીં આવે તો આવનાર દિવસોમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની લેખિત ચીમકી પણ આપવામાં આવી હતી.

# માનનીય ધારાસભ્ય શ્રી રાજેશભાઈ ઝાલા સાહેબના વરદ હસ્તે વાઘાવત અપ્રૂજી રોડના નવિન સ્લેબ ડ્રેઇનના કામનું ખાતમૂહૂર્ત કરાયું


તસ્વીર : રાજેશ શર્મા, આતરસુંબા

। (પ્રતિનિધી) આતરસુંબા, તા.૭ ।

છેલ્લા ત્રણેક વર્ષથી ચોમાસામાં ભારે વરસાદને કારણે કપડવંજ અને કઠલાલ તાલુકાના ગામોને જોડતા અપ્રુજી-વાઘાવત-આતરસુંબા રોડ ઉપર વાત્રક નદીના કોતરોથી વારંવાર ધોવાણ થતા ગરનાળાની જગ્યાએ સરકારશ્રી ની મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત રૂ. ૨૯૭.૦૦ લાખના ખર્ચે બનનાર નવીન સ્લેબ ડ્રેઈન ની કામગીરીનું આજરોજ માનનીય ધારાસભ્યશ્રી રાજેશભાઈ ઝાલા સાહેબ તથા કઠલાલ તાલુકા પંચાયત પ્રમુખ શ્રી અમરસિંહ રાઠોડના વરદ હસ્તે ખાતમુહુર્ત કરવામાં આવ્યું.

આ પ્રસંગે વિસ્તારના આગેવાનો સર્વ શ્રી મૂળરાજસિંહ સોલંકી, શ્રી રાજેશભાઈ શર્મા, શ્રી પ્રવિણસિંહ સોલંકી વાઘાવત, શ્રી જયંતિભાઈ સોલંકી, વાઘાવત સરપંચ શ્રી દિપસિંહ સોલંકી, અપ્રૂજી પૂર્વ સરપંચ શ્રી બુધાજી સોલંકી, શ્રી ગૌતમસિંહ સોલંકી, શ્રી ફતેસિંહજી, સુરાવત પૂર્વ સરપંચ શ્રી કાનસિંહજી, વાઘાવત પૂર્વ સરપંચ શ્રી બકાભાઈ સોલંકી તેમજ અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા.

વાત્રક કાંઠાના ગામોને ચોમાસા દરમિયાન ભારે વરસાદથી વાહનવ્યવહારમાં પડતી તકલીફ હવે દૂર થશે.. ભારે વરસાદ દરમિયાન વાહનવ્યવહાર વારંવાર ખોરવાઈ જતો જે સમસ્યા હવે દૂર થઈ જશે.. પંથકના વાહન ચાલકોમાં ખુશીની લહેર પ્રસરી છે.

# ધારાસભ્ય હાર્દિક પટેલ દ્વારા વિરમગામ ખાતે આયોજીત સામાજિક એકતા ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૫નું સમાપન



। (પ્રતિનિધી) વિરમગામ, તા.૭ ।

વિરમગામ : વટથી વિરમગામ, મનથી માંડલ, દિલથી દેત્રોજ અને કંઠે નળકાંઠો. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ''ખેલો ઈન્ડીયા'' અભિયાન અંતર્ગત છેલ્લા એક મહિનાથી વિરમગામમાં ગુજરાત સરકારના રમત-ગમત અને યુવક સેવા વિભાગના સહયોગ અને ધારાસભ્ય હાર્દિક પટેલ દ્વારા આયોજીત સામાજિક એકતા ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૫ નું રવિવાર રાત્રે સાંસદ ચંદુભાઈ શિહોરા અને ધારાસભ્ય હાર્દિક પટેલની ઉપસ્થિતિમાં પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. સાંસદ ચંદુભાઈ શિહોરા અને ધારાસભ્ય હાર્દિક પટેલે વિજેતા ટીમ, ઉપવિજેતા ટીમ, શ્રેષ્ઠ ખેલાડી, ગેમ ચેન્જર અને શ્રેષ્ઠ બેટ્સમેન-બોલર તરીકે પસંદગી થયેલ ખેલાડીઓને રોકડ રકમ, ટ્રોફી તથા આકર્ષક ઈનામો આપીને પ્રોત્સાહિત કર્યા હતા. વિરમગામના ધારાસભ્ય હાર્દિક પટેલે જણાવ્યું હતું કે, એક મહિના દરમિયાન એક હજાર ખેલાડી અને હજારો પ્રેક્ષકોએ સામાજિક એકતાને મજબૂત કરવાનું કામ કર્યું હતું. આ ટુર્નામેન્ટને સફળ બનાવવા બદલ વિરમગામ, માંડલ અને દેત્રોજ ક્રિકેટ એસોસિયેશન, મારી ટીમના સૌ સાથીઓ, પોલીસ મિત્રો અને વિરમગામ શહેરની જાહેર જનતાનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું તેમજ ટુર્નામેન્ટમાં નાનો મોટો સહયોગ આપીને સ્પોન્સર બનેલા તમામ લોકોનો પણ આભાર વ્યક્ત કરું છું.

# ગરાડુ સહિત વિવિધ ગ્રામ પંચાયતમાં રોજગાર દિવસની ઉજવણી કરાઈ


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૭ ।

દાહોદ જિલ્લા અધિકારીના માર્ગદર્શન હેઠળ ઝાલોદ તાલુકાના ગરાડુ સહિત દાહોદ જિલ્લામાં વિવિધ ગ્રામ પંચાયત ખાતે રોજગાર દિવસની ઉજવણી કરવામાં આવી.મનરેગા અંતર્ગત ગ્રામ્ય કક્ષાએ કામની અપૂર્ણ માંગની સચોટ નોંધણી કરવા અને મનરેગા યોજનામાં શ્રમિકો,કામદારોના અધિકારોને અસરકારક રીતે પહોંચાડવા અને ફરિયાદોનું નિવારણ કરવા મહાત્મા ગાંધી મનરેગા ગ્રામ રોજગાર દિવસનું આયોજન ગ્રામ પંચાયત સ્તરે કરવામાં આવ્યું હતું.

# દાહોદ જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં રજૂ કરેલી અરજીનો તાત્કાલિક કરાયો નિકાલ

## દાહોદ કલેક્ટરની સૂચનાથી ઝાલોદ ડેપો મેનેજર દ્વારા દાહોદથી ખોરવા જતી બસોને સુથારવાસા મોજાઈ ગામ સુધી લંબાવાઇ


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૭ ।

કલેક્ટર યોગેશ નિરગુડેના અધ્યક્ષ સ્થાને યોજાયેલ દાહોદ જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં ઝાલોદ તાલુકાના સુથારવાસા ગામના અરજદાર બચુભાઈ ગણાવા દ્વારા દાહોદથી ખોરવા જતી બસોને સુથારવાસા મોજાઈ ગામ સુધી લંબાવવા અરજી કરવામાં આવી હતી.

નાગરિકોને પડતી મુશ્કેલીઓનો તાત્કાલિક પણે ઉકેલ લાવવા માટે કલેક્ટર દ્વારા અરજદારની અરજી ધ્યાને લઈ તાત્કાલિક સ્વાગત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા ઝાલોદ ડેપો મેનેજરને તાત્કાલિક ધોરણે બસ ચાલું કરવાની સૂચના આપી જણાવ્યું હતું કે, નાગરિકોને કોઈપણ પ્રકારની મુશ્કેલી પડવી જોઈએ નહીં, જેથી બને એટલા ઝડપથી બસોને નાગરિકોની માંગણી મુજબ ચાલુ કરવા જણાવ્યું હતું.

કલેક્ટરએ આપેલ સુચના મુજબ ઝાલોદ ડેપો મેનેજર દ્વારા દાહોદથી ખોરવા જતી બસોને સુથારવાસા મોજાઈ ગામ સુધી લંબાવવામાં આવી છે. પહેલી બસ મોજાઈ પહોચતા ગામના આગેવાનો સાથે વિદ્યાર્થીઓ પણ આવી પહોચ્યા હતા. આઠ હજારની વસ્તી ધરાવતા ગામને બસનો લાભ મળ્યો છે. અરજદાર બચુ ગણાવા તથા ગામ લોકો દ્વારા એસ.ટી. બસને વધાવી ફુલહાર કરી મોજાઈ ગામથી પ્રસ્થાન કરવામાં આવ્યું હતું.

# આજનું રાશિ ભવિષ્ય.....


**મેષ (અ,લ,ઇ) :**
આજે થોડી મોજ-મજા માટે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો. જો તમને લાગે છે કે તમારી જોડે પૂરતું ધન નથી તો ઘર ના કોઈ મોટા થી ધન સંચિત કરવા ની સલાહ લો. આજે તમને તમારા જીવનમાં સાચા પ્રેમની કમી લાગશે.ચિંતા ન કરો સમય સાથે બધું જ બદલાઈ જાય છે અને તેમાં તમારૂં રૉમેન્ટિક જીવન પણ અપવાદ નથી.


**વૃષભ (બ,વ,ઉ) :**
આજે માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. સુંદર સ્મિત સાથે તમારા પ્રેમી કે પ્રેમિકાનો દિવસ ઝળકાવો. આજે તમને છૂપો શત્રુ મળશે તેને તમને ખોટા પાડવાનું ગમશે.


**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમારો કોઈ મિત્ર તમારી ઉદારતા તથા સહનશક્તિની મર્યાદાની કસોટી કરી શકે છે. તમારા મૂલ્યોનું જતન કરવામાં અને તમારા દરેક નિર્ણયમાં તર્કસંગત રહેવાની તકેદારી તમારે રાખવી પડશે. નાણાકીય જીવન માં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો. તમારે તમારો વધારાનો સમય બાળકોનો સાથ માણવામાં વિતાવવો જોઈએ.


**કર્ક (ડ,હ) :**
આજે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્રનો કૉલ આવશે.


**સિંહ (મ,ટ) :**
આજના દિવસે મિત્ર સાથે તમારી ગેરસમજ કેટલાક અપ્રિય પ્રત્યાઘાતોને આમંત્રણ આપશે અને કોઈ પણ નિર્ણય જોહેર કરતા પહેલા સંતુલિત મંતવ્ય મેળવો. આજે ધન લાભ થવાની શક્યતા તો છેજ પરંતુ એવું પણ થયી શકે છે કે પોતાના ગુસ્સેલ સ્વભાવ ના લીધે તમે પૈસા કમાવા માં સક્ષમ ના થયી શકો. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય.


**કન્યા (પ,ઠ,ણ) :**
આજે રમતગમત તથા અન્ય આઉટડૉર પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી તમે તમારી ખોવાયેલી શક્તિ ભેગી કરવામાં તમને મદદ મળશે. ગ્રુપને લગતી પ્રવૃત્તિઓ સાથે સંકળાવાથી તમે નવા મિત્રો બનાવશો. આકાશ તમને વધુ તેજસ્વી લાગશે, ફૂલો વધુ રંગીન જણાશે, તમારી આસપાસ બધું જ ઝળકતું હોવાનો આભાસ તમને થશે, કેમ કે તમે પ્રેમમાં છો.


**તુલા (ર,ત) :**
આજના દિવસે ગરદન -કમરમાં સતત દુખાવાથી તમે પીડાવ એવી શક્યતા છે. જો આ દુખાવા સાથે તમે સામાન્ય નબળાઈ પણ અનુભવતા હો તો તેની અવગણના કરશો નહીં. આજે આરામ મહત્વનો પુરવાર થશે. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો?


**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારા ખભા પર ઘણી જવાબદારી આવી પડી છે અને નિર્ણય લેવા માટે મગજની સ્પષ્ટતા તમારી માટે મહત્વની સાબિત થશે. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે. તમારે ભવિષ્યની ચિંતા વિના વતર્તમાનને માણવાની જરૂર છે.


**ધન (ભ,ધ,ફ) :**
આજે કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે,જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે.


**મકર (ખ,જ) :**
આજે તમારા સ્વાસ્થ્ય વિશે ચિંતા કરતા નહીં, કારણ કે આવું કરવાથી તમારી બીમારી વધી શકે છે. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો. તમારૂં બાળક જેવું તથા નિદોર્ષ વર્તન પારિવારિક સમસ્યા ઉકેલવામાં મહત્વની ભૂમિકા ભજવશે.


**કુંભ (ગ,શ,સ) :**
આજે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ છે . નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો.


**મીન (દ,ચ,ઝ,થ) :**
આજનો દિવસ એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. પ્રૉપર્ટીને લગતા સોદા સાકાર થશે તથા અકલ્પ્ય લાભ લાવશે. ઘરના મોરચે મુશ્કેલીઓનો ચરૂ ઉકળી રહ્યો છે આથી તમે જે બોલો છો તે અંગે સાવચેતી રાખજો. કામદેવના બાણથી બચવાની શક્યતા આજે ઓછી છે.

## ન્યૂઝ બ્રિફ

### UPના સીતાપુરમાં આંબેડકર, બુદ્ધની પ્રતિમા હટાવાતાં ઘર્ષણ

। (એજન્સી) સીતાપુર, તા.૭ ।

ઉત્તરપ્રદેશના વિભારપુર ગામમાં સરકારી જમીન પરથી બી.આર. આંબેડકર અને ભગવાન બુદ્ધની પ્રતિમાઓ હટાવવા મામલે ગ્રામજનો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયા બાદ તણાવ ફેલાયો હતો. ગ્રામજનોએ પથ્થરમારો કરતા આઠ પોલીસકર્મી ઘાયલ થયા હતા. આ ઘટનાના સંદર્ભમાં પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી છે.ગ્રામજનો દ્વારા ૧૧ માર્ચે પંચાયત ભવનની સામે બનાવેલા પ્લેટફોર્મ પર પ્રતિમાઓ સ્થાપિત કરવામાં આવી હતી. ફરિયાદ બાદ તાલુકા વહીવટીતંત્રે ૧૨ માર્ચે પ્રતિમાઓ દૂર કરવા માટે નોટિસ પાઠવી હતી. જોકે, ગ્રામજનોએ આ પગલાનો વિરોધ કર્યો હતો. શનિવારે મહોલીમાં આયોજિત ફરિયાદ નિવારણ કાર્યક્રમ દરમિયાન આ મામલો ફરી સામે આવ્યો હતો. નવી સૂચનાઓ પર કાર્યવાહી કરતા મહોલી સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ શશિબિંદ દ્વિવેદી અને સર્કલ ઓફિસર વિશાલ ગુપ્તા પોલીસ અને મહેસૂલ અધિકારીઓની સંયુક્ત ટીમ સાથે ગામમાં પહોંચ્યા હતા અને બુલડોઝર સાથેની ટીમે વિવાદિત સ્થળ પરથી પ્રતિમાઓ દૂર કરી હતી.પોલીસ અને વહીવટી અધિકારીઓ જવાની તૈયારી કરી રહ્યા હતા ત્યારે જ ગામના એક જૂથે તેમના પર પથ્થરમારો કર્યો હતો. જેમાં ૮ પોલીસકર્મી ઘાયલ થયા હતા અને સર્કલ ઓફિસરના વાહનને નુકસાન થયું હતું. અધિક પોલીસ અધિક્ષક (દક્ષિણ) પ્રવીણ રંજને જણાવ્યું હતું કે, પ્રતિમાઓ હટાવવાની કામગીરી વખતે ગ્રામજનો શાંત હતા. પરંતુ ટીમ જવાની તૈયારી હતી.

### દારૂના નશામાં ચૂર ટીવી સિરિયલના ડિરેક્ટરે ભીડ પર ચલાવી કાર

। (એજન્સી) કોલકાતા, તા.૭ ।

પ.બંગાળની રાજધાની કોલકાતાના સૌથી વ્યસ્ત બજારમાંથી એક ઠાકુરપુર બજારમાં રવિવારે સવારે એક કાર ભીડ પર ફરી વળી. આ દુર્ઘટનામાં એક વ્યક્તિ મૃત્યુ પામી જ્યારે અન્ય ઘણાં ઈજાગ્રસ્ત થયા. પોલીસે આ મામલે જ્યારે તપાસ કરી તો જાણ થઈ કે કારચાલક એક જાણીતા ટીવી સિરિયલનો ડિરેક્ટર હતો. તેની સાથે કારમાં એક પ્રસિદ્ધ બંગાળી એન્ટરટેઈનમેન્ટ ચેનલના કાર્યકારી નિર્માતા સવાર હતો. ઘટના બાદ સ્થાનિકોએ બંનેને પકડી પાડ્યા હતા અને ગુસ્સામાં ભીડે જોરદાર મેથીપાક ચખાડી બંનેને પોલીસના હવાલે કરી દીધા હતા. ત્યારબાદ પોલીસે સિદ્ધાંત દાસ ઉર્ફે વિકટોની ધરપકડ કરી હતી. વિકટો બંગાળી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ કરતો એક ડિરેક્ટર છે. તે ઘટના સમયે કાર હંકારી રહ્યો હતો. કારમાં એક બંગાળી એન્ટરટેઈનમેન્ટ ચેનલની એક્ઝિક્યૂટિવ પ્રોડ્યુસર શ્રેયા બસુ નામની મહિલા યાત્રી હતી. સૂત્રોનો દાવો છે કે ડેલી સિરિયલની સફળતા બાદ બંને ઉજવણી કરવા માટે શનિવારે રાતે કોલકાતાના સાઉથ સિટી મોલમાં અડધી રાતે પાર્ટી કરવા પહોંચ્યા હતા. મોટાભાગના લોકો દારૂના નશામાં ચૂર થઈને રાતે બે વાગ્યે નીકળ્યા હતા. જોકે સિદ્ધાંત દાસ અને શ્રેયા બસુ કાર લઈને નશામાં જ નીકળી પડ્યા હતા. સૂત્રોએ કહ્યું કે તેઓ ઘરે ન પહોંચ્યા અને કારણ વિના નશામાં કાર લઈને ફરતા રહ્યા. રવિવારે સવારે અચાનક તેમની કાર ઠાકુરપુર બજારમાં ઘૂસી ગઈ અને એક પછી એક અનેક લોકોને ફંગોળી નાખ્યા. એક પ્રત્યક્ષદર્શીએ કહ્યું કે તેમની કાર વિષ્ણુપુર તરફથી આવતી હતી. પોલીસના જણાવ્યાનુસાર આ દુર્ઘટનામાં અત્યાર સુધી કુલ ૯ લોકો ઈજાગ્રસ્ત થયાની માહિતી મળી છે.



રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ ૬ એપ્રિલના રોજ પોર્ટુગલના લિસ્બનમાં આગમન કર્યું.

### થાઈલેન્ડની બે મહિલાઓ ઝડપાઈ

## ૩૯ કરોડના હાઇડ્રોપોનિક ગાંજા સાથે એરપોર્ટથી બે મહિલા ઝડપાઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

દિલ્હી એરપોર્ટ પરથી નશીલા પદાર્થો સાથે બે મહિલાઓ ઝડપાઈ હતી. મળતા અહેવાલ પ્રમાણે થાઈલેન્ડથી આવેલી બે મહિલાઓની પાસેથી ૩૯ કરોડ રૂપિયાના માદક પર્દાથો મળી આવ્યા છે. આ માદક પર્દાથોને ભારતના વિવિધ વિસ્તારોમાં પહોંચાડવાના હતાં પરંતુ એરપોર્ટ પર તૈનાત કસ્ટમ અધિકારીઓની સતર્કતાથી આ પદાર્થો કબજે કરી લેવામાં આવ્યા હતાં. ૩૬.૮૯ કિલો ગાંજો ઝડ઼પાયોનવી દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ અધિકારીઓએ મોટી કાર્યવાહી કરી ૩૬.૮૯ કિલો હાઈડ્રોપોનિક ગાંજો જપ્ત કર્યો છે. આ ગાંજો થાઈલેન્ડની બે મહિલા યાત્રીઓની પાસેથી જપ્ત કરવામાં આવ્યો છે. જે બેંગકોકથી ફલાઈટ નંબર ટીજી-૩૨૩ દ્વારા પહોંચી હતી. કસ્ટમ અધિકારીઓએ પ્રોફાઈલિંગના આધારે બંને યાત્રીઓને ગ્રીન ચેનલ પર રોક્યા હતાં અને તેમની ઝીણવટભરી તપાસ કરી હતી.તપાસ દરમિયાન એક ગ્રે રંગ અને એક ઓલિવ ગ્રીન રંગની ટ્રોલી બેગમાંથી કુલ ૪૨ પોલિથીન પાઉચ જપ્ત કર્યા હતાં. જેમાંથી માદક પર્દાથો મળી આવ્યા હતાં. જેનું કુલ વજન ૩૬,૮૯૩ ગ્રામ હતું. થાઈલેન્ડની મહિલાઓની ટ્રોલી બેગમાંથી મળેલા પદાર્થોની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે જપ્ત કરવામાં આવેલ માદક પદાર્થ ગાંજો છે.

### જાન્યુઆરીમાં સત્તામાં આવ્યા પછી સૌથી મોટો વિરોધ પ્રદર્શનો

## ટ્રમ્પ, મસ્કની નીતિઓ સામે સમગ્ર USમાં ઉગ્ર દેખાવો

### ટ્રમ્પ સલાહકાર અને ટેસ્લા, સ્પેસએક્સ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ Xના માલિક મસ્ક સરકારી કર્મચારીઓની છટણીમાં મોટી ભૂમિકા ભજવી રહ્યાં છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૭ ।

અમેરિકાના ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના સલાહકાર ઈલોન મસ્કની નીતિઓનો વિરોધ કરવા માટે અમેરિકાના મોટાભાગના શહેરોની શેરીઓમાં હજારો લોકો ઉમટી પડ્યાં હતા અને ઉગ્ર વિરોધ કર્યો હતો. વોશિંગ્ટન, ન્યુ યોર્ક, હ્યુસ્ટન, ફ્લોરિડા, કોલોરાડો અને લોસ એન્જલસ સહિત ૧૨૦૦થી વધુ જગ્યાઓ પર વિરોધ રેલીનું આયોજન કરાયું હતું. વોશિંગ્ટનમાં, હજારો વિરોધીઓ નેશનલ મોલ પર એકઠા થયા હતાં જ્યાં ડઝનબંધ વક્તાઓએ ટ્રમ્પનો વિરોધ કર્યો હતો.



ટ્રમ્પ જાન્યુઆરીમાં સત્તામાં આવ્યા પછી શનિવારના દેખાવો સૌથી મોટા હતાં. સરકારી કર્મચારીઓની છટણી, અર્થતંત્ર, માનવાધિકાર સહિતના મુદ્દે ટ્રમ્પની નીતિઓનો વિરોધ કરાયો હતો. ૧૫૦થી વધુ સંગઠનોએ તમામ ૫૦ રાજ્યોમાં ૧,૨૦૦થી વધુ જગ્યાએ 'હેન્ડ્સ ઓફ' આંદોલન કર્યું હતુ. આ સંગઠનમાં નાગરિક અધિકાર સંગઠન, કર્મચારી યુનિયન, LBGTQ+, વાજબી ચૂંટણી કાર્યકર્તા વગેરેનો સમાવેશ થાય હતો. આ વિરોધ રેલીઓ એકંદરે શાંતિપૂર્ણ રહી હતી અને કોઈની ધરપકડ કે અટકાયતના અહેવાલ મળ્યાં ન હતાં. હજારો સરકારી કર્મચારીઓની છટણી, સામાજિક સુરક્ષા વિભાગની ફિલ્ડ ઓફિસો બંધ કરવી, કેટલીક એજન્સીઓના પાટિયા પાડી દેવા, ઈમિગ્રન્ટ્સને દેશનિકાલ કરવા, ટ્રાન્સજેન્ડર લોકોની સુરક્ષામાં ઘટાડો અને આરોગ્ય યોજનાના ફંડમાં ઘટાડો જેવા નિર્ણયોનો વિરોધ થયો હતો. ટ્રમ્પ સલાહકાર અને ટેસ્લા, સ્પેસએક્સ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ Xના માલિક મસ્ક સરકારી કર્મચારીઓની છટણીમાં મોટી ભૂમિકા ભજવી રહ્યાં છે. તેઓ નવા બનાવેલા ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સીના વડા તરીકે ખર્ચકાપના આકરા પગલાં લઈ રહ્યાં છે.

## ઈઝરાયેલના હુમલામાં ગાઝામાં વધુ ૨૪ નાગરિકોનાં મોત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

ગાઝા પટ્ટી પર ઈઝરાયેલી હુમલાઓમાં ૧૦ મહિલાઓ અને બાળકો સહિત ઓછામાં ઓછા ૨૪ લોકોના મોત થયા છે. ઈઝરાયેલે હમાસની સાથે યુદ્ધવિરામ સમજૂતી કરી હતી, પરંતુ તે પૂર્ણ થતાં જ ગત મહિનાથી ફરી હવાઈ અને જમીની હુમલાઓ તેજ કરી દીધા છે. આ હુમલાઓ આતંકવાદીઓને યુદ્ધવિરામ અને બંધકોને મુક્ત કરવા માટે એક નવી સમજૂતિ સ્વીકારવાનું દબાણ બનાવવા માટે કેટલાય હુમલા કર્યા અને કેટલાક વિસ્તારો પર કબજો કર્યો. ઈઝરાયેલે ભોજન, ઈંધણ અને માનવીય સહાયની આયાત પરણ રોકી દીધી છે. તાજેતરમાં, દક્ષિણમાં આવેલા ખાન યુનિસ શહેરમાં એક તંબૂ ને એક ઘર પર હુમલો કર્યો, જેમાં પાંચ પુરુષો, પાંચ મહિલાઓ અને પાંચ બાળકો માર્યા ગયા છે. આ માહિતી નાસિક હોસ્પિટલે આપી છે. જ્યાં તમામના મૃતદેહો પડ્યા છે. ઉલ્લેખનીય છે કે આતંકવાદી સંગઠન હમાસે ૭મી ઓક્ટોબર, ૨૦૨૩એ ઈઝરાયેલ પર હુમલો કર્યો હતો, જેમાં લગભગ ૧૨૦૦ લોકો માર્યા ગયા હતા અને ૨૫૧ લોકોને બંધક બનાવ્યા હતા. ગાઝામાં હજુ પણ ૫૯ બંધક છે, એમાંથી ૨૪ જીવતા હોવાનો અંદાજ છે. બીજી તરફ, હમાસને ખતમ કરવા માટે ઈઝરાયેલે કરેલા હુમલામાં પેલેસ્ટાઈનના અત્યાર સુધીમાં ૫૦,૬૫૯ નાગરિકો માર્યા ગયા છે અને ૧૧૫,૩૩૮ નાગરિકો ઘાયલ થયા છે.

### ઈરાનમાં સામાન્ય પ્રજાની બચતોનું મોટા પાયે ધોવાણ થયું

## આર્થિક પ્રતિબંધોની અસરઃ એક ડોલરનું મૂલ્ય ૧૦.૪૩ લાખ ઈરાનીયન રિયાલ

### ટ્રમ્પે ઈરાનીયન ક્રૂડ ઓઈલનું વેચાણ કરતી કંપનીઓ ખાસ કરીને ચીનને સસ્તાં ભાવે વેચાણ કરતી કંપનીઓ પર આકરાં નિયંત્રણો મુક્યા છે

। (એજન્સી) તેહરાન, તા.૭ ।

અમેરિકા સાથે ચાલી રહેલાં તણાવ અને વિવિધ આંતરરાષ્ટ્રીય નિયંત્રણોને પગલે ઈરાનના ચલણ રિયાલના મૂલ્યમાં અભૂતપૂર્વ કડાકો જોવાયો હતો. કરન્સી માર્કેટમાં રિયાલનું મૂલ્ય ગગડીને નવા તળિયે સ્પર્શતા એક અમેરિકન ડોલરનું મૂલ્ય ૧૦,૪૩,૦૦૦ ઈરાનીયન રિયાલના નવા તળિયે જોવાયું હતું. ચલણના ભાવમાં પ્રવર્તી રહેલી ભારે અનિશ્ચિતતાને પગલે ઈરાનની રાજધાની તેહરાનમાં આવેલા વિદેશી હુંડિયામણની આપ-લે કરતાં મુખ્ય બજારમાં અનેક મની એક્સચેન્જર્સે પોતાની દુકાનો બંધ રાખી હતી. પારસી નવા વર્ષ નવરોઝની રજાઓ દરમિયાન કરન્સી એક્સચેન્જની અનેક દુકાનો બંધ રહેતાં માર્કેટ પર વધારાનું દબાણ સર્જાયું હતું. અમેરિકાના પ્રમુખ તરીકે બીજી વાર સત્તાના સૂત્રો સંભાળનાર ડોનાલ્ડ ટ્રમ્પે તહેરાન પર દબાણમાં વધારો કરી શક્ય તેટલાં વધુ નિયંત્રણો લાદવા ચક્રો ગતિમાન કર્યા છે. ટ્રમ્પે ઈરાનીયન ક્રૂડ ઓઈલનું વેચાણ કરતી કંપનીઓ ખાસ કરીને ચીનને સસ્તાં ભાવે વેચાણ કરતી કંપનીઓ પર આકરાં નિયંત્રણો મુક્યા છે. બજાર નિષ્ણાત મહેદી દરાબીના જણાવ્યાં અનુસાર, તાજેતરના મહિનાઓ દરમિયાન આંતરરાષ્ટ્રીય દબાણમાં થયેલાં વધારાને પગલે ઓઈલના વેચાણમાં ઘટાડો અને ફુગાવો વધવાની શક્યતાઓને પ્રબળ બનાવી છે. આ પરિબળોની અસર ચલણના મૂલ્ય પર થઈ છે.

### યુરોપીયન દેશો સાથે ગાઢ સંબંધો, ફ્રી ટ્રેડ ઝોનની આશા વ્યક્ત કરી

## ટ્રેડવોરથી કોઈને લાભ થવાનો નથી યુરોપીયન દેશોનું સૂચન મસ્કે સ્વીકાર્યું

### ટ્રેડ વોરથી કોઈને લાભ થવાની શક્યતા નહીં હોવાનો અભિપ્રાય સ્વીકારીને મસ્કે ઈટાલી સહિતના યુરોપીયન દેશો સાથે ગાઢ સંબંધોની આશા વ્યક્ત કરી હતી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૭ ।

અમેરિકાએ રેસિપ્રોકલ ટેરિફનો અમલ શરૂ કરતાં સમગ્ર વિશ્વના શેરબજારોમાં ગભરાટ ફેલાયો છે. અમેરિકામાં પણ મંદી અને મોંઘવારીનો ભય ઝળુંબી રહ્યો છે. મોટા ઉદ્યોગ પતિઓથી માંડીને સામાન્ય નાગરિકોમાં ટેરિફ વોરના સંભવિત પરિણામો અંગે ચિંતા પ્રવર્તી રહી છે ત્યારે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિકટના સાથી અને અબજોપતિ ઈલન મસ્કે પણ દબાતા અવાજે સૂર પૂરાવ્યો છે. ટ્રેડ વોરથી કોઈને લાભ થવાની શક્યતા નહીં હોવાનો અભિપ્રાય સ્વીકારીને મસ્કે ઈટાલી સહિતના યુરોપીયન દેશો સાથે ગાઢ સંબંધોની આશા વ્યક્ત કરી હતીઈટાલીના જમણેરી સત્તાધારી પક્ષ ઈટાલી લીગની કોન્ફરન્સ ફલોરેન્સ ખાતે યોજાઈ હતી. આ કોન્ફરન્સમાં લીગના નેતા અને ઈટાલીના ઉપ-પ્રમુખ મટ્ટેઓ સાલ્વિનિ અને ઈલન મસ્ક વચ્ચે વીડિયો કોન્ફરન્સથી વાત થઈ હતી. જેમાં સાલ્વિનીએ ઈટાલીના પ્રમુખ જ્યોર્જિયા મેલોનીની નીતિનો ઉલ્લેખ કરતાં અમેરિકા અને યુરોપ વચ્ચે મજબૂત અને ગાઢ સંબંધોની આશા વ્યક્ત કરી હતી. આ સાથે તેમણે અમેરિકા-યુરોપ વચ્ચે ઝીરો ટેરિફ ઝોન ઊભો કરવાની પણ તેમણે હિમાયત કરી હતી. ઈટાલીના આ સૂચનનો સ્વીકાર કરતાં ઈલન મસ્કે કહ્યું હતું કે, યુરોપ અને ઉત્તર અમેરિકા વચ્ચે ઝીરો ટેરિફ ઝોન હોવો જોઈએ અને ભવિષ્યમાં આ વિચાર સાકાર પણ થશે.

## WTO કરારોથી નુકસાન હોઈ ભારત નીકળી જાય : સ્વદેશી જાગરણ મંચ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે લાદેલી ટેરિફ વિશ્વ વેપાર સંગઠન (WTO)ના નિયમોનું સંપૂર્ણ ઉલ્લંઘન હોવાનો દાવો કરીને સ્વદેશી જાગરણ મંચ (SJM)એ રવિવારે માગણી કરી હતી કે અમેરિકાએ પારસ્પરિક ટેરિફ લાદ્યા પછી ભારતે તેની આંતરરાષ્ટ્રીય વેપાર વ્યૂહરચનાની પુનર્વિચારણા કરવી જોઈએ તથા WTOના TRIPS અને TRIMS જેવા શોષણકારી કરારોમાંથી નીકળી જવું જોઈએ. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના સહયોગી સંગઠને જણાવ્યું હતું કે બૌદ્ધિક સંપદા અધિકારોના વેપાર-સંબંધિત પાસાઓ (TRIPS) અંગેના કરારથી ભારતને રોયલ્ટી ખર્ચ સ્વરૂપમાં જંગીના નુકસાન થાય છે અને તેનાથી જાહેર આરોગ્ય પર નકારાત્મક અસર થાય છે.

## છત્તીસગઢની નવી ધમની બનશે ખરસિયા-પરમાલકસા ૫મી-૬ઠ્ઠી રેલ્વે લાઇન મળશે બમ્પર રોજગાર : રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ

। નવી દિલ્હી, તા.૭ ।

કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા મંજૂર કરાયેલા ખરસિયા-નયા રાયપુર-પરમાલકસા રેલ પ્રોજેક્ટ અંગે, રેલ્વે, માહિતી અને પ્રસારણ, ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે સોમવારે રેલ ભવન ખાતે આયોજિત એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ છત્તીસગઢની રેલ કનેક્ટિવિટીને બદલી નાખશે. આ પ્રોજેક્ટ પર ૮,૭૪૧ કરોડ રૂપિયા ખર્ચ થશે અને તે સમગ્ર છત્તીસગઢને એક છેડાથી બીજા છેડા સુધી કવરેજ મળશે.રેલ્વે મંત્રીએ કહ્યું કે ખરસિયા-પરમાલકસા ૫મી-૬ઠ્ઠી રેલ્વે લાઈન છત્તીસગઢમાં રેલ નેટવર્કની નવી ધમની જેવી છે. આનાથી ઓડિશા સરહદથી મહારાષ્ટ્ર સરહદ સુધી રેલ નેટવર્ક ની સુવિધા પ્રદાન કરશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર વ્યક્ત કરતા રેલ્વે મંત્રીએ કહ્યું કે આ ભારતના સૌથી મોટા પ્રોજેક્ટ્સમાંનો એક છે. આ છત્તીસગઢના રાયગઢ, જાંજગીર ચાંપા, બિલાસપુર, બલૌદા બજાર, દુર્ગ અને રાજનાંદગાંવ જેવા જિલ્લાઓ જોડાશે. આ અંતર્ગત ૨૧ સ્ટેશન બનશે અને ૪૮ મોટા બ્રિજ બનાવવામાં આવશે. સાથે જ ૩૪૯ નાના બ્રિજ બનશે. ૧૪ ફ્લાયઓવર અને ૧૮૪ અંડરપાસ નું નિર્માણ થશે. સ્થાનિક સ્તર પર રહેવાસીઓને અસુવિધા ન થાય તે માટે ૫ રેલ્વે ફ્લાયઓવર પણ બનાવવામાં આવશે.







રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટમાં ૬૧૫ કિમી લાંબા ટ્રેક નાખવામાં આવશે, જેનો રૂટ ૨૭૮ કિમી છે. આ રૂટના નિર્માણ પછી, ૮ થી વધુ મેલ/એક્સપ્રેસ ટ્રેનો ચલાવવામાં આવશે. આ રેલ નેટવર્કના નિર્માણથી લગભગ ૨૨ કરોડ લિટર ડીઝલની બચત થશે અને રેલ્વેને લગભગ ૨૫૦૦ કરોડ રૂપિયાનું ડીઝલ બચત થશે. રેલ મંત્રીએ કહ્યું કે ભગવાન રામના વનવાસ દરમિયાન માતા શબરીની કથા સાથે સંકળાયેલ લક્ષ્મી નારાયણ મંદિરને પણ આ રેલ નેટવર્ક સાથે જોડવામાં આવશે. બલૌદા બજાર અને ખરસિયા જેવા સિમેન્ટ ઉત્પાદનના મોટા ઔદ્યોગિક કેન્દ્રોને પણ આ નેટવર્ક સાથે જોડાશે.. શ્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે સ્થાનિક લોકોની સુવિધા માટે, રેલ્વે હવે બાયપાસ પદ્ધતિ અપનાવી રહી છે. આ અંતર્ગત, માલગાડીને શહેરની બહાર લઈ જવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. તે જ સમયે, પેસેન્જર ટ્રેનોને શહેરની અંદર પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે. આ રેલ્વે લાઈનના નિર્માણ દરમિયાન પણ આના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ ઉપરાંત, છત્તીસગઢના સાંસ્કૃતિક વારસા ડોકરા અને કોસા સિલ્કનું ઉત્પાદન કરતા વિસ્તારોને પણ રેલ્વે લાઈન દ્વારા જોડવામાં આવશે. આના કારણે, ૨ કરોડ મેન ડે જોબ રોજગારીનું સર્જન થશે.રેલ્વે મંત્રીએ કહ્યું કે કોંગ્રેસની આગેવાની હેઠળની યુપીએ સરકાર દરમિયાન છત્તીસગઢને લગભગ ૩૦૦ કરોડ રૂપિયાનું રેલ્વે ભંડોળ મળતું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, છત્તીસગઢનું રેલ્વે બજેટ હવે ૨૨ ગણું વધીને ૬૯૦૦ કરોડ રૂપિયાથી વધુ થઈ ગયું છે. વધુમાં, ૨૦૧૪ પછી, છત્તીસગઢમાં રેલ્વેના કામમાં અભૂતપૂર્વ ગતિ આવી છે. આ અંતર્ગત, ૧૧૨૫ કિમી નવા ટ્રેક બનાવવામાં આવ્યા છે, જે દુબઈના સમગ્ર રેલ્વે નેટવર્ક કરતા વધુ છે.

તેમણે કહ્યું કે છત્તીસગઢમાં રેલવેનું કુલ રોકાણ ૪૭ હજાર કરોડ રૂપિયાથી વધુ છે. આ અંતર્ગત, ૩૨ સ્ટેશનોનું પુનર્નિર્માણ કરવામાં આવી રહ્યું છે, અને તેમને સંપૂર્ણપણે નવા બનાવવામાં આવી રહ્યા છે. આમાંના ઘણા સ્ટેશનોના વિકાસ કાર્ય આ વર્ષના અંત સુધીમાં પૂર્ણ થશે. રાજ્યના મહત્વપૂર્ણ રેલ્વે પ્રોજેક્ટ્સ વિશે માહિતી આપતાં રેલ્વે મંત્રીએ જણાવ્યું હતું કે દલ્લી રાજરાથી રાવઘાટ સુધીની નવી લાઇન પૂર્ણ થવા જઈ રહી છે. હવે તેનાથી આગળ રાવઘાટ થી જગદલપુર રેલ્વે લાઈનનો ડીપીઆર બનાવવાનું કામ લગભગ પૂર્ણ થઈ ગયું છે. તેવી જ રીતે, ગેવરા-પેંડ્રા રોડ નવી લાઈન પર પણ કામ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે. આ ઉપરાંત રાજનાંદગાંવથી નાગપુર ત્રીજી લાઈન, ઝારસુગુડાથી બિલાસપુર ચોથી લાઈન, રાયપુર-કેન્દ્રી-ધામતરીથી અભનપુર-રાજિમ લાઈનને ગેજ કન્વર્ઝન દ્વારા બ્રોડગેજ બનાવવામાં આવી રહી છે. રાજનાંદગાંવથી ડોંગરગઢ ચોથી લાઈન, જગદલપુરથી કોરાપુટ, ધરમજાયગઢથી કોરબા નવી લાઈન, અનુપપુરથી અંબિકાપુર સુધી ડબલિંગ માટે પૂરતું ભંડોળ આપવામાં આવ્યું છે.

છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાય ને સંબોધતા રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે રાજ્યના લોકોએ જે અપેક્ષાઓ સાથે ડબલ એન્જિન સરકાર બનાવી છે તે પૂર્ણ કરવા નું કામ ભારતીય રેલ્વે કરી રહી છે. દરમિયાન, મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાયે જણાવ્યું હતું કે જ્યારથી કેન્દ્ર સરકાર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આવી છે, ત્યારથી છત્તીસગઢમાં રેલ્વે સંબંધિત હજારો કરોડ રૂપિયાના કામો ચાલી રહ્યા છે. છત્તીસગઢના છ-સાત જિલ્લાઓ નવા પ્રોજેક્ટ સાથે જોડાયેલા છે, તે રાજ્ય માટે સૌભાગ્યની વાત છે. સરકારે સ્ટેશનોના વિકાસ માટે કરોડો રૂપિયા આપ્યા છે, આનાથી રેલ્વે અને છત્તીસગઢનું ચિત્ર બદલાઈ જશે.

### ૧૨ વિદ્યાશાખાઓના ૭૯ અભ્યાસક્રમોના ૧૦,૪૧૫ યુવા છાત્ર-છાત્રાઓને પદવીઓ એનાયત

# રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને વીર નર્મદ યુનિવર્સિટીનો પ૬મો પદવીદાન સમારોહ યોજાયો

### ૨૧ ઋષિકુમારોએ શંખનાદ, વૈદિક મંત્રોચ્ચાર અને તૈત્તિરીય ઉપનિષદના શ્લોકગાન સાથે ભારતીય સંસ્કૃતિની પ્રાચીન ગુરૂકુળ પરંપરાને ઉજાગર કરી



। ગાંધીનગર, તા.૭ ।

કેન્દ્ર સરકારે ગુરુવાર, ૨૭ માર્ચ ૨૦૨૫ ના રોજ નવી સહકારી ટેક્સી સેવા સહકાર ટેક્સી શરૂ કરવાની જાહેરાત કરી છે. તેનો ઉદ્દેશ બાઈક, કેબ અને ઓટો સેવાઓ પૂરી પાડવાનો છે. આ સહકારી ટેક્સી સેવાની શરૂઆત ઓલા, ઉબેર અને રેપિડો જેવી ઓનલાઈન ટેક્સી માર્કેટમાં હાજર કંપનીઓને પડકાર આપશે. ગૃહમંત્રી અમિત શાહે આ યોજનાની જાહેરાત કરતા કહ્યું કે આ સેવાનો લાભ કોઈ મોટા ઉદ્યોગપતિને નહીં, પરંતુ ડ્રાઈવરોને મળશે.

કેન્દ્ર સરકારના આ પગલાનો ઉદ્દેશ્ય એક વૈકલ્પિક પરિવહન સેવા પૂરી પાડવાનો છે, જ્યાં ડ્રાઈવરો મોટી કંપનીઓને કોઈ લાભ આપ્યા વિના પૈસા કમાઈ શકશે. સંસદમાં આ પહેલની જાહેરાત કરતા કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું, સહકારી ટેક્સી દેશભરમાં ટુ-વ્હીલર ટેક્સીઓ, ઓટો-રિક્ષા અને ફોર-વ્હીલર ટેક્સીઓની નોંધણી કરાવશે. અમિત શાહે કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું સહકાર દ્વારા સમૃદ્ધિ ફક્ત એક સૂત્ર નથી. આને વાસ્તવિકતા બનાવવા માટે, સહકાર મંત્રાલયે છેલ્લા સાડા ત્રણ વર્ષમાં દિવસ-રાત કામ કર્યું છે. કેન્દ્રીય મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે આગામી મહિનાઓમાં સહકારી ટેક્સી સેવા શરૂ કરવામાં આવશે. ખાનગી કંપનીઓથી વિપરીત, આ સરકારી સેવા ખાતરી કરશે કે બધી કમાણી ડ્રાઈવરો પાસે જ રહે, જેનાથી તેમને વધુ નાણાકીય લાભ મળશે. અમિત શાહે કહ્યું કે આ ઉપરાંત, એક સહકારી વીમા કંપની પણ બનાવવામાં આવશે જે દેશના લોકોને વીમા સેવાઓ પૂરી પાડશે. તેમણે વધુમાં કહ્યું કે ટુંક સમયમાં તે ખાનગી ક્ષેત્રની સૌથી મોટી વીમા કંપની બનશે.

યાત્રી સાથી નામની આવી જ સેવા પશ્ચિમ બંગાળમાં પહેલેથી જ ચાલી રહી છે, જે પહેલા ફક્ત કોલકાતામાં જ ઉપલબ્ધ હતી. હવે તે સિલિગુડી, આસનસોલ અને દુર્ગાપુર જેવા શહેરોમાં પણ વિસ્તરી છે. યાત્રી સાથી ઝડપી બુકિંગ, સ્થાનિક ભાષામાં માહિતી, સસ્તા ભાડા અને ૨૪૮૭ ગ્રાહક સપોર્ટ પણ પ્રદાન કરે છે.

## જીવરાજ પાર્ક બ્લાસ્ટ કેસની તપાસ માટે ટીમના ધામા

। અમદાવાદ, તા.૭ ।

અમદાવાદના જીવરાજ પાર્ક ચાર રસ્તા નજીક જ્ઞાનદા સોસાયટીમાં રવિવારે AC ગોડાઉનમાં ભયંકર આગ લાગી હતી. આગ લાગ્યા બાદ મકાનમાંથી એક બાદ એક ૧૦થી વધુ બ્લાસ્ટ થયા હતા. આ ઘટનામાં એક મહિલા અને તેના પુત્રનું મૃત્યુ થયું છે, જ્યારે અન્ય કેટલાક લોકો દાઝી ગયા છે. રવિવારે લાગેલી આગની ઘટનાની તપાસ માટે ફોરેન્સિક ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને સેમ્પલ એકઠા કર્યા છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે સ્પાર્ક અથવા ગેસમાં લીકના કારણે આગ લાગી હોવાનું સામે આવ્યું છે. બનાવના સ્થળે ૧૩૦૦થી વધુ બ્યુટેન ગેસના કેન ઘરમાં સ્ટોર કરેલા હતા. ઉલ્લેખનીય છે કે ફાયર બ્રિગેડની એક ટીમ ફરીથી ઘટનાસ્થળે પહોંચી હતી. કારણ કે પડોશીના ઘરની અંદર હજુ પણ આગ હતી. આ બ્લાસ્ટના કારણે આસપાસના મકાનો અને વાહનો પણ બળીને ખાક થઈ ગયા હતા, જેથી સ્થાનિકોમાં ભયનો માહોલ ફેલાયો હતો.

### અઢી લાખથી વધુ વિદ્યાર્થીઓને બોજ પડશે

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નવા વર્ષથી પરીક્ષાની ફીમાં ૧૦ ટકાનો વધારો

**૨૦ વર્ષ બાદ ફીમાં રૂપિયા ૩૦ થી ૨૦૦નો વધારો કરવામાં આવ્યો છે**

। (એજન્સી) રાજકોટ, તા.૭ ।

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નવા વર્ષથી પરીક્ષાની ફીમાં ૧૦ ટકાનો વધારો કર્યો છે. અઢી લાખ વિદ્યાર્થીઓને નવા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬થી ફીનો માર ઝીલવો પડશે. ૨૦ વર્ષ બાદ ફીમાં રૂપિયા ૩૦ થી ૨૦૦નો વધારો કરવામાં આવ્યો છે. ફી વધારાને બોર્ડ ઓફ મેનેજમેન્ટ તરફથી મંજૂરી આપી દેવાઈ છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ આર્ટસ, કોમર્સ, સાયન્સ, લો, એજ્યુકેશન અને હ્યુમન રાઈટ્સ સહિત ફેકલ્ટીમાં ચાલતા અભ્યાસક્રમોની પરીક્ષા ફીમાં વધારો કરવાની જાહેરાત કરી છે. જેમાં બી.એ. અને બી.કોમ. માટે પરીક્ષા ફી ૨૭૦ થી વધારીને ૩૦૦ રૂપિયા કરવામાં આવી છે. જ્યારે MBA બેંકિંગ અને ફાઈનાન્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પરીક્ષા ફી ૧૦૦૦ થી વધારીને ૧૨૦૦ રૂપિયા કરવામાં આવી છે. માહિતી મુજબ, નવી ખાનગી કોલેજોને મંજૂરી આપવામાં આવી અને ૨૦૧ કરોડ રૂપિયાનું બજેટ વિવાદ વિના મંજૂર કરવામાં આવ્યું હતું. નવા કાયદા મુજબ, જિલ્લા સ્તરે ચાર કેન્દ્રો પરથી ડિગ્રી સ્તરના અંતિમ વર્ષ અથવા છેલ્લા ૨ સેમેસ્ટરની ઉત્તરવહીઓ તપાસવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ૧૨ માર્ચના રોજ મળેલી નાણાં સમિતિની ભલામણોને મંજૂરી આપવામાં આવી હતી. એટલે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું ૨૦૧ કરોડ રૂપિયાનું બજેટ કોઈપણ વિવાદ વિના મંજૂર થયું હતું. થોડા વર્ષ અગાઉ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલે નવા શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩થી અંડર અને પોસ્ટ ગ્રેજ્યુએટના જુદા જુદા સેલ્ફ ફાયનાન્સ કોર્સોની ટયૂશન ફીમાં ૧૦% નો વધારો કરવામાં આવ્યો હતો. બી.એ., બી.કોમ. જેવો સામાન્ય સ્નાતકનો કોર્સ કરવો હશે તો પણ વિદ્યાર્થીને ૪૫૦૦ સુધીનો વધુ ખર્ચ કરવો પડશે. ૭૦ હજાર વિદ્યાર્થીઓના માથે રૂ. ૩૦ કરોડનો બોજો પડશે. બીજા અને ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓને તેમની પાછલા વર્ષમાં ભરેલ ટયૂશન ફી મુજબ જ ટયૂશન ફી ભરવાની રહેશે. જે બાબતો બ્રોશરમાં લખવાની રહેશે. યુનિવર્સિટીમાં બીએસસી, બી.કોમ, બી.એ, બીસીએ, બીબીએના હાલ ૭૦ હજારથી વધુ વિદ્યાર્થીઓએ આવનારા વર્ષથી નવો પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓ ૬ સેમેસ્ટર ભણવા માટે ૪૭ હજારથી લઈ ૯૨ હજારની ફી ભરવી પડશે.

### હીરા ઉદ્યોગમાં ભયંકર મંદીની આશંકા!

# ડોનાલ્ડ ટ્રંપ ટેરિફના કારણે સુરતમાં રત્ન કલાકારો ચિંતામાં

### ટ્રંપે ગુજરાતના હીરા ઉદ્યોગને પડ્યા પર પાટું માર્યું છે, ૦ ટકા ટેરિફ હતો, હવે સીધો ૨૬ ટકા ટેરિફ લાગૂ થશે

। (એજન્સી) સુરત, તા.૭ ।

ટ્રંપના ટેરિફ કાર્ડની અસર ભારતના ડાયમંડ ઉદ્યોગ પર પણ જોવા મળશે. સુરતના ડાયમંડ ઉદ્યોગકારો આ ટેરિફને લઈ ચિંતિત છે. સુરત ડાયમંડ માર્કેટમાં ટેરીફની નકારાત્મક અસર ઉભી થવાની સંભાવના છે. હીરા ઉદ્યોગકાર દિનેશ નાવડિયાએ ચિંતા વ્યક્ત કરી છે. US રાષ્ટ્રપતિ ટ્રંપે ગુજરાતના હીરા ઉદ્યોગને પડ્યા પર પાટું માર્યું છે. ૦ ટકા ટેરિફ હતો, હવે સીધો ૨૬ ટકા ટેરિફ લાગૂ થશે. દિનેશ નાવડિયાએ જણાવ્યું કે, એક્સપોર્ટમાં પ્રતિ કેરેટ રૂ. ૨ લાખ સુધીનો વધારો થશે. હીરા ઉદ્યોગકાર દિનેશ નાવડિયાએ કહ્યું, ૩૫ ટકા માલ માત્ર અમેરિકામાં એક્સપોર્ટ થાય છે. ટેરિફને લઈ ડાયમંડ માર્કેટમાં નેગેટિવ ઈમ્પેક્ટ ઉભી થઈ છે. ૩૫ ટકા કટ એન્ડ પોલિશ બિઝનેસ અમેરિકામાં હતો. તેમણે જણાવ્યું કે, ૯.૫ બિલિયન ડોલરનું એક્સપોર્ટ વર્ષ ૨૦૨૩-૨૪માં થયું હતું. બે મહિનામાં ડાયમંડ માર્કેટમાં સુધારની આશા હતી. આ રીતની પરિસ્થિતિ રહી તો હીરા ઉદ્યોગમાં ભારે મંદી પ્રવર્તશે. ટેરીફને લઈ સમગ્ર વિશ્વના શેર બજાર પર તેની અસર જોવા મળી રહી છે. ભારતીય શેર બજારમાં તો હાહાકાર મચી ગયો છે. બે મહિનામાં ડાયમંડ બજારમાં સુધારો થશે તેવી આશા હતી પરંતુ જો આ જ રીતની પરિસ્થિતિ રહેશે તો હીરા ઉદ્યોગમાં ભયંકર મંદી પ્રવર્તશે તેવુ લાગી રહ્યું છે.

વૈશ્વિક વેપાર યુદ્ધની ચિંતા અને અમેરિકામાં મંદીના વધતા ભય વચ્ચે સોમવારે ભારતીય શેરબજારમાં ભારે ઘટાડો થયો હતો. શરૂઆતના કારોબારમાં સેન્સેક્સ ૩,૯૩૯.૬૮ પોઈન્ટ ઘટીને ૭૧,૪૨૫.૦૧ પર બંધ રહ્યો હતો, જ્યારે નિફ્ટી ૧,૧૬૦.૮ પોઈન્ટ ઘટીને ૨૧,૭૪૩.૬૫ પર બંધ રહ્યો હતો. તમામ ૧૩ મુખ્ય ક્ષેત્રોમાં ઘટાડો નોંધાયો હતો. બીએસઈના તાજેતરના ડેટા દર્શાવે છે કે બીએસઈ પર લિસ્ટેડ બધી કંપનીઓના બજાર મૂડીકરણમાં ૧૯ લાખ કરોડ રૂપિયાનો ઘટાડો થયો છે. આઈટી કંપનીઓ જે તેમની આવકનો મોટો હિસ્સો અમેરિકાથી કમાય છે. તેને ૭ ટકાનું નુકસાન થયું. વ્યાપક સ્મોલ-કેપ અને મિડ-કેપ સૂચકાંકો અનુક્રમે ૬.૨ ટકા અને ૪.૬ ટકા ઘટ્યા હતા. સમય જતાં સેન્સેક્સ અને નિફ્ટીમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ટ્રમ્પના ટેરિફ આતંકને કારણે વિશ્વભરના બજારોમાં વેચવાલી થઈ છે. ટ્રમ્પ વહીવટીતંત્રે તેની ટેરિફ યોજનાઓમાંથી પીછેહઠ કરવાના કોઈ સંકેતો દર્શાવ્યા નથી. તેની અસર આજે ભારતીય બજાર પર પણ પડી છે.

